# પ્રારંભિક શિક્ષણમાં ડિપ્લોમા
# (ડી.એલ.એડ.)

## અભ્યાસ- ૫૦૬
## સમાવેશક શિક્ષણ સંદર્ભે બાળકોને સમજવાં

વિભાગ- ૩

## સમાવેશક શિક્ષણ


**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષા સંસ્થાન**

એ- ૨૪-૨૫, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, સેક્ટર- ૬૨, નોઈડા

ગૌતમબુદ્ધ નગર, યુપી- ૨૦૧૩૦૯

વેબસાઈટઃ www.nios.ac.in

# વિભાગ-૩
# સમાવેશક શિક્ષણ

**વિભાગનાં એકમ**

યુનિટ ૭ : સમાવેશક શિક્ષણનો પરિચય

યુનિટ ૮: વિશેષ જરૂરિયાતવાળાં બાળકો **CWSN (Children with special need)** નો ખ્યાલ

યુનિટ ૯ : વિશેષ જરૂરિયાતમંદ બાળકોનું શિક્ષણ **(CWSN)**

યુનિટ ૧૦: અનુકૂલનશીલ કૌશલ્યનો વિકાસ, તેને સહાયક ઉપકરણો અને ખાસ ઉપાયો

# વિષયવસ્તુ


| ક્રમ | યુનિટ | પેજ નં. |
|---|---|---|
| યુનિટ ૭ : | સમાવેશક શિક્ષણનો પરિચય | ૧ થી ૨૨ |
| યુનિટ ૮: | વિશેષ જરૂરિયાતવાળાં બાળકો **CWSN (Children with special need)** નો ખ્યાલ | ૨૩ થી ૫૨ |
| યુનિટ ૯ : | વિશેષ જરૂરિયાતમંદ બાળકોનું શિક્ષણ **(CWSN)** | ૫૩ થી ૬૯ |
| યુનિટ ૧૦: | અનુકૂલનશીલ કૌશલ્યનો વિકાસ, તેને સહાયક ઉપકરણો અને ખાસ ઉપાયો | ૭૦ થી ૮૩ |

# યુનિટ ૭: સમાવેશક શિક્ષણનો પરિચય

**અનુક્રમ**


૭.૦ પ્રસ્તાવના

૭.૧ અધ્યયન હેતુઓ

૭.૨ સમાવેશક શિક્ષણની સંકલ્પના

૭.૨.૧ સમાવેશક શિક્ષણનો અર્થ અને સ્વરૂપ

૭.૨.૨ સમાવેશક શિક્ષણની આવશ્યકતા અને મહત્ત્વ

૭.૨.૩ અન્ય સંબંધિત સંકલ્પનાઓથી સમાવેશક શિક્ષણની ભિન્નતા

૭.૩ સર્વસમાવેશક શિક્ષણને અસરકર્તા પરિબળો

૭.૩.૧ વિદ્યાર્થીઓમાં વિવિધતા

૭.૩.૨ શિક્ષકોની તૈયારી

૭.૩.૩ માળખાકીય સુવિધાઓ

૭.૩.૪ સ્રોતોની ઉપલબ્ધતા

૭.૩.૫ મૂલ્યાંકનની પદ્ધતિ

૭.૪ સર્વસમાવેશક વર્ગખંડની રચના

૭.૪.૧ શિક્ષણસામગ્રીનો ઉપયોગ

૭.૪.૨ ભૌતિક વાતાવરણમાં પરિવર્તન

૭.૪.૩ ક્લાસરૂમ સંચાલન માટે સાદી રીત

૭.૪.૪ બાળક માટે મૈત્રીભાવપૂર્ણ મૂલ્યાંકનપદ્ધતિ

૭.૫ શિક્ષણથી વંચિત રહેવાની શક્યતા ધરાવતાં બાળકો

૭.૫.૧ શારીરિક ક્ષતિવાળાં દિવ્યાંગ બાળકો

૭.૫.૨ વંચિત પરિવારનાં બાળકો

૭.૫.૩ કન્યાઓ

૭.૫.૪ સર્જનાત્મકતાના વરદાન સાથે જન્મેલાં બાળકો

૭.૫.૫ અન્યઃ સરેરાશ કરતાં ઓછું શીખી શકનારાં, લઘુમતી સમાજનાં, ભૌગોલિક વિષમતામાં રહેતાં બાળકો

૭.૬ ઉપસંહાર

૭.૭ તમારી પ્રગતિ ચકાસો- ના જવાબો

૭.૮ સંદર્ભસૂચિ

૭.૯ સ્વાધ્યાય

## ૭.૦ પ્રસ્તાવના

દરેક બાળક તેના રાષ્ટ્ર માટે વિચારણીય છે. તેઓ ભાવિ દેશનાં નાગરિક છે. નાગરિકોના વ્યક્તિગત ફાળાથી જ સમગ્ર દેશનો વિકાસ શક્ય બને છે. આથી, તમામ બાળકોનાં આરોગ્ય, સુખ-સમૃદ્ધિ, સિદ્ધિ, યોગદાન, સલામતી અને સફળતા સાથે દેશને સીધી નિસબત હોય છે. બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ કાનૂન (આર.ટી.ઈ. ઍક્ટ-૨૦૦૯)નો અધિકાર એ આ ધ્યેયપ્રાપ્તિની દિશામાં તાજેતરમાં લેવાયેલું એક મહત્ત્વપૂર્ણ કદમ છે. આ રાષ્ટ્રીય મિશનની પરિપૂર્ણતા માટે શિક્ષક તરીકે આપણું યોગદાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વિવિધ વર્ગ કે જાતિના ભેદભાવ વિના દરેક વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીના સશક્તીકરણ માટે આપણો આ સમગ્ર પ્રક્રિયામાં સક્રિય ફાળો રહે તે મહત્ત્વનું છે. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાં વર્ગ-જાતિની વિવિધતા તેમની જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ, સામાજિક-આર્થિક પરિબળ, સાંસ્કૃતિક વિવિધતા કે વર્તણૂકને લગતી ભાવનાત્મક લાક્ષણિકતાઓ હોઈ શકે છે. દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થિનીના હકારાત્મક વિકાસ માટે દરેકને સમાન તક પૂરી પાડવાની હાકલ શિક્ષણ પ્રણાલીમાં છે. 'સર્વસમાવેશક શિક્ષણ' આ બાબતને સિદ્ધ કરવા માટે એક માર્ગદર્શક સિદ્ધાંત તરીકે ઊભરી આવ્યું છે.આ ખરેખર એક ખૂબ જ પ્રોત્સાહક તથા હકારાત્મક પગલું છે. આ યુનિટમાં સૌપ્રથમ તો આપણે એ શીખીશું કે સર્વસમાવેશક શિક્ષણ શું છે. આટલું આપણે એકવાર જાણી લઈશું પછી આપણને સમજાઈ જશે કે શા માટે આપણે તેનો ઉપયોગ કરવાનો છે તથા તે પ્રક્રિયાને અસરકારક એવાં પરિબળો કયાં કયાં છે. એવો એક વર્ગખંડ ઊભો કરવામાં શિક્ષક તરીકેની આપણી ભૂમિકાને સમજવા માટે આપણે પ્રયાસ કરીએ. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વર્ગખંડમાં કઈ બાબત સાથે અનુકૂળ થવા મથતાં હોય છે તે અંગે આપણે સ્પષ્ટ ખ્યાલ ધરાવીએ. આ યુનિટમાંથી પસાર થતી વખતે દરેક તબક્કે આપણે વિદ્યાર્થીઓ-બાળકોની વિભિન્ન પ્રકારની જરૂરિયાતોને અનુકૂળ થવા માટેની આપણી ભૂમિકાનું પૃથક્કરણ કરતા રહીશું. મને પૂરેપૂરી ખાતરી છે કે, આ પાઠમાંથી સંપૂર્ણ રીતે પસાર થતાં સુધીમાં આ રાષ્ટ્રીય મિશનને પરિપૂર્ણ કરવામાં આપણું યોગદાન આપવાની ઘડીનો આનંદ આપણે ઉઠાવી શકીશું.

નોંધ

## ૭.૧ અધ્યયન હેતુઓ

**આ યુનિટનો અભ્યાસ કર્યા બાદ આપ સૌ-**

- *સર્વસમાવેશક શિક્ષણ શું છે તે સમજી શકશો.*
- *સર્વસમાવેશક શિક્ષણની જરૂરિયાતને ન્યાય આપી શકશો.*
- *સર્વગ્રાહી શિક્ષણ અને સર્વસમાવેશક શિક્ષણ વચ્ચેનો તફાવત પારખી શકશો.*
- *સર્વસમાવેશક શિક્ષણને અસરકર્તા પરિબળોની યાદી તૈયાર કરી શકશો.*
- *સર્વસમાવેશક શિક્ષણ વંચિત રહેવાની શક્યતા ધરાવનારાં બાળકોને ઓળખી શકશો.*
- *વર્ગખંડમાં તથા શાળામાં સર્વગ્રાહિતા સુનિશ્ચિત કરનાર શિક્ષકગણની ભૂમિકા વર્ણવી શકશો.*

## ૭.૨ સર્વસમાવેશક શિક્ષણનો ખ્યાલ

*આપણા લોકશાહી દેશમાં નાગરિકોને સમાન તકની ખાતરી અપાયેલી છે. આપણા ઉપર આ બંધારણીય અધિકારો બક્ષેલા હોવા છતાં આપણા સમાજમાં પ્રચ્છન્નપણે ભેદભાવો સામાન્ય રીતે જોવા મળે છે. નાગરિકો ઉપર સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શારીરિક, બૌદ્ધિક તથા વર્તનનાં કારણોસર વિવિધ રીતે પ્રતિબંધોનો સામનો કરવો પડે છે. આ માત્ર બિનલોકશાહી જ નહીં, બલકે અકુદરતી પણ છે. ભેદભાવ કુદરતના નિયમથી વિરુદ્ધ છે. સૂર્યને પણ પોતાની ઉષ્મા અને પ્રકાશ આપવામાં કોઈ બંધન નથી, અને લહેરાતો વાયુ આ ભૂતળ ઉપર કોઈને પોતાની લહેરખી લૂંટવાની કદી ના પાડતો નથી. કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના પ્રકૃતિ તદ્દન મુક્તપણે દરેક વ્યક્તિને તેની તમામ ક્ષમતાઓના આધારે વિકસવાની પૂરેપૂરી તક પૂરી પાડે છે.*

*અમુક શાળાઓ અમુક વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો ઈનકાર કરે છે. શા માટે? કેટલાંક બાળકો શૈક્ષણિક તકોથી વંચિત રહી જાય છે. કોણ છે એ બાળકો? શિક્ષણમાં ભેદભાવની રીતને કારણે તથા શાળાએ જવાની ઉંમરે શાળામાં ગેરહાજરીની સ્થિતિને કારણે બાળકોનો સમાનતાનો તથા સમાજમાં સહભાગી થવાનો અધિકાર ઝૂંટવાઈ જાય છે. આવી પરિસ્થિતિમાં વ્યક્તિગત ક્ષમતાઓનું મૂલ્ય સંપૂર્ણપણે ઉપેક્ષા પામતું હોય છે. આ બાબતને સમજી-વિચારીને જ તમામ બાળકોને કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના શાળામાં આવકારવામાં સહકાર આપવા માટે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ઘોષણાઓમાં સમર્થન આપવામાં આવ્યું છે. તેથી તમામ બાળકોને શિક્ષણની એક સમાન તકો મળે તેવી શિક્ષણ પ્રણાલીને તાજેતરની બધી જ શિક્ષણયોજનાઓ તથા નીતિઓમાં ટેકો અપાયો છે. આ જ તત્ત્વદર્શન સાથે વિશ્વભરની લોકશાહીઓનાં વહીવટીતંત્રો સંમત છે. આ જ સિદ્ધાંત શિક્ષણક્ષેત્રમાં સર્વસમાવેશક શિક્ષણના નામે અસ્તિત્વમાં આવ્યો છે. બાળકોનો શિક્ષણમાં સમાવેશ કરવા પાછળ તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય તથા તેમની આંતરિક શક્તિઓનો વિકાસ થાય તે હેતુ રહેલો છે. બાહ્ય પરિબળોને કારણે લદાતી મર્યાદાઓ તુચ્છ બની રહે છે, પરંતુ આ બાબત જ મૂલ્યવાન બની જાય છે.*

*"મતભેદોને મિટાવી નાખવા એ સમસ્યા નથી, સમસ્યા એ છે કે મતભેદો સહિત કેવી રીતે એક અને અખંડ બની રહેવું ."*

*- રવીન્દ્રનાથ ટાગોર*

નોંધ

## ૭.૨.૧ સર્વસમાવેશક શિક્ષણનો અર્થ અને તેનું સ્વરૂપ

વ્યવસાયકર્તા તરીકે એક તબીબ પાસે એવી અપેક્ષા રહે કે તે એક સમયે એક દરદીને તપાસે, કોઈ વકીલ એક સમયે એક અસીલનો કેસ હાથમાં લે; કારણ કે તેમની મદદ માગનાર લોકોની સમસ્યાઓ ખૂબ જ વૈવિધ્ય ધરાવતી હોય છે. પરંતુ વ્યવસાયકર્તા તરીકે આપણે યુવા-માનસ ધરાવતા જૂથ સાથે કામ પાર પાડવાનું હોય છે. જૂથમાં વ્યક્તિગત જરૂરિયાતોને સમજીને ગુણવત્તાસભર શિક્ષણ આપવાનો આ વિચાર એક એકમ તરીકે સર્વસમાવેશક શિક્ષણ કહેવાય છે. તમને કદાચ નવાઈ લાગતી હશે કે, આ તો અમે કરી જ રહ્યાં છીએ, પણ આ પ્રક્રિયાને અમે તો કોઈ નામ આપ્યું નથી! તમારી વાત સાચી છે; આપણે પ્રાચીન કાળથી સૌ બાળકોને તેમની વિધવિધ પ્રકારની પાર્શ્વભૂમિકા છતાં શિક્ષણ આપતા આવ્યા છીએ. આપણે તેમની શક્તિઓ અનુસાર તેમને તૈયાર કરતા અને તેમને સ્વાવલંબી તથા સમાજને કંઈક ફાળો આપનારા બનાવતા આવ્યા છીએ. હમણાં હમણાંથી આપણે શિક્ષણમાં કેટલાંક પરિબળોના દબાણ હેઠળ આ લોકશાહી પદ્ધતિમાંથી દૂર થઈ ગયાં છીએ. હવે આપણે શિક્ષણક્ષેત્રના દૂરદર્શી મનીષીઓની સંકલ્પના મુજબ સર્વસમાવેશક શિક્ષણ શું છે તે સમજીએ અને શીખીએ.

જે બાળકો શિક્ષણપ્રણાલીમાં ઉપેક્ષાના શિકાર બની શકે એવો ભય છે તેવાં તમામ બાળકોને શિક્ષણ આપવાનો ઉપક્રમ સર્વસમાવેશક શિક્ષણમાં છે. વિદ્યાર્થી બાળકો એકસાથે એક સમાન શૈક્ષણિક જોગવાઈઓની સાથોસાથ શિક્ષણ ગ્રહણ કરે તેવી તેમાં અપેક્ષા છે. આમાં સૌથી મહત્ત્વનાં છે માતા-પિતા, સમાજ, શિક્ષકો, અધિકારીઓ અને નીતિ-નિયમોનું નિર્ધારણ કરનાર સત્તામંડળો. આ સૌએ બાળકોની વિવિધ પ્રકારની જરૂરિયાતો પ્રત્યે મદદગાર બનવાની જરૂર છે. આને સમસ્યા તરીકે જોવાને બદલે અનુભવ તરીકે જોવાની દૃષ્ટિ કેળવવી પડશે.

**નોંધઃ**

*સર્વસમાવેશક વર્ગખંડમાં આપણું મુખ્ય ધ્યાન શાના પર કેન્દ્રિત હોવું જોઈએ?*

*એક પરિસ્થિતિના માધ્યમથી સમજીએ.*

ધો. ૪ના વિદ્યાર્થીઓને ભાષાના પાઠ્યપુસ્તકમાંથી 'કેરી' નામનો એક પાઠ ભણાવવાની તૈયારી લતા કરી રહી હતી. જ્યારે કેરીની ઋતુ બરાબર જામી હોય અને કેરી પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ હોય ત્યારે કેરીનો પાઠ ચલાવવાનું આયોજન તેણે કર્યું હતું. તેણે દરેક વિદ્યાર્થી તથા વિદ્યાર્થિની પાસેથી એક એક રૂપિયો એકત્ર કર્યો અને પાકી કેરીઓ વર્ગમાં લાવી દીધી અને વિદ્યાર્થીઓનાં નાનાં નાનાં જૂથ પાડ્યાં. શાળાની નજીકમાં એક મોટા ઘટાદાર આંબાના વૃક્ષ નીચે સૌ વિદ્યાર્થીઓને જૂથમાં એકઠાં કર્યાં. દરેક જૂથની સામે બે બે કેરીઓ મૂકી. શિક્ષિકાએ પેલા પાઠમાં કેરીનાં જે રંગ, સ્વાદ, આકાર અને આકૃતિનું વર્ણન કરાયું હતું તે વાંચી સંભળાવ્યું. પાઠમાં આવતા નવા શબ્દો બધા વિદ્યાર્થીઓ લખતા હતા. પાઠમાં નવા આવતા શબ્દોના અર્થ શિક્ષિકા તેમની આગળ સમજાવતાં હતાં. વિદ્યાર્થીઓ જાતે જ કેરીને સ્પર્શ કરતાં, સૂંઘી જોતાં અને તેના અનન્ય આકારને નિહાળતા. કેરીનો આકાર કલાના ક્ષેત્રમાં ખૂબ જ જાણીતો છે તેને વિદ્યાર્થીઓએ શિક્ષિકાની સાડીમાં ઓળખી કાઢ્યો, જેમાં કેરીની આકૃતિઓ તથા ચિત્રો દોરેલાં હતાં તેવી કેટલીક કંકોતરીઓ તથા શુભેચ્છા કાર્ડ શિક્ષિકાએ તેમને બતાવ્યાં. કેરીના સ્વાદ સિવાયની તમામ બાબતો સમજી શકાતી હતી. પાઠ પૂરો કરતાં પહેલાં શિક્ષિકા લતાએ આંબાના વૃક્ષ નીચે મૂકેલા પાણીથી બાળકોને પોતાના હાથ ધોવાનું

નોંધ

જણાવ્યું. દરેક જૂથના એક વિદ્યાર્થીએ પાણી રેડ્યું અને બાકીનાએ હાથ ધોયા. બધા પોતપોતાના હાથ ધોઈને આવ્યાં ત્યાં સુધીમાં લતાએ દરેક જૂથની કેરીઓ કાપી રાખી. રસાળ, પાકી, સ્વાદિષ્ટ અને મોઢામાં પાણી લાવી દે તેવી સુગંધ ધરાવતી કેરીઓનો સ્વાદ બધાં બાળકોએ માણ્યો. હવે, સમગ્ર પાઠ દરમિયાન શિક્ષિકા લતા શું કરી રહ્યાં હતાં?

- દરેક બાળકને જે તે જૂથના સભ્ય તરીકે સ્વીકાર્યું.
- વર્ગખંડની ભૌતિક રીતે તથા વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ પુનર્રચના કરી.
- પ્રવૃત્તિઓમાં વર્ગનાં બધાં જ બાળકો ભાગ લે તેવી રીતે તેનું આયોજન કર્યું.
- બાળકોની વિવિધતા અનુસાર શાળામાં પ્રવૃત્તિઓ કરાવવા પર તેનું ધ્યાન હતું.

ઉપરના વર્ણન પરથી અનેક બાબતો તમે અલગ તારવી શકો છો. અહીં આપેલી જગ્યામાં તે લખોઃ

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

બધાં જ બાળકો અસરકારક શિક્ષણ મેળવે તેમાં જ આ સમાવેશન સંપૂર્ણ આવી જાય છે. તકોની સમાનતાના સામાજિક મોડલ ઉપર તે આધારિત છે. કુદરતના એક ભાગ તરીકે તથા માનવતાના નાતે વિવિધતા તથા વિભિન્નતાને સ્વીકારવાના અને સન્માનવાના સિદ્ધાંત ઉપર આ કામગીરી આધારિત છે.

## ૭.૨.૨ સર્વસમાવેશક શિક્ષણની આવશ્યકતા તથા મહત્તા

શિક્ષણની પ્રાપ્તિ દરેક બાળકનો અધિકાર છે. માનવતાની વૃદ્ધિ માટે સમાજને લોકોની વિવિધતાની જરૂરિયાત હોય છે. સર્વસમાવેશક શિક્ષણ આ હેતુની પરિપૂર્તિ માટે મહત્ત્વનું પરિબળ બની રહે છે. સર્વસમાવેશક શિક્ષણની જરૂરિયાતને આપણે વિવિધ દૃષ્ટિકોણથી સમજીએ.

**માનવાધિકારઃ**

- તમામ બાળકોને એકસાથે ભણવાનો અધિકાર છે.
- બાળકોની ભણવાની શક્તિ, સામાજિક-આર્થિક- સાંસ્કૃતિક અને પારિવારિક પીઠબળના આધારે કોઈ તેમની સાથે ભેદભાવ કરી ન શકે.

***શિક્ષણ***

- સંશોધન એવું પુરવાર કરે છે કે, સર્વસમાવેશક શિક્ષણમાં બાળકો શૈક્ષણિક તથા સામાજિક રીતે ખૂબ સારો દેખાવ કરે છે.

નોંધ

## સમાવેશક શિક્ષણનો પરિચય

- જો પ્રતિબદ્ધતા અને આધાર કામ કરવામાં આવે તો સર્વસમાવેશક શિક્ષણ શૈક્ષણિક સંસાધનોનો વધારે અસરકારક ઉપયોગ છે.

**સામાજિક**

- તમામ બાળકો પોતાની આસપાસ વિવિધ પ્રકારના લોકો સાથે સંબંધો વિકસાવે છે અને આ બાબત તેમને મુખ્ય પ્રવાહમાં ભળીને જીવવા માટે તૈયાર કરે છે.
- ભયને ઘટાડવાની તથા મૈત્રીપૂર્ણ સંબંધ બાંધવાની ભરપૂર શક્યતાઓ સમાવેશનમાં રહેલી છે.
- બાળકોમાં પરસ્પર સન્માન, સમજ તથા કરુણામાં વધારો થાય છે.

**મનોવૈજ્ઞાનિક**

- સમૂહમાં પોતે સલામત હોવાની ભાવનાનો વિકાસ
- વિવિધતામાં પણ બાળકોની વ્યક્તિગત ક્ષમતા-દક્ષતા ઉપર વિશ્વાસ

બાળકોના વિકાસમાં આ સર્વસમાવેશક શિક્ષણ વિવિધ પ્રકારે મદદરૂપ નીવડે છે. ખાસ પ્રકારના પડકાર ધરાવતાં બાળકો શારીરિક, ચેતનાત્મક અને સામાજિક વિકાસ તેમજ યાંત્રિક કૌશલ્યો ધરાવતાં થાય છે. તેમની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સામાન્ય વાતાવરણ જ્યારે અનુકૂળ થાય છે ત્યારે તેઓ વધારે સારો દેખાવ કરે છે. બાળકો શાળામાં સામાન્ય વિવિધતા ધરાવતા લોકો તથા અમુક પ્રકારે વંચિત રહી ગયેલા લોકો સાથે સહિષ્ણુતાનો વિકાસ કરે છે. બાળકોને આપણે શિક્ષણ-વ્યવસ્થામાંથી બહાર રાખીએ છીએ ત્યારથી જ સમાજમાં સીમાંકનનો પાયો નંખાય છે. પછી આવાં બાળકોને સમાજના કોઈ પણ કાર્યમાં પ્રવૃત્ત કરવાં તે મુસીબત બની રહે છે. આમ, સર્વસમાવેશક શિક્ષણ એક સમાવેશક સમાજનો પ્રારંભ કરી દે છે, જેમાં વિવિધતાને આવકાર છે, સન્માન છે અને તેની માન્યતા છે. (માનવસંસાધન વિકાસ મંત્રાલય-૨૦૦૫).

**સર્વસમાવેશક શિક્ષણના ફાયદા**

- સર્વસમાવેશક શિક્ષણથી ગરીબી તથા વંચિતપણાનું ચક્ર ભેદી શકાય છે.
- બાળકો પોતાના પરિવારો તેમજ સમાજ સાથે રહેવા પ્રોત્સાહન મેળવે છે.
- તમામ વિદ્યાર્થીઓના લાભાર્થે શાળાનું વાતાવરણ પણ સુધરે છે.
- સમાજના દરેક વર્ગમાં રહેલા ભેદભાવને દૂર કરવામાં આ કામગીરી મદદરૂપ નીવડે છે.
- દેશના વિકાસ માટે દરેક નાગરિકના વ્યાપક રસને આ કામગીરીથી પ્રોત્સાહન મળે છે.



નોંધ

*સર્વસમાવેશક શિક્ષણની તમારી સમજ અનુસાર તમે આ યાદીમાં જે કંઈ ઉમેરવા માગતા હો તે ઉમેરી શકો છો:*

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## ૭.૨.૩ સર્વસમાવેશક શિક્ષણઃ અન્ય પદ્ધતિઓથી અલગ તરી આવતું શિક્ષણ

*થોડાંક વર્ષોથી 'સંકલિત શિક્ષણ' પરિભાષાને બદલે હવે 'સર્વસમાવેશક શિક્ષણ' એવું બોલાય છે. શિક્ષણકાર્ય સાથે સંકળાયેલા ઘણા લોકો આ બે શબ્દોને એકબીજાના પર્યાય સમજે છે, અને ફક્ત શબ્દોની ફેરબદલી જ ગણે છે. પરંતુ 'સંકલિત શિક્ષણ' કરતાં 'સર્વસમાવેશક શિક્ષણ' શબ્દો ઘણો વિશેષ અર્થ ધરાવે છે. અગાઉનાં વર્ષોમાં દિવ્યાંગ બાળકોની સાથેના ભેદભાવને અટકાવવા તથા તેમને શિક્ષણ આપવા માટે 'સંકલિત કરવાં' તથા 'મુખ્ય પ્રવાહમાં ભેળવવાં' એવા શબ્દપ્રયોગો થવા લાગ્યા છે. પરંતુ સર્વસમાવેશક શિક્ષણ એ બહુ વિસ્તૃત અર્થમાં વપરાતા શબ્દો છે, જેમાં શિક્ષણના હેતુ માટે બાળકોને છૂટાં ન પાડવાનો સંદેશ છે. આ શબ્દોને આપણે સ્પષ્ટપણે સમજીએ.*

### મુખ્ય પ્રવાહમાં ભેળવવાં

*શરૂશરૂમાં દિવ્યાંગ બાળકોને શિક્ષણની સાધારણ પદ્ધતિથી જ શિક્ષણ આપવાનો પ્રયાસ થયો હતો. અને તે રીતે એવાં બાળકો માટેની અલાયદી અને વિશેષ શાળાઓ તેમને તૈયાર કરતી અને તૈયાર થયેલાં બાળકોને સાધારણ શાળાઓમાં દાખલ કરાતાં. અહીં 'તૈયાર' શબ્દને એ રીતે સમજવાનો હતો કે તે બાળકો શાળાની શૈક્ષણિક તથા સામાજિક માંગ પૂરી કરી શકશે. આ કામગીરીને 'મુખ્ય પ્રવાહમાં લાવવાં' એમ ગણવામાં આવી હતી.*

### એકીકરણ

*આ શબ્દનો ઉપયોગ દિવ્યાંગ બાળકોની સાધારણ બાળકો સાથે વિવિધ શૈક્ષણિક કામકાજમાં સહભાગીદારીનું વર્ણન કરવા માટે કરાયો હતો. એમાં ભાગ લેવાની જવાબદારી બાળકની પોતાની રહેતી. આવાં બાળકોને સામગ્રી કે ભણવા-ભણાવવાની પદ્ધતિની દૃષ્ટિએ તેમની જરૂરિયાતો તથા આવશ્યકતાઓની સાથે અનુકૂલન સાધવા માટે પણ વર્ગખંડો તથા શાળાઓ પૂરતી તૈયાર નહોતી. તેમને બેસાડવા માટે પણ એક જ સ્થાન હતું (એક જ વર્ગખંડમાં સૌને બેસાડવાં પડતાં) અને બીજી તરફ, તે વ્યવસ્થા જે-તે સંસ્થાની પણ ન હોય, એવુંય બનતું.*

### સમાવેશન

*આ મુજબના વિચારો તથા વ્યવહારોના કારણે આપણને 'સર્વસમાવેશક શિક્ષણ'નો એક વિસ્તૃત અને લોકશાહી દૃષ્ટિકોણ પ્રાપ્ત થયો તે નિ:શંક બાબત છે. આનો સંદર્ભ એ છે કે, શાળાઓનું સમુદાયોની જેમ એ રીતે પુનઃ ઘડતર કરવું કે જ્યાં એક સમાન વાતાવરણમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના તમામ બાળકો ભણી શકે. સર્વસમાવેશક શિક્ષણની સામાન્ય વિચારધારા એ છે કે,*



નોંધ

## સમાવેશક શિક્ષણનો પરિચય

વર્ગખંડમાં તમામ બાળકોને અપાતા શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સારી શિક્ષણપદ્ધતિ, શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સારો તંદુરસ્ત સંબંધ બંધાય. વિદ્યાર્થીની વ્યક્તિગત જરૂરિયાતને પહોંચી વળવા માટે નિયમિત વર્ગખંડના વાતાવરણને પણ અનુકૂળ કરવામાં આવે. બાળકોને એક જ સમયે એકસાથે બેસાડીને તેમનું એકીકરણ કરીને અભ્યાસક્રમમાં યોગ્ય ફેરફાર કરીને, વધારે સમય આપીને, શિક્ષણની ખાસ પદ્ધતિઓ અખત્યાર કરીને અને વિશેષ મજબૂત મદદ પૂરી પાડીને તેમને લાભ આપવામાં આવે.

**સંકલિત શિક્ષણ તથા સર્વસમાવેશક શિક્ષણ વચ્ચેનો ભેદ**

આ બંને પદ્ધતિઓ એક જ હેતુ ધરાવે છે અને નિયમિત શાળામાં દિવ્યાંગ બાળકોની બેસવાની જગ્યા સાથે બંને સંકળાયેલી છે. આ સમાનતાને બાદ કરતાં તે બંને ઘણી રીતે જુદી પડે છે.

સંકલિત પદ્ધતિમાં દિવ્યાંગ બાળકોને તથા મોટાંઓને મુખ્ય પ્રવાહની નિયમિત શાળાઓમાં સમાવિષ્ટ કરવાની પ્રક્રિયા છે. સંકલિતમાં એવા બાળકને તે પદ્ધતિમાં 'બંધબેસતું' કરી દેવાની પ્રક્રિયા પર ભાર મુકાય છે. સંકલિતમાં દિવ્યાંગ બાળકને જે તે વર્તમાન પરિસ્થિતિમાં બંધબેસતું થવા માટે તૈયાર થવું પડતું હતું. તેમાં એવા બાળકને વર્ગખંડની અપેક્ષાઓને અનુકૂળ થવાનું રહેતું. દા.ત. બહેરાં બાળકોને સાંભળવાનાં યંત્રો (હિયરિંગ એઈડ) સાથે બેસાડવામાં આવતાં. રિસોર્સ રૂમમાં તેમને સાંભળવાનું તથા બોલવાનું શિખવાડવાની તાલીમ અપાય. એ જ રીતે, પ્રજ્ઞાચક્ષુ (અંધ) બાળકોને કાં તો રિસોર્સ રૂમમાં મોકલવામાં આવતાં અથવા તો બ્રેઈલ લિપિ શીખવા માટે ખાસ કેન્દ્રો પર મોકલી દેવાતાં. જેઓ હરવા-ફરવાની વિકલાંગતા ધરાવતાં હોય તેવાં બાળકોને તેમના માટે સહાયક ઉપકરણો અપાય. શાળા/વર્ગખંડનું બાહ્ય માળખું પણ સુધારવામાં આવે, જેથી બાળક પોતાની રીતે શાળાએ પહોંચી શકે છે. લોકોની માનસિકતાને બદલવાની દિશામાં આ ખરેખર એક આવકાર્ય પગલું હતું.

હા, સંકલિત પદ્ધતિએ આપણને સર્વસમાવેશક પદ્ધતિના અમલ માટે તૈયાર કર્યા તેમાં શંકા નથી. સર્વસમાવેશક શિક્ષણપદ્ધતિ કાર્ય કરવાનો એક માર્ગ અને વિચારવાની એક પદ્ધતિ છે, જે તમામ સંદર્ભમાં તમામ બાળકોને લાગુ પડે છે. સર્વસમાવેશક શિક્ષણપદ્ધતિ બાળકને બદલવાને બદલે સિસ્ટમને બદલવા પર ભાર મુકે છે. સર્વસમાવેશક શિક્ષણમાં દિવ્યાંગ બાળકો ઉપરાંત જેઓ શિક્ષણની બાબતમાં જોખમ હેઠળ છે તેવાં બાળકો પણ સામાન્ય શિક્ષણ વર્ગખંડના સભ્યો હોય છે. વર્ગખંડમાં ચાલતી દરેક પ્રવૃત્તિમાં દરેક વિદ્યાર્થીને ભાગ લેતો કરવા માટે પૂરતી સહાય કરવા પર અહીં ભાર મુકાય છે. અહીં તો સિસ્ટમે પોતે જ વિદ્યાર્થીઓની જરૂરિયાતો અનુસાર તેમને સુધારેલા અભ્યાસક્રમ, સામગ્રીઓ તથા સાધનો સ્વયં જ સુધારો કરવાનો હોય છે. આવી સહાયમાં વધારાનો સ્ટાફ રાખવો, સલાહ-સૂચન કરવાં અને વર્તમાન સ્ટાફ માટે ખાસ તાલીમ યોજવા જેવી બાબતોનો પણ સમાવેશ થઈ શકે. તમામ બાળકો માટેની અભ્યાસની કે ઈતર પ્રવૃત્તિઓની જગ્યાઓની સુધારણા કરવી અને બાળકો આ સ્થિતિમાં ભાગ લેવા માટે પૂરતાં તૈયાર નથી તેવું તેમને લાગે પણ નહીં તે રીતે આ કરવું. નીચે દર્શાવેલું કોષ્ટક આ તફાવતને વધારે સ્પષ્ટ રીતે રજૂ કરે છે:

**સંકલિત શિક્ષણ અને સર્વ સમાવેશક શિક્ષણ વચ્ચેના તફાવતનો કોઠો**

| સંકલિત શિક્ષણ | સર્વસમાવેશક શિક્ષણ |
|---|---|
| • સારાં બાળકોની શાળામાં વિકલાંગ બાળકને મૂકી શકાય. | • દિવ્યાંગ બાળકોની સાથોસાથ શિક્ષણની બાબતમાં જોખમી સ્થિતિ ધરાવતાં બાળકોને પણ નજીકની શાળામાં સ્થાન અપાવવું. |
| • દિવ્યાંગ બાળકો સાથે ભેદભાવ ન રાખવો. | • દિવ્યાંગ બાળકો સાથે સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક કે ભાષાના આધારે પણ ભેદભાવ ન રાખવો. |
| • બાળકોને પ્રવર્તમાન શિક્ષણવ્યવસ્થા માટે તૈયાર કરવાં. | • શિક્ષણપ્રણાલીમાં જ ઇચ્છનીય રૂપાંતર કરવું. જેનાથી તે બાળકોની જરૂરિયાત મુજબનું બને. |
| • ખાસ મદદ માટે બાળકોને રિસોર્સરૂમમાં મોકલવાં. | • બાળકોની જરૂરિયાતો મુજબ બધી વ્યવસ્થા તેમના વર્ગખંડમાં જ ઉપલબ્ધ કરવી. |
| • બાળકોની અક્ષમતાઓને ઉજાગર કરવામાં આવે છે. | • બાળકોને કદી એવું લાગવું ન જોઈએ કે તેઓ કોઈ રીતે બિનકાર્યક્ષમ છે. સમગ્ર અભ્યાસક્રમ તથા અભ્યાસેતર પ્રવૃત્તિઓ ખાસ જરૂરિયાતો અનુસાર બદલવી. |

ભારતીય સમાજનું અનન્યપણું તેના 'વિવિધતામાં એકતા'ના ગુણમાં રહેલું છે. કોઈ પણ દેશની શિક્ષણ વ્યવસ્થા સામાજિક તંત્રની સમાંતર ચાલતી હોય છે. હમણાં થોડા સમયથી વિકાસ તથા પ્રગતિની પ્રક્રિયામાં એકતા કરતાં વિવિધતા વધારે ડોકાય છે. જ્ઞાતિઓના ચડતા-ઊતરતા ક્રમ, આર્થિક સ્તર, લિંગની અસમાનતા, અસમાન શહેરી વિસ્તરણ સૌના માટે શિક્ષણના માર્ગમાં મોટાં કૃત્રિમ વિઘ્નો બનીને ઊભાં છે. હવે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સર્વસમાવેશક શિક્ષણના છત્ર હેઠળ વંચિત જૂથો સુધી શિક્ષણનું વિસ્તરણ એક અધિકાર તરીકે કરવા માટે પ્રતિબદ્ધ થઈ છે. વિવિધતાની વિસ્તરતી જતી ખાઈ છતાં આપણે વર્ગખંડથી શરૂ કરીને આપણી એકતા સાબિત કરવાની છે.

નોંધ

**તમારી પ્રગતિ ચકાસો- ૧**

૧. સર્વસમાવેશક શિક્ષણ એટલે શું?

..................................................................................

..................................................................................

..................................................................................

૨. સર્વસમાવેશક વર્ગખંડમાં શિક્ષકે વધારે ધ્યાન કેન્દ્રિત કરવા માટેનાં કોઈ પણ બે ક્ષેત્રો દર્શાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

૩. સર્વસમાવેશક શિક્ષણના કોઈ પણ બે ફાયદાની યાદી બનાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

૪. સંકલિત તથા સર્વસમાવેશક શિક્ષણ વચ્ચેના કોઈ પણ બે તફાવતો લખો.

..................................................................................

..................................................................................

..................................................................................

## ૭.૩ સર્વસમાવેશક શિક્ષણને અસરકર્તા પરિબળો

આપણે જાણીએ છીએ તેમ સર્વસમાવેશક શિક્ષણની વૈશ્વિક પ્રથા છે. આ કાર્યક્રમની જ્વલંત સફળતા માટે તેની અમલીકરણ સંસ્થાઓએ બાળકોના અધિકારોનો સ્વીકાર કરવો પડશે. શાળાઓએ પોતાના સમુદાયોમાં બાળકોની ક્ષમતાઓની બાબતમાં નિરપેક્ષ રહીને તમામ બાળકોની જરૂરિયાતો પૂરી પાડવી પડશે. આમ તો આ વિચાર ઘણો સરળ લાગે છે, પરંતુ ઘણાં નોંધપાત્ર વિઘ્નો આ ધ્યેયોને સિદ્ધ કરવાના માર્ગમાં ઊભાં છે. સર્વસમાવેશક શિક્ષણના તત્ત્વજ્ઞાનને/વિચારને/ખ્યાલને પૂર્ણ કરવાના રસ્તામાં કેટલીક મુસીબતો છે પણ ખરી, અને તેમાંની કેટલીક મુશ્કેલીઓની ચર્ચા આ વિભાગમાં કરવામાં આવી છે.

## ૭.૩.૧ વિદ્યાર્થીઓમાં વિવિધતા

એક જ વયજૂથનાં બાળકોમાં પણ અનેક પ્રકારની વિવિધતા જોવા મળતી હોય છે. પોતાની પારિવારિક પાર્શ્વભૂમિ, પ્રેરણા, શીખવાની ક્ષમતા, શિક્ષણમાં સફળતા તરફ દોરી જતી તેમની પોતાની વ્યક્તિગત ગુણવિશિષ્ટતાઓ, વલણો, રસરુચિ અને પ્રતિબદ્ધતાઓ બાળકે-બાળકે અલગ પડે છે. આવી વિસ્તૃત વિવિધતા ધરાવતાં બાળકોને એક જ જૂથમાં ભણાવવાં એક કપરું કામ છે.

## ૭.૩.૨ શિક્ષણની સ્વયંબધ્ધતા

બાળકની અલગ અલગ જરૂરિયાતને ઓળખી કાઢવાના કૌશલ્યથી શિક્ષકે સજ્જ થવાનું હોય છે. પરંતુ શિક્ષક-તાલીમ કાર્યક્રમમાં આ મુદ્દો ભાગ્યેજ ધ્યાન પર લેવાય છે. વાસ્તવમાં દૈનિક ધોરણે વર્ગખંડમાં વિવિધતાની બાબતમાં કામ પાર પાડવા માટે શિક્ષકોને કેટલીક ખાસ તાલીમ આપવાની જરૂર પડતી હોય છે. આપણા દેશમાં આ જરૂરિયાત પૂરી થતી નથી, તેથી સર્વસમાવેશક શિક્ષણના અમલીકરણની સામે તે એક જોખમ ઊભું કરે છે.

## ૭.૩.૩ માળખાકીય સુવિધાઓ

વર્ગખંડનું બાહ્ય સ્થળ, જગ્યાનો અવકાશ તથા ગોઠવણ સર્વસમાવેશક શિક્ષણમાં મદદરૂપ નીવડે તેવાં જરૂરી પરિબળો છે. શીખવા-ભણવાની કામગીરીમાં જરૂરી પાયાની સવલતોનો આપણા દેશની મોટા ભાગની શાળાઓમાં અભાવ છે. અવાજ-ઘોંઘાટથી દૂરનું સ્થળ, યોગ્ય હવા-ઉજાસવાળા ઓરડાઓ, વર્ગખંડમાં અંદર અને બહાર મુક્તપણે હરી-ફરી શકાય તેવી જગ્યા, રમવા માટેનાં મેદાનો તથા અન્ય અભ્યાસેતર પ્રવૃત્તિઓ માટેની જોગવાઈ સર્વસમાવેશક શિક્ષણને ટેકારૂપ એવી ખૂબ જ જરૂરી બાબતો છે.

## ૭.૩.૪ સંસાધનોની ઉપલબ્ધતા

આપણી શાળાઓએ બાળકોને ભણાવવાની તેમની કામગીરીમાં આધારરૂપ એવાં સંસાધનોની ઉપલબ્ધતા માટે હજી ખાંખાંખોળા કર્યા નથી. ભણવાની સામગ્રીની વિવિધતાનો ઉપયોગ કરવાના કૌશલ્યથી શિક્ષક સજ્જ નથી. યોગ્ય સામગ્રી વિના વર્ગખંડમાં શિક્ષકગણ વિવિધ ભણાવવાની જરૂરિયાત સાથે કામ પાર પાડવાની કામગીરીને મુશ્કેલ ગણે છે.

અમુક વર્ગોનાં બાળકોને સંભાળવામાં વ્યાવસાયિક લોકોનો સહયોગ ખૂબ જ જરૂરી હોય છે. કેટલાંક બાળકોની શિક્ષણપ્રક્રિયામાં મદદરૂપ થવા માટે મનો ચિકિત્સકો કાર્યકરો, ઑડિયોલોજિસ્ટો, સ્પીચ લૅંગ્વેજ પેથોલોજિસ્ટો, સાયકોથેરાપિસ્ટો, વ્યાવસાયિક થેરાપિસ્ટોની જરૂર હોય છે. પરંતુ આપણે ત્યાં આ ક્ષેત્રમાં ખૂબ જ મર્યાદિત લોકો છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં શાળાઓ માટે કુશળતાપ્રાપ્ત અને નિષ્ણાત લોકો મળવા એ બહુ જ દૂરની વાત છે.

*"એકલપંડે આપણે આટલું કરીએ તો સાથે મળીને ઘણું કરી શકીએ!" - હેલન કેલર*

નોંધ

## ૭.૩.૫ મૂલ્યાંકન પદ્ધતિ

આપણે ત્યાં શાળાકીય પરીક્ષાઓની વ્યવસ્થામાં એટલી જડતા છે કે બાળકનું મૂલ્યાંકન જ સદંતર ખોટું થતું જોવા મળે છે.

વિવિધ પ્રકારના વિદ્યાર્થી માટે વિવિધ પ્રકારની મૂલ્યાંકન પદ્ધતિનો ઉપયોગ કરવાની જરૂર છે. જો કોઈ બાળક લખી ન શકતું હોય તો તેની અન્ય શક્તિ-સંપન્નતાઓ કે ગુણવિશિષ્ટતાઓ જાણે કે દબાઈ જાય છે! લખવા-વાંચવા સિવાયની કોઈ મૂલ્યાંકન-પદ્ધતિની બાળકને જરૂર હોય તોપણ આપણે બાળકને તે વિકલ્પ આપતા નથી. આનાથી વિદ્યાર્થી-બાળકને હતાશાનો સામનો કરવો પડે છે અને તે શાળામાં ભણવાનું છોડી દે છે, જે સર્વસમાવેશક શિક્ષણના હેતુ માટે એક મહત્ત્વનું નકારાત્મક પરિબળ બની રહે છે.

દરેક વ્યક્તિ પ્રતિભાસંપન્ન છે જ, પણ તમે માછલીની ઝાડ પર ચડવાની ક્ષમતાના આધારે તેનું મૂલ્યાંકન કરો તો બિચારી આખી જિન્દગી પોતાની જાતને ડફોળ જ માનતી રહેશે!

– આલ્બર્ટ આઈન્સ્ટાઈન

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. સર્વસમાવેશક શિક્ષણને અસર કરનારાં કોઈ પણ ચાર પરિબળોની યાદી બનાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

## ૭.૪ સર્વસમાવેશક વર્ગખંડની રચના

ઉપર્યુક્ત વિભાગમાં આપણે શિક્ષણના ક્ષેત્રમાં દ્રષ્ટાઓના સ્વપ્નને સાર્થક કરવાના માર્ગમાં આવતાં વિઘ્નોનો વિચાર કર્યો. સર્વસમાવેશક શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્ર કે રાજ્ય સરકારોની જે કંઈ નીતિ હોય, પરંતુ કામગીરી તો વર્ગખંડમાં શિક્ષકોએ જ કરવાની રહે છે. તેથી, આપણે વર્ગખંડમાં અસરકારક બનવા માટે આપણી ભૂમિકાને સ્પષ્ટપણે સમજીએ.

સર્વસમાવેશક વર્ગખંડની રચના માટે શિક્ષક તરીકે આપણે કયું પગલું ભરી શકીએ?

## ૭.૪.૧ શિક્ષણની સામગ્રીનો ઉપયોગ કરવો

વર્ગખંડમાં ગુણવત્તાસભર કામગીરી માટે, શિક્ષણની કામગીરીને સહાયક સામગ્રીની શિક્ષકને જરૂર પડે છે. જો સામગ્રીની વિવિધતા હશે તો કોઈ પણ બાળક શિક્ષણની પ્રક્રિયામાં સંપૂર્ણપણે જોડાશે.

શિક્ષણ-પદ્ધતિમાં જ્યાં યોગ્ય લાગે ત્યાં શીખવવાની કામગીરીને સહાયરૂપ હોય ત્યાં ચિત્રો કે તસવીર સ્વરૂપે દશ્ય સામગ્રીનો ઉપયોગ કરવાં. દરિયાઈ પ્રાણી સી-હોર્સ કે તાજમહેલનું ચિત્ર બાળકને શબ્દો કરતાં વધારે સરળતાથી સમજાશે. મહાન હસ્તીઓની તસવીરો, દુર્લભ પ્રાણીઓ તથા વનસ્પતિઓની તસવીરો, ઐતિહાસિક સ્થળો તથા ઘટનાઓના ફોટોગ્રાફ બાળકોને સાચી દિશામાં વિચારવા માટે મદદરૂપ નીવડે છે.

નોંધ

હજી આ વિચારને વાસ્તવિક કે મોડેલ સ્વરૂપમાં રજૂ કરાયેલી સ્પર્શાત્મક સામગ્રીથી વધારે સ્પષ્ટ કરી શકાય છે. પ્રિઝમ (ત્રિપાર્શ્વકાચ)ની રચના સમજાવવા માટે શિક્ષક ગમે તેટલું વ્યાખ્યાન આપે, ચિત્રો દર્શાવે પરંતુ એક વાસ્તવિક પ્રિઝમથી વધારે અસરકારક તે નીવડતું નથી. મોડેલોની મદદ લઈને આંતરિક શારીરિક અંગો, ત્રિપરિમાણીય ભૌમિતિક આંકડા વગેરે વધારે સારી રીતે સમજાવી શકાય છે. જાસૂદનું પુષ્પ વગેરે જેવી સ્પર્શ-સંબંધી સામગ્રી જો ઉપલબ્ધ હોય તો ફૂલની રચના શીખવવાનું સરળ પડે છે. આમ, વાસ્તવિક નમૂનાઓ ભણાવવાની પ્રક્રિયા માટે સર્વોત્તમ બની રહે છે.

આમ તો આપણું પર્યાવરણ પોતે જ શૈક્ષણિક સામગ્રીથી ભરપૂર છે. એટલે કે, આ બધું શાકભાજી, ઝાડીઝાંખરાં, વૃક્ષો-વેલાઓ અને વનસ્પતિઓ વગેરેની મદદથી સહેલાઈથી સમજાવી શકાય છે. પોસ્ટઑફિસ, બૅન્ક અથવા ક્લિનિકમાં બાળકોને પ્રત્યક્ષ લઈ જઈને ત્યાં કામ કરી રહેલા લોકો અંગે સારી રીતે ભણાવી શકાય છે.

આપણી આસપાસ તૈયાર રહેલી ઉપલબ્ધ ચીજવસ્તુઓ દર્શાવીને બાળકોને શીખવવાનો પ્રયોગ એ એક બીજો માર્ગ છે. કોઈ પારદર્શક પ્લાસ્ટિકનું પરબીડિયું અને એક દોરો પાંદડાંમાંથી બાષ્પોત્સર્જનની ક્રિયા બાળકોને સમજાવવા માટે પૂરતી છે. નકામાં પડી રહેલાં કાર્ડ ભૌમિતીય આકારોના ક્ષેત્રફળનાં સૂત્રો તથા પ્રમેયની વ્યુત્પત્તિ તારવીને બાળકોને સમજાવવા માટે ઉપયોગમાં લઈ શકાય છે.

માહિતી તથા સંચારની ટૅક્નોલોજીમાં ઈલેક્ટ્રોનિક શિક્ષણ-સામગ્રીના અનંત ઉપયોગ પડેલા છે. જો આપણને કમ્પ્યૂટર આવડતું હોય તો આપણે વાસ્તવિક ચીજવસ્તુ વર્ગખંડમાં લાવી શકીએ. હા, બધી શાળાઓમાં પ્રિઝમ હોય જ, એ જરૂરી નથી; પરંતુ આપણે પ્રિઝમની તસવીર બધી બાજુએથી ફેરવીને બાળકોને બતાવી શકીએ. આપણા શરીરની અંદર ચાલતી પાચનની જટિલ પ્રક્રિયાને કમ્પ્યૂટર મલ્ટીમીડિયાથી સહેલાઈથી દર્શાવી શકાય. કમ્પ્યૂટર તથા દૃશ્યશ્રાવ્ય માધ્યમના ઉપયોગથી વિવિધ પ્રકારના રાસાયણિક બંધારણમાં ઈલેક્ટ્રોનની ભાગીદારીને દર્શાવી શકાય.

શિક્ષકે બનાવેલી ઓછા ખર્ચની શિક્ષણસામગ્રીઓ શિક્ષણ માટે વાપરવી શ્રેષ્ઠ નીવડે છે. આપણી આસપાસ જે વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ છે તેને આપણા વાતાવરણમાં લાવીને તેની શિક્ષણસામગ્રી બનાવીને તેનો ઉપયોગ કરવાની આ પદ્ધતિ છે. એક વાર આપણે આવી 'નકામી' સામગ્રીનો ઉપયોગ વર્ગમાં શિક્ષણ માટે કરવાનું શરૂ કરીશું પછી આપણી આસપાસની બધી જ વસ્તુઓ આપણને ઉપયોગી લાગવા માંડશે! આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેનારાં બાળકોના ચહેરા પરની ખુશી નિહાળીને શિક્ષક આસપાસની તમામ ચીજવસ્તુઓને એક રચનાત્મક નજરે જોવા પ્રેરાશે. રળિયામણી રંગીન કંકોતરીઓ વિવિધ પ્રકારનાં ઘરોનો આકાર ગ્રહણ કરે છે. આપણી આસપાસ રહેલાં વૃક્ષોનાં બીજ ૨+૨=૪ના ખ્યાલને સાર્થક કરી શકે છે. આસપાસમાં પડેલી રેશમી સાડીની રીબન આપણા દેશના નકશામાં રાજ્યોની સરહદ દર્શાવવા માટે વાપરી શકાય છે. જૂનાં સામયિકો તો શિક્ષણની આવી ચીજવસ્તુઓ ભેગી કરવા માટે સોનાની ખાણ પુરવાર થાય છે. વળી આ યાદી અનંત છે. આપણે આ શરૂ જ કરી દઈએ એટલે આપણને આપણામાં જ પરિવર્તન દેખાવા લાગશે.

વર્ગમાં બધાં જ બાળકોને પ્રવૃત્તિમાં ભાગ લેતાં કરવા માટે આવી શિક્ષણસામગ્રીની વિવિધતાની ભૂમિકા મહત્ત્વની હોય છે. વર્ગમાંથી તે કંટાળાને તથા નીરસતાને દૂર કરી દે છે, તથા બાળકો પોતે જ દરરોજ નિશાળે જવા માટે સમયની રાહ જોતાં થાય છે.

## ૭.૪.૨ ભૌતિક/બાહ્ય વાતાવરણને સુધારવું

આપણે જ્યાં રહીએ છીએ તે જગ્યા બધી જ રીતે સાનુકૂળ હોવી જોઈએ. શાળામાં વિદ્યાર્થી એક સ્થળેથી બીજે જવા માટે સમસ્યા અનુભવતો હોય તો બાળકની જરૂરિયાત મુજબ તે સ્થળને બદલવું જોઈએ. જો બાળક પગથિયાં ચડી ન શકતું હોય તો વર્ગખંડને ઉપરના બદલે નીચે લાવી દેવો જોઈએ. જો બાળક પોતાના વર્ગખંડ સુધી પહોંચવામાં વધારે સમય લેતું હોય તો તેનો વર્ગખંડ મુખ્ય દ્વારની નજીક લાવી દેવો જોઈએ.

વર્ગખંડની અંદરની જગ્યા પણ ધ્યાન આપવા માટેનો અન્ય મહત્ત્વનો મુદ્દો છે. તેમાં ગોઠવાયેલું ફર્નિચર બાળકોને વર્ગમાં હરવાફરવામાં નડતરરૂપ થવું ન જોઈએ. વળી, બાળકોની બેસવાની વ્યવસ્થા પણ તેમની જરૂરિયાત મુજબ થવી જોઈએ. સાંભળવાની તકલીફ ધરાવતાં બાળકોને આગળની હરોળમાં વચ્ચે બેસાડવાનું વધારે પસંદ કરવું જોઈએ. શિક્ષકે જેમનું વધારે ધ્યાન રાખવાનું હોય તેવાં બાળકોને શિક્ષક જ્યાં તેમના સુધી સરળતાથી પહોંચી શકે તેવી નજીકની જગ્યાએ બેસાડવાં જોઈએ. જે બાળકને વધુ પડતા અજવાળામાં જોવાની તકલીફ હોય તેવા બાળકને એવી જગ્યાએ બેસાડવું જોઈએ જ્યાં તેના ચહેરા ઉપર સીધો પ્રકાશ ન પડે.

વર્ગખંડની અંદરબહાર ઘોંઘાટને અંકુશમાં લેવો જોઈએ. જેમનું ધ્યાન સહેલાઈથી વિચલિત થઈ જતું હોય તેવાં બાળકોને દરવાજા, બારી કે પરસાળથી દૂર બેસાડવાં જોઈએ. ફર્નિચરના પાયા સાથે રબર લગાડેલું હોવું જોઈએ, જેથી તેને ખસેડતી વખતે અવાજ ન થાય. શક્ય હોય ત્યાં સુધી કુદરતી હવા-ઉજાસનો જ ઉપયોગ કરવો. કેટલાંક બાળકોને પંખો તથા લાઈટ પણ ખલેલ પહોંચાડતાં હોય છે. ઘણી વાર દીવાલ પર ચોંટાડેલા ચાર્ટ વગેરેનું ફરફર થવું પણ બાળકને ખલેલ પહોંચાડે છે, તો તેમને પણ દીવાલ પર યોગ્ય રીતે ચોંટાડીને તે અવાજ દૂર કરવો જોઈએ.

સૌથી મહત્ત્વનું છે આસપાસની સ્વચ્છતા જાળવવી. શિક્ષક તરીકે આપણી ભૂમિકા આ બાબતને જાળવવામાં મહત્ત્વની બની રહે છે. બાળકો પોતે વારાફરતી સ્વચ્છતાની તથા વર્ગખંડની ગોઠવણની આ જવાબદારી લઈ શકે છે. દીવાલો ઉપર લટકાવેલા ચાર્ટ કે ચોંટાડેલી અન્ય ચીજો યોગ્ય આયોજનબદ્ધ રીતે તથા અનુકૂળતા અનુસાર લગાવવી. વર્ગખંડની સ્વચ્છતા અને સુઘડતા બાળકોને શિક્ષણકાર્ય માટે તૈયાર કરે છે.

## ૭.૪.૩ વર્ગખંડની સરળ વ્યવસ્થાપન ટૅક્નિકો સાનુકૂળતા

વિભિન્ન જરૂરિયાતવાળાં બાળકો જ્યારે એક જ વર્ગખંડમાં એકત્ર થાય છે ત્યારે આપણે પડકારો માટે તૈયાર અને સજ્જ રહેવું પડે છે. આપણે પડકારો ઝીલવા તૈયાર થઈએ ત્યારે જ આપણે પરિસ્થિતિની માગ અનુસાર વિવિધ ટૅક્નિકોનો ઉપયોગ કરી શકીએ છીએ. અને એ વાત સંપૂર્ણ સાચી છે કે, આપણે જેટલા વધારે તૈયાર થઈને વર્ગમાં જઈશું એટલો જ વધારે ફરક આપણા દૈનિક ધોરણે લેવાતા ક્લાસમાં પાડી શકીશું.

સૂરજ મસ્તીખોર સ્વભાવ માટે જાણીતો છે. તે પોતાની આસપાસ બેઠેલાઓને ખલેલ પહોંચાડીને મજા માણે છે! પણ જો આપણે તેના વર્તન પ્રત્યે સંવેદનશીલ હોઈએ તો તેના તરફ "હું તને જોઉં છું"- કહેતી નજર નાખશો તો તે સભાન બની જશે. પ્રિયા સ્વાતિના વાળ ખેંચતી રહે છે અને સ્વાતિ બિચારી ગભરુ છે અને શિક્ષકને ફરિયાદ કરતી નથી. પ્રિયા કે સ્વાતિની જગ્યા બદલવાથી પ્રિયાના વર્તનનો ઉકેલ લાવી શકાશે. હવે, વર્ગમાં કેવું વર્તન કરવું જોઈએ, એ બાબતે આ બે સ્થિતિઓમાં લાંબુંલચક ભાષણ આપવાથી આપણા સમયનો બગાડ જ થશે અને વિદ્યાર્થીઓ સુધી આપણો હેતુ પહોંચાડી નહીં શકાય. અનિલ પોતાના સહાધ્યાયીઓ તથા શિક્ષકગણનું ધ્યાન ખેંચવા માટે અવાજ કરે છે, પણ જો વર્ગમાં તેના સમયસરના અને સાચા જવાબોની પ્રશંસા કરવામાં આવે તથા આ પ્રોજેક્ટ માટે તેના પ્રયાસોની સરાહના કરાય તો અનિલ એવા બધા અવાજો કાઢવાનું બંધ કરી દેશે. શુભા પોતાના મૅથ્સના દરેક ક્લાસમાં દાખલા ગણવામાં ભારે જહેમત ઉઠાવે છે. જ્યારે વર્ગમાં બાકીના સૌ વિદ્યાર્થીઓ પોતપોતાના કામમાં હોય ત્યારે શિક્ષક શુભાની બાજુમાં બેસીને દાખલા ગણવામાં એને મદદ કરી શકે. રમ્યાની સમસ્યા એ છે કે તે બિચારી બ્લૅકબૉર્ડમાંથી લખાણ ઉતારી શકતી નથી, કેમ કે તેને એ કામ થોડુંક અઘરું લાગે છે. શિક્ષક તેની નજીક જઈને તેને પ્રોત્સાહક શબ્દોમાં બ્લૅકબૉર્ડ પરનું લખાણ ઉતારવા માટે પ્રેરિત કરી શકે. સંતોષને વાંચવામાં તકલીફ પડે છે અને અનેક ભૂલો કરી બેસે છે. એ વાંચે છે ત્યારે આખો વર્ગ હાંસી ઉડાવે છે અને સંતોષને પોતાનું અપમાન લાગે છે. શિક્ષક તેને બીજું કામ આપે અને તેમાં તે બીજાઓ કરતાં વધારે સારું કરી બતાવે. વધારે કોઈ પ્રયાસો કર્યા વિના જ તેના આત્મવિશ્વાસના સ્તરને વધારી શકાય.

આપણા અનુભવોની સઘનતાથી વર્ગખંડનું વ્યવસ્થાપન વધારે સુધરતું જાય છે. બહુ ઓછા સમય અને શક્તિથી દૈનિકપણે સામે આવતી મુસીબતોનો ઉકેલ લાવી શકાય છે. જરૂર માત્ર વર્ગખંડમાં આપણા તમામ બાળકોમાં પ્રેમ અને વિશ્વાસની જ હોય છે.

## ૭.૪.૪ બાળકને અનુરૂપ મૂલ્યાંકન-પદ્ધતિનો અમલ

સર્વસમાવેશક વર્ગખંડમાં કઠોર મૂલ્યાંકનની પદ્ધતિ વ્યવહારુ બનતી નથી. બાળક જે કામ કરી શકે છે એનું મૂલ્યાંકન હોવું જોઈએ, નહીં કે બાળક જે કામ નથી કરી શકતું એનું. વર્ગખંડમાં શિક્ષકગણ દરેક બાળકને આ બાબતમાં વર્ગમાં અનુકૂળ થાય તે માટે શું કરી શકાય, તે આપણે જોઈશું.

શ્રુતિ ધોરણ ૪માં ભણે છે. વર્ગમાં તે પાઠ સમજી શકે છે, પણ જ્યારે શિક્ષક તેને મૌખિક પરીક્ષામાં પ્રશ્નો પૂછે છે ત્યારે તે બોલી શકતી નથી. તેની સમસ્યા કાં તો ભાષાની અભિવ્યક્તિમાં રહેલી છે, અથવા તો શિક્ષક સમક્ષ જવાબ આપવાની શરમાળ પ્રકૃતિમાં રહેલી છે. આપણે તેની શીખવાની શક્તિના સ્તર પર ધ્યાન આપવાનું છે, તેની અભિવ્યક્તિની શક્તિ કેવી છે તેના પર નહીં. આવી પરિસ્થિતિમાં શિક્ષક તરીકે આપણે તેની ભણવાનું મૂલ્યાંકન નક્કી કરવા માટે કયો સૌથી શ્રેષ્ઠ વિકલ્પ વિચારી શકીએ?આપણે બાળક પાસેથી જવાબ મેળવવાની આપણી રીતભાતમાં સુધારો કરી શકીએ. માત્ર મૌખિક જવાબના બદલે બાળકની શક્તિ અનુસાર જવાબ કમ્પ્યૂટર દ્વારા, ચિત્ર દ્વારા કે લેખિત સ્વરૂપે મેળવી શકાય.

એવું પણ બાળક હોઈ શકે જે જોવાની તકલીફના કારણે મુદ્રિત સામગ્રી વાંચી ન શકે. આવી સ્થિતિમાં બ્રેઇલ લિપિ કે મોટા અક્ષરોનો વિકલ્પ પસંદ કરીને તેનું મૂલ્યાંકન કરી શકાય.

નોંધ

વિક્રમ ધોરણ ૭માં ભણતો ૧૩ વર્ષનો વિદ્યાર્થી છે. તમામ વિષયોમાં સારતત્ત્વ સમજવાની તેની ક્ષમતા તેની ઉંમરથી નીચેની કક્ષાની છે, પણ તે સાદા પ્રશ્નોનો જવાબ આપી શકે છે. આ વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવા માટે શિક્ષકે કેવી રીતે આયોજન કરવું જોઈએ? અહીં સારો વિકલ્પ છોડી દેવાનો છે. વિક્રમનું મૂલ્યાંકન કરતી વખતે મુશ્કેલ ખ્યાલો છોડી દેવા. કેમ કે, શિક્ષકને બરાબર ખબર છે કે વિક્રમ આવા સવાલોના જવાબ આપી શકે તેમ નથી.

કેટલાંક બાળકો અમુક પાયાની શૈક્ષણિક કુશળતાઓ શીખવાની શક્તિ ધરાવતાં નથી હોતાં, પણ એમનામાં અન્ય કેટલીક બાબતોની જબરી સૂઝ હોઈ શકે છે. અહીં, શિક્ષકે આવા બાળકના મૂલ્યાંકનમાં ક્ષતિપૂરક પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ. વ્યક્તિગત ધોરણ પર આધારિત બાળકની વ્યાવસાયિક ક્ષેત્રોમાં કુશળતા અથવા પોતાની જાતની દેખરેખ રાખવાની શક્તિના આધારે તેનું મૂલ્યાંકન કરવું જોઈએ.

આપણે બાળક વિશેની આપણી પોતાની સમજ અનુસાર બાળકનું મૂલ્યાંકન કરવાની સ્વતંત્રતા લઈએ તો શાળા તેના માટે શ્રેષ્ઠ સ્થળ છે. બાળકને ટેસ્ટ અને પરીક્ષાઓનો ભય હેરાન પણ નહીં કરે.

**તમારી પ્રગતિ ચકાસો- ૩**

૧. પરીક્ષા કે મૂલ્યાંકનની કઠોરતાની સમસ્યાને હલ કરવાના ચાર માર્ગો કયા?

..........................................................................

..........................................................................

..........................................................................

## ૭.૫ શિક્ષણ વ્યવસ્થામાંથી વંચિત રહી જવાનો ભય સેવનારાં બાળકો

એવાં લાખો બાળકો તથા યુવાનો છે જેઓ શિક્ષણ મેળવવાના અધિકારથી વંચિત રહી જાય છે અને યોગ્ય વાતાવરણમાં પૂરતું શિક્ષણ મેળવી શકતાં નથી. શાળાની બહાર રહી ગયેલાં આવાં બાળકો મોટા ભાગે એવાં છે જેમને અનુકૂળ શાળાનું વાતાવરણ ઉપલબ્ધ થયું હોતું નથી અથવા તો સ્થાનિક શાળામાં પ્રવેશ મળ્યો હોતો નથી, અથવા તો અનિવાર્ય સંજોગોમાં તેમને શાળા છોડી દેવી પડી હોય છે. આપણે અહીં એવા સમૂહો તપાસીએ જેઓ શિક્ષણ-પ્રવાહમાંથી બહાર નીકળી જવાના ભય હેઠળ રહેલા છે.

### ૭.૫.૧ દિવ્યાંગ બાળકો

શૈક્ષણિક કૌશલ્ય શીખવામાં સમસ્યાઓના કારણે દિવ્યાંગ બાળકો શિક્ષણ છોડી દેવાના જોખમ હેઠળ રહેતાં હોય છે. તેમની વિકલાંગતાના પ્રકારના આધારે આવાં બાળકો શાળામાં સમસ્યાનો અનુભવ કરે છે. તેમના શિક્ષણની પ્રક્રિયામાં જોખમરૂપ બનતી આવી વિકલાંગતાઓના પ્રકારો અંગે આપણે ટૂંકમાં જોઈએ.

અ. **કલ્પનાશીલતા અને શીખવાની અશક્તિ ધરાવતાં વિકલાંગ બાળકો:** માનસિક અસ્થિરતાનાં વિવિધ સ્તર ધરાવતાં બાળકો ભણવાની પોતાની સીમિત ક્ષમતાના કારણે વર્ગખંડમાં ભણવાની ઓછામાં ઓછી જરૂરિયાત પણ પૂર્ણ કરી શકતાં નથી. અભ્યાસ કરવાની ખાસ અક્ષમતા

નોંધ

ધરાવતાં બાળકો વાંચવા, લખવા અને ગણિત જેવી પાયાની શૈક્ષણિક કુશળતા ધારણ કરી શકતાં નથી. આવાં બાળકો પૈકીનાં ઘણાને ભણવાની તેમની મુશ્કેલીઓ અંગે શિક્ષક કે શિક્ષિકા ઓળખી શકતાં નથી.

બ. **સામાજિક, ભાવનાત્મક અથવા વર્તનની દૃષ્ટિએ વિકલાંગતા ધરાવતાં બાળકો:** *એવી કેટલીક ખાસ વિકલાંગતા હોય છે જેમાં બાળકો વર્ગખંડમાં કોઈ કામગીરી કરવામાં ખૂબ મુશ્કેલી અનુભવે છે. તેમના સામાજિક કૌશલ્યોમાં ઊણપ, ભાવનાત્મક આઘાત કે વર્તનને લગતી સમસ્યાઓને કારણે આવું હોઈ શકે. શિક્ષકોને આવી પરિસ્થિતિઓનો ખ્યાલ હોતો નથી તેથી આવાં બાળકોની સાથે તેમની આસપાસના લોકો દ્વારા ગેરસમજ થતી જોવા મળે છે.*

ક. **ભાષા અને સંચાર-વિનિમયની સમસ્યા:** *અમુક બાળકો બહારથી તો તેમની વયનાં અન્ય બાળકો જેવાં લાગે, પણ એમને સમજણ માટે અને/અથવા યોગ્ય ભાષા દ્વારા અભિવ્યક્તિ માટે મુખ્ય સમસ્યા નડતી હોય છે. આવાં બાળકો શાળામાં શૈક્ષણિક તથા ઈતર પ્રવૃત્તિઓ કરવામાં સમસ્યા અનુભવે છે.*

ડ. **જ્ઞાનેન્દ્રિયોને નુકસાન:** *શાળાઓમાં અમે એવાં બાળકો પણ જોયાં છે જેમને સાંભળવામાં અને જોવામાં તકલીફ હોય. આ સમસ્યા સાધારણથી તીવ્ર કક્ષાએ પણ હોય છે, અને વર્ગખંડમાં તેની સાથે કામ પાર પાડવું બહુ મુશ્કેલ બને છે. આંશિક દૃષ્ટિ તથા આંશિક શ્રવણશક્તિ પણ શિક્ષણની પ્રક્રિયામાં ઘણો અવરોધ સર્જે છે.*

ઇ. **શારીરિક હલનચલનની સમસ્યા:** *શાળાએ જવાની વયનાં અનેક બાળકોમાં હલનચલનની મુશ્કેલી, આંશિક કે પૂર્ણ જોવા મળે છે. આ સમસ્યાઓ અસ્થિતંત્રને લગતી, ચેતાતંત્રને લગતી કે સ્નાયુઓને લગતી કોઈ ખામીના કારણે હોઈ શકે, જેમાં બાળકને શરીરના અન્ય ભાગો સાથે સંયોજન સાધવામાં મુસીબતનો અનુભવ કરાવે છે. શાળામાં આ બાબત બાળકો માટે સામાન્ય કે ગંભીર સમસ્યાઓ ઊભી કરી આપે છે.*

ઈ. **આરોગ્યની સમસ્યાઓ:** *નાનપણમાં આરોગ્યને લગતી કેટલીક સમસ્યાઓ હોય છે જેમાં બાળક લાંબા ગાળા સુધી શાળામાં જવાનું ટાળે છે. આ કારણે પણ ઘણાં બાળકો અધવચ શાળાકીય શિક્ષણ છોડી દે છે. આ બીમારીથી ઊભી થતી વિવિધ પ્રકારની સ્થિતિઓ ચિંતાનું કારણ બને છે. બાળ-ડાયાબિટીસ, સંધિવા, અપસ્માર (વાઈ) તથા કુપોષણ અમુક સામાન્યત: દેખાતી પરિસ્થિતિઓ છે, જેના લીધે નબળાઈ આવે છે.*

*શાળાએ જવામાં કે ભણવામાં મુસીબત ઊભી કરતી આ પ્રકારની વિકલાંગતાઓ તેનાં દર્દી-બાળકો માટે શાળાકીય શિક્ષણ ચાલુ રાખવામાં જોખમ ઊભું કરે છે. આવાં ઓળખાયેલાં બાળકોના વર્તનનાં આ ઝીણવટભર્યાં પાસાં પ્રત્યે આપણે શિક્ષક તરીકે સંવેદનશીલ બનવાનું છે. આવાં બાળકોને વર્ગખંડમાં કેવી રીતે સાચવવાં તે સહિત દરેક પરિસ્થિતિની વિગતો આ વિભાગના અન્ય એકમોમાં આપવામાં આવી છે. પણ જો પરિસ્થિતિ તમારા કાબૂ બહાર જતી જણાય તો વધારે સમય ગુમાવ્યા વિના તેમને આ વિષયના પ્રોફેશનલો પાસે મોકલી દેવાં જોઈએ.*

## ૭.૫.૨ વંચિત વાતાવરણમાંથી આવતાં બાળકો

બાળક જે ખ્યાલ, સંકલ્પના કે કલ્પના ધારણ કરે છે તેના પર જિવાતા વાતાવરણમાં વંચિતપણાની સીધી અસર થતી હોય છે, એ સિદ્ધ થઈ ગયેલી હકીકત છે. ગરીબીમાં સબડતા પરિવારો, દૈનિક મજૂરીના આધારે જીવતા પરિવારો, ઝૂંપડપટ્ટીમાં વસતા પરિવારો તથા બેઘર પરિવારોનાં બાળકોને આર્થિક, સામાજિક તથા માનસિક વાતાવરણ સાથે અનેક સમસ્યાઓ ભોગવવી પડે છે.

## ૭.૫.૩ દીકરીઓ/વિદ્યાર્થિનીઓ

શારીરિક, સામાજિક અને સાંસ્કૃતિક કારણોથી છોકરીઓ હમેશાં એક ગેરલાભનો ભોગ બને છે. ખાસ કરીને ગામડાંમાં તથા પરંપરાગત સંયુક્ત પરિવારોમાં દીકરીઓ સાથે અલગ જ વ્યવહાર કરવામાં આવે છે. દીકરીઓની શૈક્ષણિક જરૂરિયાતોની ઉપેક્ષા થાય છે કારણ કે તેમની ભૂમિકા પરિવાર જ નક્કી કરે છે. યુવાવયે તેમને શિક્ષણ ચાલુ રાખવા માટે જે પ્રોત્સાહન જરૂરી હોય તેનો અમુક કુટુંબોમાં સદંતર અભાવ હોય છે. તેથી શાળા છોડી દેવાની બાબતમાં સૌથી વધારે ભોગ બનનાર જૂથ દીકરીઓનું હોય છે. દીકરીઓની સમસ્યાઓ તથા તેમનો ઉકેલ લાવવાના રસ્તાઓની ચર્ચા અલગ રીતે આ કોર્સના વિભાગ ૪માં કરાઈ છે.

## ૭.૫.૪ પ્રતિભાશાળી અને સર્જનાત્મક બાળકો

બાળકોમાં ઘણી વાર રમતગમત, સંગીત, નૃત્ય અને કળાઓમાં ખાસ પ્રકારનું કૌશલ્ય હોય છે. આવું ખાસ કૌશલ્ય વિજ્ઞાન, ગણિત કે ભાષા જેવાં શૈક્ષણિક ક્ષેત્રોમાં પણ હોઈ શકે. આપણી શિક્ષણપ્રથા વ્યક્તિના કૌશલ્યને કોઈ રીતે નિખારવા માટે મદદરૂપ નીવડતી ન હોવાથી આવાં બાળકો વર્ગખંડમાં ડફોળ હોવા જેવી સ્થિતિમાં રહી જાય છે. કેટલાંક બાળકોને તેમના અનન્ય વિચારો, જુદી રીતે વિચારવાની પદ્ધતિને કારણે વર્ગમાં ઉપદ્રવી તરીકેનાં લેબલ મારી દેવામાં આવે છે. આવાં બાળકો માટે આપણી નિયમિત વર્ગ-પ્રવૃત્તિ કંટાળાજનક જ બની રહેશે. હાલમાં આપણી શિક્ષણપ્રથા બાળકોના માત્ર રેખીય વિકાસ સાથે જ નિસબત રાખનારી છે, જેમાં ધ્યાન માત્ર શૈક્ષણિક ઉપલબ્ધિઓ ઉપર જ રખાય છે. આ બાબત પ્રતિભાશાળી અને સર્જનાત્મક બાળકોને શાળાકીય પ્રવૃત્તિઓમાં નુકસાનકારક બને છે. તેઓ ચાલુ શિક્ષણમાંથી બહાર નીકળી જાય તેવો ભય પણ સેવાય છે.

## ૭.૫.૫ અન્યઃ સરેરાશ કરતાં ઓછું શીખી શકનારાં, લઘુમતી સમાજનાં, ભૌગોલિક વિષમતામાં રહેતાં બાળકો

આપણી શાળાઓમાં હજી આવાં ઓછી શૈક્ષણિક સફળતા ધરાવતાં બાળકોનું એક અન્ય જૂથ છે, જેમાં બાળકો પોતાની પૂર્ણ શક્યતાઓ અને સંભાવનાઓ મુજબ દેખાવ કરી શકતાં નથી. આસપાસની પરિસ્થિતિઓમાં ધ્યાન ખેંચાઈ જતું હોવાથી આવાં બાળકોની શક્તિઓ પૂર્ણ રીતે વિકસી શકતી નથી. ટીવી, ઈન્ટરનેટ અને અન્ય આનંદદાયી માધ્યમો આમાં હોઈ શકે છે. દેખાવ માટે કરાતું દબાણ, શાળા, માતાપિતા અને પોતાના દ્વારા વધારે પડતી અપેક્ષાઓ, શાળાની કઠોર અને નીરસ પ્રવૃત્તિઓ તેમના દેખાવના પતન માટેનાં અન્ય કારણો હોય છે.

નોંધ

કેટલાક સમુદાયો પોતાની અનોખી શારીરિક, ભાષાકીય અને સાંસ્કૃતિક લાક્ષણિકતાઓના કારણે સમાજમાં સામૂહિક રીતે ભેદભાવના ભોગ બને છે. તેમની જીવનપદ્ધતિ, ભાષા, સંસ્કૃતિ, મૂળભૂતપણું અને તેમનો ધર્મ તેમની આસપાસના બહુમતી લોકોથી અલગ પડે છે. એમને લઘુમતી જાતિના લોકો ગણવામાં આવે છે. આવી રીતે અલગ જાતિના ગણાવાના કારણે તેઓ સમાજના પ્રવાહમાં પૂર્ણપણે ભળી જવામાં પાછીપાની કરે છે. આમાં વળી જો લઘુમતી સમુદાયોનાં બાળકોમાં ગરીબી અને વિકલાંગતા જેવાં પરિબળો સહઅસ્તિત્વ ધરાવતાં હોય તો બમણું નુકસાન થવા પામે છે.

ઘણી વાર ભૌગોલિક સ્થિતિ પણ બાળકોને સુયોગ્ય વાતાવરણમાં શિક્ષણ મેળવવામાં વિઘ્ન ઊભું કરે છે. સરળ પરિવહનની સવલત ન ધરાવતા પહાડી વિસ્તારો, દૂરવર્તી પંથકોમાં યુવાપેઢીઓને શાળાએ જવું લગભગ અશક્ય બની જાય છે.

**તમારી પ્રગતિ ચકાસો- ૪**

૧. વર્ગખંડમાં જોવા મળતી ઇન્દ્રિયોની બે ખોડખાંપણ કઈ છે?

..........................................................................

..........................................................................

..........................................................................

૨. શાળામાં જવાની પ્રારંભિક ઉંમરમાં થતી બે શારીરિક આરોગ્ય સમસ્યાઓ દર્શાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

૩. શરૂઆતના તબક્કે વિદ્યાર્થીઓમાં ઓછા સારા દેખાવ માટેનાં કયાં બે સંભવિત કારણો હોઈ શકે છે?

..........................................................................

..........................................................................

..........................................................................

## ૭.૬ ઉપસંહાર

દરેક બાળકના ઉત્કૃષ્ટ વિકાસ માટે દરેક બાળકને સમાન તકો પૂરી પાડવા માટે રાષ્ટ્ર કટિબદ્ધ છે. 'સર્વસમાવેશક શિક્ષણ' આ દૃષ્ટિને ઉજાગર કરવા માટે એક માર્ગદર્શક સિદ્ધાંત તરીકે ઊભરી આવ્યું છે. તાજેતરની તમામ શૈક્ષણિક યોજનાઓ તથા નીતિઓમાં એવી શિક્ષણપ્રથાને ટેકો આપ્યો છે જેમાં કોઈ પણ બાળકને શિક્ષણ માટે ઈનકાર થઈ ન શકે. સર્વસમાવેશક શિક્ષણ એટલે બાળકોમાં આંતરિક શક્તિ જગાડવી તથા તેમનામાં આત્મવિશ્વાસ જાગૃત કરવો. બાહ્ય પરિબળો દ્વારા લગાડાયેલા પ્રતિબંધોને ગણકાર્યા વિના વિવિધતાનું મૂલ્ય તે સમજે છે. શાળામાં શિક્ષકનું ધ્યાન વિદ્યાર્થીઓની વિવિધતાને વિકસાવવા તરફ રહેવું જોઈએ. 'સંકલન' શબ્દનો ઉપયોગ તમામ બાળકો માટેના શૈક્ષણિક કાર્યક્રમમાં વિકલાંગતા ધરાવતાં બાળકોની ભાગીદારીને વર્ણવવા માટે કરાયો હતો. ખરેખર તો સંકલનના કારણે આપણને સર્વસમાવેશનના અમલીકરણની તૈયારીની સૂઝ સાંપડી છે. સર્વસમાવેશક શિક્ષણ તો બાળકને બદલવાની કસરત કરવાને બદલે શિક્ષણપદ્ધતિમાં રહીને જ બાળકમાં પરિવર્તન ઉપર ધ્યાન કેન્દ્રિત કરતી પદ્ધતિ છે. વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધતા, શિક્ષકગણની તૈયારી, નબળી માળખાકીય સુવિધાઓ-દુવિધાઓ, સ્રોતો કે સાધનો ન મળવાં અને કડક મૂલ્યાંકન પદ્ધતિ આ ધ્યેયને પ્રાપ્ત કરવાના માર્ગમાં રહેલાં મુખ્ય નડતરરૂપ પરિબળો છે. શાળામાં એક સર્વસમાવેશક વર્ગખંડ ઊભો કરવામાં શિક્ષકગણે મુખ્ય ભૂમિકા ભજવવા આગળ આવવાનું છે. વિકલાંગતા ધરાવતાં બાળકો, હોશિયાર તથા તેજસ્વી રચનાત્મક કામગીરી કરી શકતાં બાળકો, લઘુમતી સમુદાયનાં તથા આર્થિક રીતે વંચિત વર્ગનાં બાળકોને શાળાઓમાં મુસીબતો ભોગવવાની થાય છે. તેમની શૈક્ષણિક જરૂરિયાતોને વર્ગમાં યોગ્ય સામગ્રીના ઉપયોગથી તથા સાદી સરળ વ્યવસ્થાપન ટેક્નિકોના ઉપયોગથી પૂર્ણ કરવાની જરૂર છે.

## ૭.૭ તમારી પ્રગતિ ચકાસો- ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. સર્વસમાવેશક શિક્ષણ એક એવો અભિગમ છે કે જે શિક્ષણપ્રથાની ઉપેક્ષા કરવાના જોખમમાં રહેલાં બાળકોને શિક્ષિત કરવાનો અભિગમ ધરાવે છે.

૨. જે તે જૂથના સભ્ય તરીકે દરેક બાળકનો સ્વીકાર કરો. બધાં બાળકો ભાગ લેતાં થાય તે સુનિશ્ચિત કરો, વર્ગખંડના સાંસ્કૃતિક વાતાવરણનું પુનર્નિર્માણ કરો.

૩. તમામ બાળકોને લાભ આપી શકાય તે માટે શાળાનું વાતાવરણ સુધારી શકાય છે. સમાજના દરેક વર્ગમાં ફેલાયેલા ભેદભાવનો ઉકેલ લાવવા માટે આ કામગીરી મદદરૂપ નીવડી શકે છે.

૪. સંકલિત શિક્ષણપદ્ધતિમાં બાળકો/વિદ્યાર્થીઓ જે તે વર્તમાન શૈક્ષણિક પદ્ધતિ હોય તેને જ અનુકૂળ થાય તેવી અપેક્ષા રખાય છે, અને વિશેષ સહાયતા માટે બાળકને રિસોર્સ રૂમમાં મોકલી અપાય છે. પરંતુ સર્વસમાવેશક શિક્ષણપદ્ધતિમાં શિક્ષણપદ્ધતિ પોતે જ બાળકની જરૂરિયાતને અનુકૂળ થવા માટે સુધારા કરશે અને તમામ જરૂરી સહાયતા વર્ગખંડમાં જ અપાશે.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. *વિદ્યાર્થીઓમાં વિવિધતા, શિક્ષણના સ્રોતોની ઉપલબ્ધતા, શિક્ષકગણની તૈયારી અને કડક મૂલ્યાંકન પદ્ધતિ.*

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. *રૂપાંતરણ કે સુધારો, વિસ્થાપન, છોડી દેવું, ક્ષતિપૂર્તિ*

**તમારી પ્રગતિ ચકાસો-૪**

૧. *સાંભળવાની અને જોવાની વિકલાંગતા*

૨. *જેનાથી સામાન્ય નિર્બળતા આવતી હોય તેવા બાળ-ડાયાબિટીસ, સંધિવા, અપસ્માર, કુપોષણ.*

## ૭.૮ સંદર્ભસૂચિ


1. Jhulka, A. (2006) *"Including children and youth with disabilities ineducation – a guide for practioners"* NCERT, New Delhi
2. *Right to Education Bill (2005* Draft, enacted 2009) Available online.
3. Internet Source, SSA (2002). 'Basic features of SSA', Inclusive educationin SSA, Retrieved from www.ssa.nic.in / inclusive_education / ssa_plan_manualavailable online
4. Mani, M.N.G. (2000). *Inclusive Education in Indian Context*. International Human Resource Development Center (IHRDC) for the Disabled, Coimbatore: Ramakrishna Mission Vivekannanda University.
5. Swarup, S. (2007). Inclusive Education, *Sixth Survey Of Educational Research 1993* N.Delhi.*: 2000*. NCERT.
6. Hallahan, D.P., Kauffma, J.M., Pullen, P.C. (2009). *Exceptional learners: An Introduction to Education* (11th Ed.), USA: Allyn& Bacon, Pearson Education, Inc.
7. Alur, M. & Batch, M. (2005) "Inclusive Education – From Rhetoric to Reality. The North SoouthDialougue II" Viva Books Pvt Ltd. New Delhi

નોંધ

8. Hwang, Y. S., & Evans, D. (2011) "Attitude towards Inclusive Education: Gaps Between Belief and Practice". International Journal of Special Education, Vol 26, No. 1 Kalyanpur, M. (2007) "Equality, Quality and Quantity: Challenges in Inclusive Education Policy and Service Provision in India". International Journal of Inclusive Education, 2007, Vol 20, No 1.

## ૭.૯ સ્વાધ્યાય

૧. *સર્વસમાવેશક શિક્ષણ શું છે?*

૨. *સર્વસમાવેશક શિક્ષણનું મહત્ત્વ શું છે?*

૩. *સંકલિત શિક્ષણથી સર્વસમાવેશક શિક્ષણ કઈ રીતે જુદું પડે છે?*

૪. *તમારા અનુભવના આધારે સર્વસમાવેશક શિક્ષણને સ્પર્શતાં કોઈ પણ બે પરિબળોની ચર્ચા કરો.*

૫. *તમામ બાળકોની ભાગીદારી સુનિશ્ચિત થઈ શકે તે રીતે આપણે વર્ગમાં કેવા કેવા બાહ્ય ફેરફારો કરી શકીએ?*

૬. *દિવ્યાંગ બાળકો શિક્ષણની બાબતમાં જોખમ હેઠળ હોય છે, એવા વિધાનનો પ્રતિભાવ આપો.*

૭. *ગુણવત્તાસભર શિક્ષણ મેળવતા વિદ્યાર્થીને પરિવારથી દૂર રહેવું પડે તેવું વાતાવરણ કેવી રીતે અસર કરે છે?*



# યુનિટ ૮: વિશેષ જરૂરિયાતવાળાં બાળકો CWSN (Children With Special Need) નો ખ્યાલ

**અનુક્રમ**


૮.૦ પ્રસ્તાવના

૮.૧ અધ્યયન હેતુઓ

૮.૨ વિશેષ જરૂરિયાત ધરાવતાં બાળકોને સમજવાં

- ૮.૨.૧ ચેતનાત્મક ખામી
- ૮.૨.૨ સાંભળવાની તથા બોલવાની ખામી
- ૮.૨.૩ બોલવાની નબળાઈ
- ૮.૨.૪ દૃષ્ટિની ખામી
- ૮.૨.૫ હલનચલનની નિષ્ક્રિયતા
- ૮.૨.૬ બહુવિધ નબળાઈ
- ૮.૨.૭ શીખવાની ખામી
- ૮.૨.૮ ભાવનાત્મક તથા વ્યવહારાત્મક વિકાર/ખામી
- ૮.૨.૯ 'પ્રતીક્ષા કરતાં બાળકો'નો વિચાર

૮.૩ સમયસરની ઓળખ, મૂલ્યાંકન તથા તેમાં દરમ્યાનગીરી

- ૮.૩.૧ બાળકોની ખામીઓને ઓળખવી
- ૮.૩.૨ મૂલ્યાંકન
- ૮.૩.૩ સમયસરની દરમ્યાનગીરી

૮.૪ વિકલાંગતાનો કાયદો અને નીતિ

- ૮.૪.૧ વિકલાંગ લોકોના અધિકારો અને તેની સમજૂતી
- ૮.૪.૨ વિકલાંગતા કાયદો ૧૯૯૫ હેઠળ આવતા લોકો
- ૮.૪.૩ વિકલાંગોનું બિલ, ૨૦૧૧ હેઠળ આવતા લોકોના અધિકારો

૮.૫ ઉપસંહાર

૮.૬ તમારી પ્રગતિ ચકાસો- ના જવાબો

૮.૭ સંદર્ભસૂચિ

૮.૮ સ્વાધ્યાય

## ૮.૦ પ્રસ્તાવના:

અગાઉના પ્રકરણમાં આપ ખાસ જરૂરિયાતવાળાં બાળકો કોણ છે તે અંગે અભ્યાસ કરી ચૂક્યા છો. હવે આ પ્રકરણમાં તેની વિગતવાર ચર્ચા કરીશું. જેમની ખાસ પ્રકારની કાળજી રાખવી પડે છે તથા ખાસ જરૂરિયાતોનું વિશેષ ધ્યાન રાખવું પડે છે, જેની સામાન્ય બાળકોને જરૂર પડતી નથી. આવાં બાળકોને ખાસ જરૂરિયાતવાળાં બાળકો કહેવામાં આવે છે. બધા વર્ગખંડોમાં વિવિધ શક્તિઓવાળાં બાળકો હોય છે. વર્ગખંડોમાં આવી વિવિધતાને ઓળખવું મહત્ત્વનું હોય છે. આપણામાંથી દરેકને આપણાં શાળા/કૉલેજનાં વર્ષો દરમિયાન કેટલીક ખાસ જરૂરિયાતો પડે છે તેનો ખ્યાલ છે.

આ ખાસ જરૂરિયાત એટલે બીજું કશું નહીં, બલકે કોઈ કામગીરી (સંગીત, કલા અને અન્ય) કરવા માટે કે તેના ખ્યાલને સમજવા માટે વધારાની મદદ માટેની જરૂરિયાત. કોઈ સંપૂર્ણ નથી, સામાજિક, બૌદ્ધિક, ઈન્દ્રિયોને લગતો, હલનચલનનો કે લાંબા ગાળાની બીમારીને લગતો પ્રશ્ન હોય તો તે શીખવામાં કે ભણવામાં મુશ્કેલી તરીકે ઊભરી આવતો હોય છે. આ પ્રકરણમાં આપ સૌને ખાસ જરૂરિયાતવાળાં બાળકો અંગેનાં અર્થ, કારણો, સમયસરની સારવાર તથા તેમની ઓળખ અને તેમને લગતી રાષ્ટ્રીય નીતિઓનો પરિચય થશે.

## ૮.૧ અધ્યયન હેતુઓ

આ પ્રકરણનો અભ્યાસ કર્યા બાદ આપ સૌ-

- ખાસ જરૂરિયાતવાળાં બાળકોનો અર્થ સમજાવી શકશો.
- વિકલાંગતા (ચિંતનાત્મક ખામી, સાંભળવાની ક્ષતિ, સ્વયં હલનચલનની શક્તિની ખામી, બોલવાની ક્ષતિ, શીખવાની મુશ્કેલી અને વિવિધ વિકલાંગતા) જેવા વિવિધ પ્રકારોને ઓળખી શકશો.
- જે તે અપંગપણાને સમયસર ઓળખી લેવાની જરૂરિયાત, દરમ્યાનગીરી અને મૂલ્યાંકન કરવાની શક્તિ કેળવી શકશો.
- CWSNના પ્રશ્નોને ઓળખવામાં તથા તેનો ઉકેલ લાવવામાં શિક્ષકોની ભૂમિકાની વ્યાખ્યા કરી શકશો.
- અપંગપણું ધરાવતા દરેક જૂથ માટે શીખવાની જરૂરિયાતો સૂચવી શકશો
- PWD ACT ૧૯૯૫, UNCRPD માં ચર્ચિલા મુખ્ય મુદ્દાઓને વિશેષ પ્રકાશમાં લાવી શકશો.
- CWSNના સંદર્ભે કેન્દ્ર અને રાજ્ય સરકારની ભૂમિકા સમજાવી શકશો

## ૮.૨ વિશેષ જરૂરિયાતવાળાં બાળકોને સમજવાં

શું મારા બાળકને કોઈ ખાસ પ્રકારની જરૂરિયાત છે?- આ એવો પ્રશ્ન છે કે જે અનેક બાળકોનાં માતાપિતાને થાય છે. આની પાછળ પાછળ બીજો મહત્ત્વનો પ્રશ્ન એ છે કે, એ ખાસ જરૂરિયાત કઈ? ૧૪ મહિનાનું કોઈ બાળક અન્ય બાળકોની જેમ ચાલી ન શકે તો શું તેને કોઈ ખાસ જરૂરિયાત છે? બીજું બાળક ટીવી સહિત જ્યાં પણ જે કંઈ સાંભળે છે તે પાછું ફરીથી બોલે છે, રટે છે. શું તેને કોઈ ખાસ જરૂરિયાત છે? અને જો બાળકને એક કે એક કરતાં વધારે જરૂરિયાત હોય તો પરિવારે તેને મદદરૂપ નીવડે તેવી સહાયક સેવાઓ લેવા માટે ક્યાં જવું?

ચિંતાતુર માતાપિતા સૌ પ્રથમ એક જ વ્યક્તિનો સંપર્ક કરશે-શિક્ષકનો. શિક્ષકે જ સૌ પ્રથમ એ જાણવાનું છે કે ખાસ જરૂરિયાતવાળાં બાળકો કયાં કયાં છે. કોઈ બાળક શારીરિક સમસ્યાઓના કારણે ધ્યાન માગી લેતું હોય, કે માનસિક અથવા ભાવનાત્મક હતાશામાં ડૂબેલું હોય તો તેને ખાસ જરૂરિયાતવાળું બાળક ગણવામાં આવે છે. બધી ક્રિયાઓમાં થતો વિલંબ, કેટલીક પ્રવૃત્તિઓ જ ન થઈ શકવી, ખોરાક ન ખાઈ શકાવો અને રોજબરોજની સ્વાભાવિક થવી જોઈએ તેવી ક્રિયાઓ પણ કોઈની મદદ વિના ન થઈ શકવી એ ખાસ જરૂરિયાત વાળા બાળકોનાં લક્ષણો છે.

'ખાસ જરૂરિયાતો' શબ્દો અનેક વ્યાખ્યાઓ ધરાવે છે, જેમાં ભણવાની સાધારણ અક્ષમતાથી માંડીને મનન કે ચિંતનની ગંભીર પંગુતા (માનસિક મંદતા), અવારનવાર બીમાર પડવું, ખોરાકની એલર્જી કે ધીમી ગતિના વિકાસનો સમાવેશ થાય છે. જ્યારે બાળકને સામાન્ય કરતાં વિશેષ મદદની જરૂર હોય ત્યારે તેની જુદા પ્રકારની જ જરૂરિયાતો હોય છે જે સંતોષવાની આવશ્યકતા હોય છે.

**વિકલાંગતાની વ્યાખ્યા:** WHO ના મતાનુસાર, 'વિકલાંગતા' શબ્દને 'મુશ્કેલીઓ'માં બદલી નાખવો જોઈએ - જોવામાં મુશ્કેલી, સાંભળવામાં મુશ્કેલી, વાતચીત કરવામાં, હરવા-ફરવામાં કે શીખવામાં મુશ્કેલી.

ખાસ જરૂરિયાત ધરાવતાં બાળકોને સમજવા માટે આપણે અવારનવાર વપરાતા શબ્દો તથા વિશેષણોને જાણવાં પડે. ક્ષતિગ્રસ્ત, અક્ષમ અને અપંગ તેમ જ વિકલાંગ કે દિવ્યાંગ શબ્દો અવારનવાર વપરાય છે. જોકે, આ શબ્દોમાં કેટલાક અર્થભેદ છે અને WHO દ્વારા ક્ષતિગ્રસ્ત, અક્ષમ અને અપંગ તેમ જ વિકલાંગ કે દિવ્યાંગ શબ્દો માટે વ્યાખ્યાયિત કરેલા દરેક શબ્દના આંતરરાષ્ટ્રીય વર્ગીકરણમાં સ્પષ્ટ રીતે તે ભેદ દર્શાવાયો છે.

> ક્ષતિગ્રસ્ત હોવું એટલે કોઈ પણ શારીરિક નુકસાન, અક્ષમ એટલે કામકાજ કરવાની અશક્તિ અને અપંગ-વિકલાંગ-દિવ્યાંગ એટલે વ્યક્તિને ભોગવવી પડતી સામાજિક ગેરલાભની સ્થિતિ.

હવે આપણે અક્ષમ શબ્દનાં અર્થ, કારણો તથા સંભવિત પ્રભાવ અંગે ચર્ચા કરીએ.

## ૮.૨.૧ ચેતનાત્મક ખામી

જ્યારે કોઈ વ્યક્તિ બુદ્ધિના ઉપયોગમાં (ચેતનાત્મક ખામી) તથા હલનચલનમાં જાતની સંભાળ લેવામાં અને સામાજિક કૌશલ્યોમાં કેટલીક ખાસ મર્યાદાઓ ધરાવતી હોય ત્યારે આ શબ્દ વપરાય છે. સામાન્ય બાળક કરતાં આવા બાળકને શીખવામાં તથા વિકાસ સાધવામાં આ મર્યાદાઓ અવરોધરૂપ બને છે. માનસિક અલ્પબુદ્ધિ ધરાવનાર બાળકને બોલવામાં, ચાલવામાં અને પોતાનાં કપડાં કે ખોરાક જેવી વ્યક્તિગત જરૂરિયાતોની કાળજી લેવાનું શીખવામાં પણ ઘણી વાર લાગે છે. તેમને શાળામાં ભણવામાં મુશ્કેલી હોઈ શકે છે. તેઓ ભણે છે પણ વધુ સમય લે છે. એવુંય શક્ય છે કે કેટલીક બાબતો ન પણ શીખે.

માનસિક વિકલાંગતા ધરાવતું બાળક એવું બાળક છે કે જેને સામાન્ય કરતાં, સરેરાશ કરતાં ઓછી બૌદ્ધિક ક્ષમતા છે તથા જેનો બૌદ્ધિક વિકાસ ધીમી ગતિનો છે. અલ્પબુદ્ધિની તકલીફ સામાન્યથી લઈ ગંભીર હોઈ શકે છે. આ સ્થિતિ વિકાસના શરૂઆતના તબક્કામાં દેખા દે છે.

(ક) **અર્થ :-** હાલમાં મંદબુદ્ધિ અને માનસિક વિકલાંગતા જેવા શબ્દોને બદલે હવે મનન કે ચિંતનની (ચેતનાત્મક) અક્ષમતા એવા શબ્દોથી ઓળખવામાં આવે છે. શબ્દોમાં આવો ફેરફાર 'અપંગ' તથા 'અક્ષમ' જેવા શબ્દો સાથે સંકળાયેલાં લેબલ કે કલંકની અસરને ધોઈ નાખવા માટે કરાયો છે. મંદ બુદ્ધિ ધરાવનાર બાળકનો આઇ.ક્યુ. (બુદ્ધિ આંક) સરેરાશ કરતાં ઓછો હોય છે. આવાં બાળકોને સાધારણ બાળકોની સાથે વર્ગમાં તાલીમ આપી શકાય છે અને તેમને પોતાના માટે તથા દેશ માટે કામનાં અને ઉપયોગી બનાવી શકાય છે. પરંતુ કેટલાંક બાળકો તો એટલી હદે માનસિક ક્ષતિ ધરાવતાં હોય છે કે તેમને કોઈ કામ માટે તાલીમ આપી શકાતી નથી. આથી, કેટલાંક માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોને 'ભણાવી શકાય તેવાં' જ્યારે અન્ય ગંભીર ખામીવાળાં બાળકોને 'કેળવી શકાય તેવાં' જ ગણવામાં આવ્યાં છે.

તેમના આઇ.ક્યુ.ના આધારે મંદ બુદ્ધિઆંકને નીચે પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવ્યો છે:

(મંદ બુદ્ધિ) મનન-ચિંતનની અક્ષમતાનું વર્ગીકરણ

| તીવ્રતાનું સ્તર | આઈ.ક્યુ.નું સ્તર |
|---|---|
| સાધારણ મંદબુદ્ધિ | ૫૦-૭૫ |
| મધ્યમ મંદબુદ્ધિ | ૩૫-૪૯ |
| ગંભીર મંદબુદ્ધિ | ૨૦-૩૪ |
| અત્યંત વધારે મંદબુદ્ધિ | ૨૦થી નીચે |

(ખ) **કારણો:** મનન-ચિંતનની અક્ષમતાનાં કેટલાંક મહત્ત્વનાં તથા પ્રચલિત કારણો આ મુજબ હોઈ શકે છે:

ક. ચેપ અને માદક નશો (એક્સ રુબેલા, સિફિલિસ, એન્સેફેલાઈટિસ (મગજનો સોજો), મેનેન્ઝાઈટિસ (મગજ અને કરોડરજ્જુની આવરણત્વચાનો સોજો અને બળતરા)

ખ. આઘાત અને શારીરિક અસર (અકસ્માત પછી, જન્મ પહેલાં અને પછી, એનોક્સિયા) ને કારણે

ગ. મેટાબોલિઝમ અને પોષણ (એક્સ ફેનિલ કેટોન્યુરિયા) ને કારણે

ઘ. સમગ્ર મસ્તિષ્કની બીમારી (ટ્યૂમર) ને કારણે

ચ. માતાપિતાની અસર (એક્સ.હાઈડ્રોફેલસ, માઇક્રો સેફેલસ) ને લીધે

છ. ગુણસૂત્રીય અસામાન્યતા (ડાઉન્સ સિન્ડ્રોમ જેવું)

જ. માનસિક અસ્થિરતા (આજ સુધી ભાગ્યેજ તેને એક કારણ ગણવામાં આવ્યું છે)

(ગ) મનન-ચિંતનના કારણે અસર પામતાં પરિબળો: મનન-ચિંતનની અશક્તિ ધરાવતું બાળક યાદશક્તિની સમસ્યાઓ, જાગૃતિની સમસ્યાઓ, સમસ્યા ઉકેલવાની મુશ્કેલી, ભાષા લખવા અને/અથવા બોલવાની કે સમજવાની અને/અથવા અભિવ્યક્તિ કરવાની મુશ્કેલી ઊભી કરનારી ભાષાકીય મુશ્કેલી જેવી સમસ્યાઓ ધરાવતું હોય છે.

આવી ચિંતન-મનનની સમસ્યાઓ ધરાવવાના પ્રકારો જુદા જુદા હોય છે, જેમાં યાદ રાખવાની તીવ્ર મંદતાથી માંડીને ચેતનાત્મક કામગીરીની ગેરહાજરી (જેમાં ખાસ કરીને ભાષાનો સમાવેશ થાય) સુધીની બીમારી હોય છે. તેથી, કામકાજ કરવાની મર્યાદાઓના પ્રકારો પણ પ્રચુર માત્રામાં વિવિધતા ધરાવે છે.



## ૮.૨.૨ સાંભળવાની તથા બોલવાની ખામી

(ક) **અર્થઃ** સાંભળવામાં ઘટાડો એટલે શ્રવણશક્તિની ખામીનું કોઈ પણ સ્તર કે કક્ષા, જ્યારે બહેરાશ એટલે વાતચીતમાં બોલાતી વાતને કાન વડે સમજવાની સંપૂર્ણ અશક્તિ. એટલે, સાંભળવાની અશક્તિ ધરાવતાં બાળકો એવાં છે જેઓ પોતે સાંભળેલું બોલી કે કહી શકતાં નથી. જેમને સાંભળવાની ઓછી શક્તિ છે તેવા લોકોને બધિર કહેવામાં આવે છે. સામાન્ય રીતે કોઈ વ્યક્તિ સુધી અવાજને ૯૦ ડેસિબલ (સાધારણ કરતાં ૫થી ૧૦ ગણો વધારે મોટો અવાજ) કરીને સંભળાવવામાં આવે અને મોટા કરાયેલા અવાજમાં પણ તે સાંભળી ન શકે, ત્યારે તેવી વ્યક્તિને બધિર કહેવામાં આવે છે.

સાંભળવાની મુશ્કેલી સંવેદનસ્થાનને લગતી કે વાહક હોઈ શકે. સંવેદનસ્થાનને લગતી સાંભળવાની મુશ્કેલીમાં કેન્દ્રીય સ્નાયુઓની સિસ્ટમમાં શ્રવણને લગતા માર્ગોને નુકસાન હોઈ શકે, જેમાં શરૂઆતમાં કાનના અંદરના ભાગના પોલાણમાં તથા શ્રવણશક્તિના સ્નાયુઓને તથા મગજના સ્ટેમને તથા સેરેબ્રલ કોર્ટેક્સને હાનિ પહોંચી હોય (તેનાથી વ્યક્તિને શ્રવણનો સંદેશો અને તેનો અર્થ મળતો અટકે છે કે ખલેલ પામે છે). વાહક બહેરાશ એવી છે જેમાં વ્યક્તિના બાહ્ય કે મધ્ય કાનને નુકસાન થયું હોય છે જે કાનના અંદરના પોલાણ (કોકલિયા) સુધી અવાજનાં મોજાંને લઈ જતા હોય છે.

(ખ) **કારણ :-** બહેરાશનાં મુખ્ય કારણો વારસાગત, અકસ્માત અને માંદગી હોય છે. બહેરાશનાં તમામ કારણો પૈકીનાં લગભગ ૫૦ ટકા કારણોમાં જીનેટિક પરિબળો/આનુવંશિકતા બહેરાશનું સંભવિત કારણ હોય છે. આસપાસના વાતાવરણનાં પરિબળો (અકસ્માત, માંદગી, વારંવાર લેવાતી દવાઓ વગેરે) ઘણા કિસ્સાઓમાં બહેરાશ માટે જવાબદાર હોય છે. સગર્ભા માતા દ્વારા ફેલાતા રુબેલા કે અન્ય ચેપ ગર્ભમાં રહેલા બાળકને બહેરાશ આપી શકે છે. જન્મની ક્રિયા પ્રાણવાયુ મળવાનું બંધ થઈ જવા જેવાં પરિબળો સાંભળવાની શક્તિને અસર પહોંચાડી શકે છે. થોડાંક મોટાં બાળકોમાં માંદગીના કારણે ચેપ લાગવાથી પણ બહેરાશની અસર થઈ શકે છે. સતત ઊંચા અવાજનું સ્તર પણ વધતી જતી અને અંતે તીવ્ર પ્રકારની સંવેદનસ્થાનને અસર પહોંચાડનારી બહેરાશનું કારણ બને છે. એ જ રીતે ટ્યૂમર, ખૂબ જ મોટા ધડાકાનો અવાજ, ખોપરીને કે કાનને ઈજા પણ બહેરાશનું કારણ બને છે.

(ગ) **સાંભળવાની અશક્તિને કારણે અસર પામતાં પરિબળોઃ** સાંભળવાની અશક્તિ ધરાવનાર (મુખ્યત્વે ગંભીરથી માંડીને વિસ્તૃત અસર ઉપજાવનારું નુકસાન વેઠી રહેલા) બાળકને ભાષા શીખવામાં અને સંચાર માટે બોલવાનું શીખવા માટે તેના માટે સારો એવો સમય ફાળવવો પડે, જેથી તેને શિક્ષણ મળી શકે તથા તેનામાં સામાજિક કૌશલ્યોનો વિકાસ થઈ શકે.

## ૮.૨.૩ બોલવાની નબળાઈ

(ક) **અર્થઃ** બોલવાની અશક્તિ વિવિધ પ્રકારની હોય છે, જેમાં અભિવ્યક્તિની સમસ્યા કે અવાજની શક્તિની સમસ્યાથી માંડીને સંપૂર્ણ અવાજવિહીન હોવું, ઘોઘરો અવાજ હોવો તેમ જ તોતડું કે બોબડું હોવા સુધીની સમસ્યાનો સમાવેશ થાય છે. બોલવાની મુશ્કેલીઓ સેરીબ્રલ પાલ્સી, સાંભળવાની અશક્તિ અને મગજની ઈજાને કારણે પણ હોઈ શકે છે. બોલવાની અશક્તિ ધરાવતાં બાળકોને સમજવામાં તથા વિચારોની અભિવ્યક્તિમાં મુશ્કેલી પડી શકે છે.

(ખ) **કારણોઃ** *મોડેમોડે બોલવાનું શીખેલું બાળકઃ અનેક પરિસ્થિતિઓ - માનસિક પંગુતા, સાંભળવાની અશક્તિ તથા વર્તનને લગતી સમસ્યાથી બાળક મોડું બોલતાં શીખે છે. તડ સ્વાદેન્દ્રિયઃ મોં તથા જીભની સ્વાદેન્દ્રિયમાં બંધારણીય ખામી હોય તો બોલવાની અશક્તિ આવે છે. વળી બોલવાની અશક્તિનાં મૂળ ભાવનાત્મક તથા મનોવૈજ્ઞાનિક પણ હોઈ શકે છે. ઉત્તેજના કે સ્ફૂર્તિનો અભાવ, સંયોજનમાં હાઈપર ઍક્ટિવિટી જેવું ગતિ-મૅલાડેપ્ટીવ વર્તન તથા સામાન્ય વર્તનને લગતી મુશ્કેલી, આનુવંશિકતા.*

(ગ) **સાંભળવાની અશક્તિને કારણે અસર પામતાં પરિબળોઃ** *ખાસ કરીને મોટા બાળકોમાં બોલવાની ખામી સામાજિક નકારાત્મકતાની અસર ઊભી કરે છે. જેમને બોલવાની મુશ્કેલી હોય તેવાં બાળકો પોતાની મુશ્કેલીને કારણે ડરનો ભોગ બને છે, જેને કારણે તેમના આત્મસન્માનને ઠેસ પહોંચે છે. જીવનમાં એમની ઉંમર વધતાં જેમ જેમ વધારે સમજ આવતી જાય છે તેમ તેમ જાહેરમાં ડરનો અનુભવ સામાન્ય રીતે ઓછો થતો જોવા મળે છે.*

## ૮.૨.૪ દૃષ્ટિની ખામી

(ક) **અર્થઃ** *નબળી દૃષ્ટિ જેવી જોવાની મુશ્કેલી ધરાવતાં બાળકોથી માંડીને એવાં બાળકો કે જે અજવાળું જોઈ શકે પણ આકારને ન પારખી શકે, અને એવાં બાળકો કે જેમને અજવાળું બિલકુલ અનુભવાતું નથી તેવાં બાળકો સુધીનાં બાળકો હોય છે. જોકે, ઓછી દૃષ્ટિવાળાં અને કાયદેસર અંધ એવાં બે મોટાં વિશાળ જૂથોનું પ્રતિનિધિત્વ કરવાના કારણે આવા લોકોનો વિચાર સામાન્ય ચર્ચા માટે કરવો ઉપયોગી નીવડશે.*

(ખ) **કારણો :** *દૃષ્ટિદોષના મુખ્ય કારણો આ મુજબ છેઃ*

૧. *વિટામિન એ-ની ઊણપ*

૨. *ગર્ભાવસ્થા દરમિયાન કેટલીક અસામાન્યતાઓના કારણે આવેલ જન્મજાત મોતિયો અથવા વારસાગત મોતિયો*

૩. *અપરિપક્વ નવજાત શિશુના રેટિનાની નબળાઈ દૂર કરવા કાચની પેટી (ઈન્ક્યુબેટર) માં અપાતા વધુ પડતા ઓક્સિજનને કારણે પણ દૃષ્ટિદોષ સંભવી શકે છે.*

૪. *મોતિયો - સામાન્ય રીતે મોટી ઉંમરે આવે છે, જે ઓપરેશનથી દૂર કરી શકાય છે.*

૫. *ગ્લુકોમાઃ આંખ ઉપરનું ભારે દબાણને કારણે રેટિનાને નુકશાન છે.*

(ગ) **દૃષ્ટિદોષના કારણે અસર પામતાં પરિબળોઃ** *જેમને દૃષ્ટિદોષ છે તેવાં બાળકોને દૃશ્ય ચીજવસ્તુઓ તથા અન્ય દેખાતી બાબતો (દા.ત. જોખમરૂપ કે ભયજનક ચેતવણીઓ) તેઓ જોઈ શકતાં નથી. વળી, જ્યારે જોવા પર જ આધારિત બધાં કામકાજ હોય (દા.ત. જ્યાં કમ્પ્યૂટર-માઉસની જેમ આંખ-હાથનું સંકલન જરૂરી હોય ત્યાં) તેનો ઉપયોગ કરવામાં મુસીબતો ઊભી થાય છે. લેખિત કામકાજની સૂચનાઓ તથા અન્ય દસ્તાવેજીકરણ બિનઉપયોગી સાબિત થઈ શકે છે, અને હાથ વડે કામ કરવામાં મુશ્કેલી હોય (જેમ કે, કશું દાખલ કરવાનું હોય, કશું મૂકવાનું હોય કે ભેગું કરવાનું હોય) તેવી કામગીરીમાં મુસીબત રહે છે.*



*જેમને રંગ-અંધતા હોય તેવા લોકોને કેટલાક ચોક્કસ રંગોની જોડી ઓળખવામાં મુશ્કેલી પડે છે. સામાન્ય રીતે આ બાબત ભારે મુશ્કેલીજનક બનતી નથી, સિવાય કે જ્યારે કોઈ સૂચના કે માહિતી રંગમાં રજૂ થયેલી હોય અથવા પાછળ નબળી આકૃતિ કે વિરોધાભાસી બૅકગ્રાઉન્ડ હોય.*

## ૮.૨.૫ હલનચલન નિષ્ક્રિયતા

(ક) **અર્થ:** *ગતિની અપંગતા ધરાવનારાં બાળકો વિશેષ જરૂરિયાતવાળાં બાળકોના જ એક પ્રકારનાં તથા અન્યોની જેમ સમાજનાં જરૂરી સભ્યો હોય છે. આ બાળકો તથા સામાન્ય બાળકોમાં શારીરિક રીતે બહુ ઝાઝો ફરક હોતો નથી. સમાજમાં તેમને તેમનાં પોતાની વિશેષતાઓ અને અસરો હોય છે. અગાઉ તેમના પ્રત્યે લોકો સહાનુભૂતિથી અને દયાથી જોતા હતા, પણ સામાજિક સભાનતા વધવાથી તેમના પ્રત્યેનો લોકોનો સાધારણ અભિગમ પણ પરિવર્તન પામ્યો છે.*

*ગતિશીલતામાં ખામીવાળી સ્થિતિ શરીરની એવી સ્થિતિ છે જે સરેરાશ બાળકો શાળામાં જે પ્રવૃત્તિઓ કરે છે તેમાં સામાન્ય પ્રગતિ કરતાં બાળકને અટકાવે છે. જુદી જુદી ક્ષમતાઓ માટે કે તેના પર કાબૂ મેળવવા માટે તેમને ખાસ ધ્યાન અને સાધનની જરૂર પડે છે.*

(ખ) **કારણો આર્થરાઈટીસ :** *સાંધાનો દુઃખાવો એટલે આર્થરાઈટીસ નામની બીમારી. તે ખાસ કરીને ગતિમાં ઘટાડો કરી દે છે અને નબળાઈ આપે છે. રૂમેટોઈડ આર્થરાઈટીસ એક દીર્ઘકાલીન (ક્રૉનિક) સિન્ડ્રોમ છે. ઓસ્ટિયો આર્થરાઈટીસ સાંધાની બગડેલી સ્થિતિનો રોગ છે.*

**સેરીબ્રલ પાલ્સી (સી.પી.):** *સેરીબ્રલ પાલ્સી મગજની પરિપક્વતા પહેલાં જ મગજના ગતિશીલ વિસ્તારોને નુકસાન કરનારી બીમારી (તેના મોટા ભાગના કેસ યા જન્મ પહેલાં, તે દરમિયાન કે જન્મ પછી તરત જ થાય) છે. સીપી કોઈ બીમારી નથી, બલકે એક પ્રકારની ઈજા છે (જોકે, તે રોગ બની શકે છે), અને તે સમય જતાં વધુ ગંભીર બનતી નથી; છતાં 'ઈલાજ થઈ શકે તેવી' પણ નથી.*

**કરોડરજ્જુની ઈજા:** *કરોડરજ્જુમાં ઈજા થાય તો તે બાદ પક્ષાઘાત અથવા પેરેલિસિસ (નબળાઈ) થઈ શકે છે. પક્ષાઘાત/પેરેલિસિસનું વિસ્તરણ અને શરીરના ભાગોને થતી અસર નક્કી કરવા કરોડરજ્જુ પર કેટલું નુકસાન થયું છે અને તે કેટલું વધુ કે ઓછું છે તે અને કરોડરજ્જુને કેટલું નુકસાન થયું છે તેના પર આધાર રાખવાનો રહે છે.*

**માથાની ઈજા (સેરીબ્રલ ટ્રોમા):** *મગજને વાગવાથી થયેલી ઈજા, મગજના કોષને ઈજા, માથાને નજીકથી થયેલી ઈજા, સેરીબ્રલ હેમરેજ, ખોપરીને થયેલું મોટું ફ્રેક્ચર, બહારની વસ્તુ (જેમ કે, બંદૂકની ગોળી), એનોક્સિયા અને ઑપરેશન બાદ લાગેલા ચેપ સહિત થયેલી ઈજાઓને 'મસ્તકની ઈજા' કહેવાય છે.*

**મગજને રક્ત ઓછું પહોંચવાને કારણે થયેલો હુમલો:** *(સેરીબ્રલ વાસ્ક્યુલર ઍક્સિડન્ટ; સીવીએ) આવા હુમલાનાં મુખ્ય ત્રણ કારણો છે - થ્રોમ્બોસીસ (રક્તવાહિનીમાં રક્તનો સંચાર અટકાવનાર), હેમરેજ (મગજના સ્નાયુઓમાં રક્તસ્રાવનું કારણ બને છે, તેનો સંબંધ હાઈ બ્લડ પ્રેશર કે ધમનીનું ફાટવું) અને પક્ષાઘાત (ધોરી નસને ફાડી નાખનાર એક મોટી ગાંઠ).*



**અંગો કે આંગળીઓને ઈજા (અંગચ્છેદન કે જન્મજાત):** *આનું કારણ હુમલાના (જેમ કે, વિસ્ફોટ, મશીનમાં કપાઈ જવાના કારણે, જોડાણ તૂટી જવું, દાઝી જવું) કે સર્જરી (કેન્સર, ઉપરછલ્લી ધમનીનો રોગ, મધુમેહના કારણે).*

**પાર્કિન્સન રોગ :** *માંસપેશીઓમાં જડતા, ગતિમાં ઢીલાશ અને એક પ્રકારની ધ્રુજારીનાં લક્ષણ ધરાવતી આ બીમારી વૃદ્ધોને થતી એક પરંપરાગત બીમારી છે. તેમાં ખરેખર પક્ષાઘાત હોતો નથી.*

**મલ્ટિપલ સ્કેરોસીસ (એમ.એસ.):** *જ્ઞાનતંતુઓને રક્ષણ પુરું પાડતા ઈન્સ્યુલેટિંગ મટીરિયલને ખતમ કરી દેનારી આ બીમારી કેન્દ્રીય સ્નાયુઓની સિસ્ટમને કારણે થતી બીમારી તરીકે ઓળખાય છે.*

**માંસપેશીઓને કુપોષણ :** *માંસપેશીઓને કુપોષણ આનુવંશિક બીમારીઓનો એક એવો સમન્વય છે કે જેના કારણે વધતીજતી માંસપેશીઓની નબળાઈ, માંસપેસીને લગતા નિયંત્રણમાં ત્રુટિ, સંકોચન અને હાલવા-ચાલવામાં, શ્વાસ લેવામાં,હાથ લંબાવવામાં અને તાકાતથી હાથ હલાવવા વગેરેમાં મુશ્કેલી.*

**ગતિની સમસ્યાને અસર કરતાં પરિબળો :** *જે વ્યક્તિઓને હલનચલનમાં મુશ્કેલી હોય તેમને આ સમસ્યા નડે છે. તેનું કારણ સ્નાયુઓ પર ઓછો અંકુશ, નબળાઈ અને થાક, ચાલવામાં, વાતચીત કરવામાં, બોલવામાં, જોવામાં, બુદ્ધિપૂર્વક નિર્ણય લેવામાં કે કોઈ વિચારને ગ્રહણ કરવામાં (દર્દના કે નબળાઈના કારણે) મુશ્કેલી પડે છે. વસ્તુઓ સુધી પહોંચવામાં અને અઘરી કે અટપટી હાથની ક્રિયા (ધક્કો મારવો કે પલટાવવું)માં મુશ્કેલી. જેમને કરોડરજ્જુમાં ઈજા થઈ હોય તેઓ પોતાના હાથ-પગનો ઉપયોગ કરી શકતા નથી. ઘણા પ્રકારની શારીરિક અક્ષમતાઓ (સેરીબ્રલ પાલ્સી, કરોડરજ્જુની ઈજા, આર્થરાઈટીસ, અનેક સ્કલેરોસીસ, માંસપેશીઓની ખામી વગેરે) ધરાવતા લોકો માટે વાંકા વળવું મુશ્કેલ કે અશક્ય હોય છે.*

## ૮.૨.૬ બહુવિધ નબળાઈ

(ક) **અર્થ :** *એક પ્રકારની ખામીનું જે કારણ હોય તે બીજી ખામીઓ માટે પણ કારણભૂત હોય છે, તેવું સામાન્ય રીતે જોવા મળે છે. ખાસ કરીને જ્યાં રોગ કે હુમલો ગંભીર હોય અથવા ઉંમરના કારણે ખામી આવી હોય છે.*

*બહેરાશ અને અંધાપો સામાન્યતઃ સંજોગવશાત આવે છે. આવા લોકો પૈકીના મોટા ભાગના લોકો કાં તો પૂરેપૂરા બહેરા કે કાયદેસર અંધ હોતા નથી, પણ જોવાની અને સાંભળવાની બંને ખામી એક હદ સુધી માત્ર બહેરાશ માટે કે અંધાપાને કારણે નથી વધતી જતી વિકલાંગતા માટે માનસિક અને શારીરિક ખામીઓ પણ જવાબદાર હોઈ શકે છે, જેનું પરિણામ જીવનની મુખ્ય કામગીરીનાં ત્રણ કે તેથી વધારે ક્ષેત્રોમાં રોજબરોજના કામકાજમાં નડી શકે છે. જેના કારણે અંધાપો આવી શકે છે તે ડાયાબિટીસના કારણે ક્યારેક આંગળાંની સંવેદના પણ લુપ્ત થઈ શકે છે. આથી ઘણી વાર બ્રેઈલ કે ઉપસાવેલું લખાણ પણ વાંચવું અશક્ય બને છે. સેરીબ્રલ પાલ્સી ક્યારેક જોવાની મર્યાદા, સાંભળવાની મર્યાદા અને ભાષાની અશક્તિ કે પછી જ્ઞાનતંતુઓની ખામી પણ લાવે છે.*

(ખ) **કારણો :** એકથી વધારે ખામીઓ માટે ઘણાં સામાજિક, આસપાસના વાતાવરણને લગતાં અને શારીરિક કારણો હોય છે, તેથી અમુક માટે કોઈ ચોક્કસ કારણ નિશ્ચિત ન કરી શકાય. એકથી વધારે ખામીઓ માટે સાધારણ પરિબળોમાં નીચે મુજબનો સમાવેશ થાય છે:

- મગજને ઈજા કે જન્મ પહેલાં કે દરમિયાન કે પછી લાગતો ચેપ (ઈન્ફેક્શન);
- વૃદ્ધિ કે પોષણની સમસ્યાઓ (જન્મ પહેલાં, જન્મ દરમિયાન કે જન્મ પછી);
- ગુણસૂત્રો તથા જીન્સની વિકૃતિ
- સંભવિત જન્મની તારીખ કરતાં ખૂબ વહેલો જન્મ થઈ જવો, જેને એક્સ્ટ્રીમ પ્રીમૅચ્યુરિટી પણ કહે છે;
- માતાનો નબળો ખોરાક અને આરોગ્યની બિલકુલ સંભાળ નહીં, અથવા ઓછી સંભાળ;
- સગર્ભાવસ્થા દરમિયાન મદ્યપાન તથા ધૂમ્રપાન સહિતની માદક ચીજોનું સેવન;
- માદક ચીજોના સેવનને લાગે વળગે છે ત્યાં સુધી સંબંધિત જન્મ પહેલાં ગર્ભના વિકાસ માટે જરૂરી એવા થાલીડોમાઈડ જેવાં પરિબળની ઉપેક્ષા કરી હોય;
- ગંભીર શારીરિક અયોગ્ય ઉપચારો(બાળકનો દુરુપયોગ), જેમાં માથાને ઈજા થઈ હોય અને બાળકની શીખવાની શક્તિઓને તથા સામાજિક-ભાવનાત્મક વિકાસને વિપરીત અસર કરી શકે તેવી ઈજા થઈ હોય.

## ૮.૨.૭ શીખવાની ખામી

(ક) **અર્થ:** શીખવાની અક્ષમતા એ એક એવી વિપરીત સ્થિતિ છે જેમાં પાયામાં જ્ઞાનતંતુનું કારણ હોય છે, જે કોઈ અર્થ ગ્રહણ કરવામાં અને/અથવા શ્રવણ, દશ્ય કે દેશીય, સ્થાનિક માહિતીને સમજવામાં નોંધપાત્ર મુશ્કેલીનો અનુભવ કરાવે છે અથવા આ બધાંનું સંયોજન છે.

શીખવામાં મુશ્કેલી ઘણી વાર બાળકોમાં તેમની સરેરાશ બુદ્ધિપ્રતિભા સુધી કે તેથી ઉપર હોય છે અને તેઓ બોલાતી કે લેખિત ભાષાના ઉપયોગમાં કે તેની સમજમાં વપરાતી પાયાની ક્રિયાઓ એક કે તેથી વધારે ક્રિયાઓમાં સંકળાયેલા રહે છે.

આમાં વાંચવાની (ડીસ્લેક્સિયા), લખવાની (ડીસ્ગ્રાફિયા) અને ગણિત ગણવા (ડીસ્કેલ્કુલિયા) જેવી કામગીરીની અશક્તિનો સમાવેશ થાય છે. આ તમામ અશક્તિ પોતાની કૅટેગરીમાં વિસ્તૃત રીતે વિવિધતા ધરાવે છે. બૌદ્ધિક ક્ષમતા અને સિદ્ધિ તથા પરિણામ (માહિતી તથા પ્રતિભાવની અભિવ્યક્તિ) ની વચ્ચે મેળ હોતો નથી કે આ કઈ પરેશાનીના કારણોના લક્ષણો છે. સ્પષ્ટ થયેલો તફાવત શીખવાની મુશ્કેલીનું લક્ષણ છે.

(ખ) **કારણો :** શીખવાની અક્ષમતાઓનાં કારણો સારી રીતે સમજાતાં નથી, અને ક્યારેક તો શીખવાની અક્ષમતા માટે દેખીતું કારણ પણ હોતું નથી. જોકે, ન્યૂરોલોજિકલ અપંગપણાનાં કેટલાંક કારણો આ મુજબ હોય છે:

- આનુવંશિકતા - પરિવારમાં જ ઘણી વાર સમજવાની અક્ષમતા હોય છે.
- સગર્ભાવસ્થા તથા જન્મ દરમિયાનની સમસ્યાઓ - વિકસી રહેતા મગજમાં નિયમ વિરુદ્ધ જવું, બીમારી કે ઈજા, મદ્યપાન કે અન્ય હાનિકારક નશાનો પ્રાણઘાતક ઉપયોગ, જન્મ વખતે ઓછું વજન, જન્મ સમયે ઑક્સિજનની ઉણપ કે અપરિપક્વ કાચી ઉંમરે અથવા લાંબો સમય મજૂરી કરવાની થાય તે બધી બાબતો શીખવાની અક્ષમતાઓ પર અસર કરે છે.

- જન્મ પછી અકસ્માત - માથામાં ઈજા, કુપોષણ કે ઝેરી (જેમ કે, ભારે ધાતુ કે પેસ્ટિસાઇડ) રસાયણના પ્રસરવાથી પણ શીખવાની અક્ષમતાઓ આવે છે.

## ૮.૨.૮ ભાવનાત્મક તથા વ્યવહારાત્મક વિકાર/ખામી

(ક) **અર્થ:** ભાવનાત્મક અને વર્તનની અવ્યવસ્થાઓ (ઈબીડી) એક વિસ્તૃત વર્ગ છે જે સામાન્ય રીતે શૈક્ષણિક બાબતોમાં વપરાય છે, અને ખાસ પ્રકારની ઇન્દ્રિયગમ્ય તકલીફો હોય તેવાં વધારે ખાસ પ્રકારનાં બાળકો તથા કિશોર-કિશોરીઓનાં જૂથોને સમજવા માટે તેનો ઉપયોગ થાય છે.

નીચેની લાક્ષણિકતાઓ પૈકીની એક કે વધારે લાક્ષણિકતા લાંબા સમયથી એક ચોક્કસ ગંભીરતા સુધી પહાંચી હોય તેવી લાક્ષણિક્તા બાળકના શિક્ષણને તે વિપરીત અસર પહોંચાડે છે:

૧. શીખવામાં કે શિક્ષણ લેવામાં મુશ્કેલી. આ એવી મુશ્કેલી છે કે જે બૌદ્ધિક રીતે, ઇન્દ્રિયગમ્ય રીતે કે આરોગ્યનાં પરિબળોથી સમજાવી શકાતી નથી.

૨. પોતાના સહાધ્યાયીઓ તથા શિક્ષકગણ સાથે અરસપરસ સંતોષકારક સંબંધ બાંધવામાં કે જાળવવામાં મુશ્કેલીનો અનુભવ

૩. સાધારણ સંજોગોમાં વર્તન કે ભાવનાના અયોગ્ય પ્રકારો

૪. નારાજગી કે હતાશાની સામાન્ય રીતે વધતી જતી વૃત્તિ

૫. વ્યક્તિગત અથવા શાળાની સમસ્યાઓ સાથે સંકળાયેલાં શારીરિક લક્ષણો કે ડરને વિકસાવવાનું એક વલણ

(ખ) **કારણો:**

જીવવિદ્યા એક પરિબળ હોઈ શકે છે. ભાવનાત્મક અને વર્તનને લગતા ગોટાળા વ્યક્તિના જીન્સમાંથી ઊતરી આવે છે, જેનું કારણ મગજમાં રાસાયણિક અસમતુલા કે પછી મગજને થયેલી ઈજા હોય છે. વ્યક્તિની આસપાસનું વાતાવરણ પણ એમાં ભાગ ભજવી જતું હોય છે. જો બાળકનો દુરુપયોગ થયો હોય, ભારે તણાવમાં હોય, પરિવારમાં મૃત્યુ કે ભારે નુકસાન જોયું હોય, અને/અથવા હિંસા જોઈ હોય તો આ પ્રકારની લાગણીનો તેનામાં વિકાસ થાય તે વધારે શક્ય છે.

## ૮.૨.૯ 'પ્રતીક્ષા કરતાં બાળકો' નો વિચાર

જે બાળકો પોતે દત્તક લેવાવાની પ્રતીક્ષા કરી રહ્યાં છે તેવાં બાળકો માટે દત્તક લેવાવા માટે કાયદેસર યુક્ત છે. તેઓ જાહેર બાળ કલ્યાણ વ્યવસ્થા હેઠળ સંભાળ પામી રહેલાં હોય છે, અને તેઓ પોતાનાં જન્મસ્થળનાં ઘરોમાં પાછાં ફરી શકતાં નથી અને કાયમી પરિવારની તેમને જરૂરિયાત હોય છે.

આ શબ્દમાં સામાન્ય રીતે જેમને કાનૂની રીતે દત્તક લઈ શકાય તેવાં નાનાં બાળક અને શાળાની વયનાં બાળકોનો સમાવેશ થાય છે. તેઓ સાધારણ રીતે કાનૂની હદ હેઠળ હોય છે અને જાહેર સંભાળ સંસ્થાઓની સંભાળ હેઠળ હોય છે, તથા તેની પાછળ વિવિધ કારણો હોય છે જેમાં તેમનાં પારિવારિક વાતાવરણમાં તેમની ઉપેક્ષા, ત્યજી દેવાયાની સ્થિતિ, તેમનો દુરુપયોગ અને/અથવા અન્ય દુર્વ્યવહારનો સમાવેશ થાય છે.

દત્તક લેવાવાની ઝંખના ધરાવતાં આવાં ઘણાં બાળકોને ભાઈ-બહેનો પણ હોય છે જે દત્તક લેવાવા માટે ઉપલબ્ધ હોય છે, અને તેઓ એક પરિવારની જેમ સાથે રહેવાનું પસંદ કરતાં હોય છે. મોટા ભાગનાં ભૌગોલિક સ્થાનોમાં આવાં પ્રતીક્ષા કરી રહેલાં બાળકો પૈકીનાં અડધાથી વધારે બાળકો નૈતિક રીતે અલગ હોય છે અથવા વિશિષ્ટતાઓ ધરાવતાં બાળકો હોય છે. આવાં પ્રતીક્ષા કરી રહેલાં બાળકોમાં બે બાબતો સૌથી સાધારણ હોય છે: ૧) જ્યાં તેમની પોતાની પૂર્ણ ક્ષમતાએ તેમને ખીલવા માટે પૂરતાં પ્રેમ અને પ્રોત્સાહન મળે તેવા જવાબદાર તથા પોષક પરિવારની ઝંખના, અને ૨) જોકે, અપૂર્ણ અને મોટા ભાગનાં પડકારજનક બાળકો પણ તેમના નવા પરિવારોમાં અદ્દભુત આનંદ અને સંતોષ લાવી શકે છે.

ભારતીય દત્તક પ્રણાલી મુજબ, હિન્દુઓ સિવાય દત્તક લેવાની ભારતીય કાનૂનમાં કોઈ જોગવાઈ નથી. દેશાંતર કરનાર દત્તક માતા-પિતાની દેખરેખ હેઠળ બાળકોને રાખવામાં આવે છે, અને દત્તક લેવાની પ્રક્રિયા માતા-પિતાના પોતાના દેશમાં જ થઈ શકે છે.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. જેઓ દત્તક લેવાવાની પ્રતીક્ષા કરતાં હોય તેવાં બાળકો દત્તક લેવાવા માટે કાયદેસર રીતે મુક્ત હોય છે, તેમને કયા નામે ઓળખવામાં આવે છે? .............................

૨. બાળકને ત્યારે જ કાયદેસર અંધ કહી શકાય, જ્યારે તેની જોવાની ક્ષમતા ............. .........હોય. (૨૦/૨૦, ૨૦/૨૦૦, ૧૦/૨૦૦, ૨૦/૨૦૦૦).

૩. સાંભળવાની અક્ષમતાવાળા બાળકે ........... શીખવા પાછળ નોંધપાત્ર સમય આપવાની જરૂર હોય છે. (ભાષા, બ્રેઈલ લિપિ, લેખન, વાચન)

૪. વિટામિન 'એ'ની ખામી ............. માટેનાં કારણો પૈકીનું એક કારણ છે. (સાંભળવાની અક્ષમતા, હલનચલનની તકલીફ, જ્ઞાનતંતુઓની અક્ષમતા, જોવાની ખામી)

## ૮.૩ સમયસરની ઓળખ, મૂલ્યાંકન તથા તેમાં દરમ્યાનગીરી

ભારતમાં સમયસરની બાળસંભાળ અને વિકાસની જરૂરિયાતને કેન્દ્ર અને રાજ્ય સરકારો એમ બંને સ્તરે ધ્યાન પર લેવામાં આવી છે. સમયસરની દરમ્યાનગીરી બાળકને શાળા માટે તૈયાર કરવામાં તથા સાથોસાથ પ્રાથમિક અને મધ્યમ સ્તરના અપંગપણાને અટકાવવાની દિશામાં ખૂબ મહત્ત્વનાં અસરકારક પગલાં તરીકે જોવામાં આવે છે. દરેક બાળકમાં રહેલી ક્ષમતાનો/સંભવિતતાનો સારામાં સારો ઉપયોગ થાય સ્વાભાવિક રીતે પણ તે ખૂબ જ અગત્યનું છે, કેમ કે, તેનાથી જ બાળકોના ભાવિનો પાયો નંખાવાનો છે તથા તેમના સર્વાંગી વિકાસ માટે તે જ અગત્યનું બની રહેવાનું છે.

તેવા બાળકની સમયસરની તથા વહેલી ઓળખ અને તેનામાં દરમિયાનગીરી કરવી તે પુનર્વસનના ક્ષેત્રમાં નિષ્ણાતો દ્વારા સ્વીકૃત કરાયેલી અને એકરૂપ કરાયેલી બાબત છે. સમગ્ર બાળવિકાસ કાર્યક્રમ તરીકે શરૂ કરાયેલા ICDS એ પોષણ ઉપર વિશેષ ભાર મૂક્યો છે. પાછળથી આ કાર્યક્રમ કિશોરવયની છોકરીઓ, જન્મ પહેલાં અને પછીની સંભાળ તથા શાળા પહેલાં છ વર્ષ લગીના શિક્ષણ સુધી વિસ્તરણ પામ્યો છે. પાયાના કાર્યકરો (આંગણવાડી કાર્યકરો) માટેની તાલીમના એક ઘટક તરીકે અક્ષમતાઓના મોડ્યુલ અંગે એક જાગૃતિનો પણ સમાવેશ આમાં કરાયો. અલબત્ત, અક્ષમતા ધરાવતાં બાળકોનો રૂપરેખાની દૃષ્ટિએ આંગણવાડીઓમાં સમાવેશ કરાયો નહોતો.

અક્ષમતા ધરાવતાં પાંચ વર્ષથી નીચેનાં બાળકોની વહેલી સમયસરની ઓળખ,તેમાં દરમિયાનગીરી કરવાથી, યોગ્ય ટૅક્નોલોજી તથા કૌશલ્યના ઉપયોગથી માધ્યમિક સ્તરે થતી અપંગતાને તથા સમસ્યાની ગંભીરતાને અટકાવી શકાય છે.

## વિશેષ જરૂરિયાતવાળાં બાળકો CWSN (Children With Special Need) નો ખ્યાલ

ઘણાં માતા-પિતાને એવો ડર હોય છે કે તેમના સંતાનને વિશેષ જરૂરિયાતવાળા બાળક તરીકે લેબલ મારી દેવાથી તેમના સંતાનના ગુણદોષ જાહેર થઈ જશે. તેમને એવી ભીતિ હોય છે કે, ખાસ જરૂરિયાત ઓળખાઈ જવાથી તેમના બાળક સામે કોઈ જોખમ ખડું થઈ જશે, જેમ કે, તેની ઉંમરનાં બાળકોના સામાન્ય કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓમાંથી તેમના બાળકની બાદબાકી થઈ જશે.

તેથી, વાસ્તવિક હેતુઓ માટે ખૂબ જરૂરી બાબત છે કે, ખાસ જરૂરિયાતવાળાં બાળકોની શક્ય એટલી વહેલી ઓળખ થાય અને તેમને તેવાં માનવામાં આવે, જેથી શક્ય તેટલું શ્રેષ્ઠ જીવન જીવવા માટે તેમને જોઈતી ખાસ મદદ મળી શકે.

અત્રે શિક્ષકની ભૂમિકા ખૂબ જ નિર્ણાયક બની રહે છે. સૌપ્રથમ શિક્ષકને આ પ્રકરણમાં દર્શાવેલાં ચિહ્નો પૈકીનાં કેટલાંક ચિહ્નો બાળકમાં દેખાય પછી શિક્ષકે સ્ક્રિનિંગ ફોર્મનો ઉપયોગ કરવાનો છે, અને તે બાદ તે બાળકને કોઈ જાણકાર પાસે મૂલ્યાંકન માટે મોકલવાનું હોય છે.

સમયસર શરૂ થઈ જવા જોઈતા બાળવિકાસમાં થતા વિલંબ માટેનાં કેટલાંક જોખમી ચિહ્નો:

- ઊંચા અવાજ સામે કે ઘોંઘાટ સામે કોઈ પ્રતિભાવ નહીં
- હાથ અંગે સમજણ ઓછી હોય, અને તેઓ પોતાના હાથને મો સુધી ન લઈ જઈ શકે.
- તેમની આંખો વસ્તુઓ તરફ ફેરવી શકતાં નથી, અથવા તેમનું માથું અવાજની દિશામાં ફેરવી શકતાં નથી.
- રમકડાં સુધી જઈને તેને પકડી શકતાં નથી.
- શરીરનાં અંગો કાં તો બહુ કઠોર છે, અથવા તો બહુ કોમળ હોય છે.
- પોતાના શરીરની એક બાજુના અંગનો ઉપયોગ કરે છે.
- નાનકડી ચીજવસ્તુઓ પણ ઉઠાવી શકતાં નથી.
- આવડતનો અભાવ છે અને વારંવાર પડી જાય છે.
- મોં માંથી લાળ ટપક્યાં કરે છે.
- અન્ય બાળકો સાથે રમવામાં તેને રસ નથી પડતો.
- સાદી-સીધી સૂચનાઓને પણ અનુસરી શકતાં નથી.
- જ્યારે માતાથી દૂર લઈ જવાય છે ત્યારે વિયોગની ચિંતામાં ઝૂરતાં હોય છે,
- અજાણ્યા કે અપરિચિતોથી ડરે છે.
- તેઓ બૉલ ફેંકી શકતાં નથી, દોડી શકતાં નથી, કૂદી શકતાં નથી.
- કોઈ પ્રવૃત્તિમાંથી ખૂબ જ જલદી તેમનો રસ ઊડી જાય છે.

## ૮.૩.૧ બાળકોની ખામીઓને ઓળખવી

આવી અક્ષમતાઓની સમયસરની ઓળખ થાય તો વ્યક્તિને અપંગતા તરફ દોરી જતી અસરને તથા તેના કામકાજના સ્તરની અપંગતાને ઓછી કરી શકાય છે. શરૂઆતમાં તેઓ તેમના ઘરમાં માતા-પિતા દ્વારા તથા બહાર (આંગણવાડીઓ/શાળાઓ/પેટા આરોગ્યકેન્દ્રો/વિવિધ આરોગ્ય કૅમ્પોમાં) શક્ય તેટલી વધારે ઝડપથી ઓળખાઈ જાય; અને તે પછી જરૂરી દરમિયાનગીરીનું આયોજન કરવા માટે નિષ્ણાતોની ટીમ દ્વારા તેમનું મૂલ્યાંકન કરવામાં આવે તે જરૂરી છે.

તમામ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક તથા માધ્યમિક સરકારી શાળાઓના શિક્ષકગણની એ જવાબદારી છે કે આવી અપંગતા કે અક્ષમતા ધરાવતાં બાળકોને ઓળખે. વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકોની ઓળખ માટે એક ચેકલિસ્ટ બનાવાય (શાળાના શિક્ષકગણ તથા માતા-પિતા-વાલીઓએ આ ચેકલિસ્ટનો ઉપયોગ કરવો જોઈએ.)

| અપંગતા | તેનાં ચિહ્નો | સાવધાની |
|---|---|---|
| દૃષ્ટિની ખામી | (ક) આંખોમાંથી પાણી પડવું<br>(ખ) સતત લાલાશ<br>(ગ) વારંવાર ખંજવાળ<br>(ઘ) પાંપણો વારંવાર ખોલબંધ કરવી<br>(ચ) ત્રાંસી નજર<br>(જ) અણધારી રીતે ચીજવસ્તુઓ પર તૂટી પડવું અથવા અન્ય લોકો પર ફેંકવું<br>(ઝ) માથું એકબાજુ ઝુકેલું અથવા એક આંખ બંધ કરવી<br>(ટ) એક મીટરના અંતરેથી હાથની આંગળીઓ ગણવામાં મુશ્કેલી<br>(ઠ) વાંચતી વખતે માથું ફેરવ્યા કરવું<br>(ડ) દૂરની ચીજવસ્તુઓ ઓળખવી મુશ્કેલ<br>(ઢ) જેમાં ઝીણી નજરથી જરૂર પડતી હોય તેવું કામ સારી રીતે કરવામાં મુશ્કેલી<br>(ણ) પુસ્તકોને આંખની ખૂબ નજીક કે ખૂબ દૂર રાખવાં<br>(ત) બ્લૅકબોર્ડમાંથી લખાણ ઉતારતી વખતે અન્ય બાળકોને પૂછપૂછ કરવું<br>(થ) બ્લૅકબોર્ડ પરથી લખાણને વાંચવામાં મુશ્કેલી દર્શાવવી<br>(દ) દીવાલ પર ટાંગેલ વસ્તુને મારવામાં નિસાન ચૂકવું | જો ચાર પૈકી કોઈ લક્ષણ દેખાય તો તેવા બાળકને આંખના નિષ્ણાંતને બતાવવું તેઓ નક્કી કરશેકે બાળકની વર્તમાન સ્થિતિ દવાથી સુધરશે કે તેને ચશ્માં વાપરવાં જરૂરી છે. |
| સાંભળવામાં મુશ્કેલી | (ક) કાનની વિકૃતિ<br>(ખ) સંપૂર્ણ બહેરાશ<br>(ગ) કાનમાં દર્દ, પીડા, વેદના<br>(ઘ) કાનમાં ખંજવાળ / ચેપ<br>(ચ) નજીક જઈ સાંભળવાનો પ્રયત્ન<br>(છ) સૂચનાઓ અંગે વારંવાર પૂછવું<br>(જ) સારી રીતે લખી ન શકવું<br>(ઝ) બોલનારના ઉચ્ચારને બદલે તેના પડઘાને સાંભળવાની કોશિશ કરવી<br>(ટ) બ્લૅકબોર્ડમાંથી ઉતારો કરવામાં ભૂલો કરવી<br>(ઠ) પોતાના સહાધ્યાયીને તેની નોટબુક બતાવવા વારંવાર કહેવું<br>(ડ) વર્ગમાં ધ્યાન આપવામાં મુશ્કેલી | જો કોઈ પણ ૩થી ૪ ચિહ્નો જોવા મળે તો તેનો અર્થ એવો થાય કે, બાળકમાં સાંભળવાની/ બોલવાની કંઈક ખામી છે. તે પછી બાળકને કોઈ ગુણવત્તાપ્રાપ્ત ENT સ્પેશ્યાલિસ્ટ, ઑડિયોલોજિસ્ટ પાસે તથા સ્પીચ-થેરાપિસ્ટ પાસે તેના સંપૂર્ણ મૂલ્યાંકન માટે લઈ જવું પડે. જો બાળક ૪-૫ |

| | | |
|---|---|---|
| | (ઢ) એક જ કાનથી સાંભળવાની આદત<br>(ણ) કોઈ પાછળથી બોલે તો સમસ્યા<br>(ત) ખૂબ જ જોરથી બોલે અથવા ખૂબ જ ધીમેથી બોલે<br>(દ) અવાજની સમસ્યા અને ખોટા ઉચ્ચારો<br>(ધ) ટીવી કે રેડિયો ખૂબ જ જોરથી વગાડવો<br>(ન) અસંગત જવાબો<br>(પ) પોતાની ઉંમરના લોકોથી છેટા રહેવાનું વલણ<br>(ફ) બીજા ઓરડામાંથી બોલાવવામાં આવે ત્યારે તેને મુશ્કેલી<br>(બ) એક જ વાત એકથી વધારે વાર કહો તો જ સમજી શકે | વર્ષથી નીચેની વયનું હોય તો આવી ખામી નજરે પડતાં કોઈ માનસશાસ્ત્રીય પ્રશ્નની ઓળખ માટે સાયકોલોજિસ્ટને પણ બતાવાય. |
| સ્પીચ (વાણી) | (ક) બોલવામાં અયોગ્ય વાચા<br>(ખ) બોબડું કે તોતડું બોલવું<br>(ગ) કાલુંકાલું બોલવું<br>(ઘ) સાચો અવાજ પારખવામાં મુશ્કેલી, અને ખોટી રીતે બોલવું<br>(ચ) ન સમજાય તેવી વાણી | |
| હલનચલનની મુશ્કેલી | (ક) ગળું, હાથ, આંગળાં, કેડ કે પગમાં ખામી કે વિકૃતિ<br>(ખ) બેસવામાં, ઊભા રહેવામાં કે ચાલવામાં મુશ્કેલી<br>(ગ) ચીજવસ્તુઓને ભોંય પરથી ઉઠાવવામાં, પકડવામાં કે મૂકવામાં મુશ્કેલી<br>(ઘ) શરીરના કોઈ પણ ભાગને ફેરવવામાં કે ઉપયોગ કરવામાં મુશ્કેલી<br>(ચ) પેન પકડવામાં મુશ્કેલી<br>(જ) ચાલવામાં લાકડીની જરૂર પડવી<br>(ઝ) ચાલતી વખતે આંચકા આવવા<br>(ટ) શારીરિક સંકલનનો અભાવ<br>(ઠ) વાઈને કારણે ધ્રુજારી<br>(ડ) સાંધાના દુઃખાવા<br>(ઢ) શરીરના કોઈ અંગનું છેદન | જો આ પૈકીની કોઈ એક સ્થિતિ/સ્થિતિઓ હોય તો બાળકને કોઈ લાયકાતપ્રાપ્ત ઑર્થોપેડિક સર્જનને બતાવવું પડે, અને કોઈ ફિઝિયોથેરાપિસ્ટને અને/અથવા પ્રોસ્થેટિક/ઑર્થોટિક ટૅકનિશ્યનને બતાવવું જોઈએ. |

| | | |
|---|---|---|
| જ્ઞાનતંતુઓની નબળાઈ (મંદબુદ્ધિ) | (ક) જો બાળક ૧૨-૧૫ મહિના પછી પણ મદદ વિના બેસી ન શકે તો<br>(ખ) અઢી વર્ષ બાદ પણ જો તે ચાલી ન શકે તો<br>(ગ) અથવા અઢી વર્ષ બાદ પણ બોલી ન શકે તો<br>(ઘ) જો બાળક ૬ વર્ષ સુધીમાં નીચેના પૈકી કશું પણ સ્વતંત્રપણે કરવામાં અસમર્થતા દાખવતું હોય તો-<br>- ખાવું<br>- કપડાં પહેરવાં<br>- જાતે ટોઈલેટમાં જવું<br>(ચ) પેન્સિલ પકડવામાં કે કાતર વાપરવામાં તકલીફ<br>(જ) બૉલ રમવામાં કે પોતાના સહાધ્યાયીઓ સાથે 'ગિલ્લી-દંડા' રમવામાં મુશ્કેલી<br>(ઝ) સહાધ્યાયીઓ સાથે રમવામાં અવારનવાર ગુસ્સે થઈ જવું<br>(ટ) વર્ગમાં અપાતા શિક્ષણ કે સંબોધન વખતે બેધ્યાન થઈ જવું<br>(ઠ) સામાન્ય વસ્તુઓ યાદ રાખવામાં પણ વધારે વાર કહેવું પડે<br>(ડ) પાંચ ફળફળાદિ, શાકભાજી કે વનસ્પતિનાં નામ આપવામાં મુશ્કેલી<br>(ઢ) અઠવાડિયાના વાર બોલવામાં સમસ્યા<br>(ણ) અન્ય સહાધ્યાયીઓથી ઊલટું પોતાની જરૂરિયાતોની બાબતમાં સ્પષ્ટ ભાષામાં કહી શકતાં નથી.<br>(ત) ટૂંક સમય માટે પણ કોઈ કામકાજમાં ધ્યાન આપી શકતાં નથી.<br>(થ) મૌખિક જવાબો અયોગ્ય હોય છે.<br>(દ) નવી વસ્તુઓ શીખવામાં મુશ્કેલી<br>(ધ) સ્કૂલના વર્ગમાં ભણાવવામાં આવતા પાઠની નબળી આકલનશક્તિ<br>(ન) ખ્યાલ કે વિચારને સમજવામાં મુશ્કેલી<br>(પ) એક જ વયજૂથનાં બાળકો સાથે સારી રીતે વર્તન કરતાં નથી | એક જ વયજૂથનાં તથા વર્ગનાં શાળાએ જતાં સહાધ્યાયીઓમાં જો આ પૈકીની કોઈ ચાર બાબતો જોવા મળે તો કોઈ લાયકાતપ્રાપ્ત સાયકોલોજિસ્ટ અથવા માનસિક બીમાર બાળકોની સંભાળ લેવા અંગે ખાસ તાલીમપ્રાપ્ત શિક્ષક પાસે તેનું યોગ્ય મૂલ્યાંકન કરાવવું જોઈએ. |

| | | |
|---|---|---|
| | (ફ) સહાધ્યાયીઓ સાથે સરખામણીમાં કામકાજમાં કે શીખવામાં વધારે પ્રયાસોની જરૂર પડે છે.<br>(બ) કોઈ પણ કામ પૂરું કરવામાં જરૂર કરતાં વધુ સમય લે છે<br>(ભ) નબળી શૈક્ષણિક સિદ્ધિઓ<br>(મ) દૃશ્ય કે દેખાતી કડીઓ (ક્લ્યુ) કે સામગ્રી ઉપર વધારે પડતો આધાર દર્શાવે છે | |
| શીખવાની અક્ષમતાઓ | (ક) ગણતરી કરવામાં મુશ્કેલી<br>(ખ) ધ્યાનનો અભાવ, અથવા શાળા કે ઘરમાં આસપાસના વાતાવરણથી સરળતાથી ખલેલ પામે<br>(ગ) વર્ગખંડમાં શાંતિથી બેસવામાં મુશ્કેલી<br>(ઘ) બોલાતા શબ્દોને સાચી રીતે લખી શકતાં નથી<br>(ચ) સાચો શબ્દ લખવામાં વધારાનો ખોટો ઉમેરો, જેમ કે, 'સ્કૂલ'ના બદલે 'ઈસ્કૂલ'<br>(છ) ડાબા-જમણાની બાબતમાં હમેશાં ગૂંચવાયેલાં રહે<br>(જ) શાબ્દિક સૂચનાઓ યાદ રાખવામાં ગેરવાજબી મુશ્કેલી અનુભવે<br>(ઝ) વસ્તુઓ યાદ રાખવામાં સામાન્ય મુશ્કેલી<br>(ટ) વિવિધ કામગીરીને સમયસર પૂરી કરવામાં આવા બાળકમાં ખૂબ જ બેચેની રહે છે, જે નોંધપાત્ર નડતર સમાન બની રહે છે<br>(ઠ) શબ્દોના અક્ષરોને ઉલટાવી દે છે, જેમ કે, હ્રને હ્ર, જકુને કજ વગેરે<br>(ડ) આંકડાઓને વાંચતી વખતે ઉલટાવી નાખે છે, જેમ કે, ૩૧ને૧૩, ૬ને ૯ વગેરે તરીકે વાંચે<br>(ઢ) વાંચન વખતે ખૂબ જ ભૂલો પડવી, જેમ કે, શબ્દની જગ્યા ભૂલી જવી, પુનરાવર્તન કરવું, ઉમેરો કરવો, | જો આ પૈકીની કોઈ ત્રણથી પાંચ પરિસ્થિતિ જણાય તો તેવા બાળકને પ્રારંભિક તપાસ માટે તથા આગામી પગલા માટે કોઈ લાયકાતપ્રાપ્ત સાયકોલોજિસ્ટ, બાળરોગ નિષ્ણાંત કે કોઈ ખાસ એજ્યુકેટરનો બતાવવું. ભણવાની કે શીખવાની અક્ષમતા ધરાવતાં બાળકોની એક મુખ્ય લાક્ષણિકતા એ છે કે, તેમની લખવાની શક્તિ કરતાં બોલવાનું કૌશલ્ય સારું |

| | | |
|---|---|---|
| | વિકલ્પ બોલવો, શબ્દ કે અક્ષર ચૂકી જવો<br>(ણ) ગણિતની ગણતરીઓમાં નબળાઈ<br>(ત) દૃષ્ટિ સામાન્ય હોય તોપણ બ્લૅકબોર્ડ કે પુસ્તકમાંથી ચોક્કસ ઉતારો કરવામાં સમસ્યા<br>(થ) શબ્દો અને અક્ષરો કાં તો બહુ જોડેજોડે લખે અથવા ખૂબ છેટા લખે (યોગ્ય જગ્યા ન છોડી શકે)<br>(દ) આવું બાળક સંતોષકારક જણાય છે, પણ સંબંધિત પ્રશ્નોના જવાબ આપી શકતું નથી | |

## ૮.૩.૨ મૂલ્યાંકન

ખાસ જરૂરિયાતવાળાં મોટાં બાળકો માટે સમયસરની ઓળખ અને દરમિયાનગીરીથી ઘણી વાર શાળામાં સારું અનુકૂલન એ સારો દેખાવ ઊભાં કરી શકાય છે. મૂલ્યાંકનથી બાળકની વ્યક્તિગત જરૂરિયાતો નિશ્ચિત કરવામાં મદદ મળે છે. કેટલાંક બાળકોને અમુક ચોક્કસ સમયે ભણવામાં મુશ્કેલી પડતી હોય છે અને તેમને ટૂંકા ગાળાની મદદની જરૂર હોય છે. જોકે, કેટલીક ખાસ જરૂરિયાતો જીવનભરની જરૂરિયાતો બની રહેતી હોય છે. બાળકની જરૂરિયાતો પર્યાવરણ અને વાતાવરણના આધારે તથા તે પોતે જે વ્યૂહ અપનાવે તેના આધારે બદલાઈ શકે છે. બાળકની શૈક્ષણિક જરૂરિયાતોને અન્ય ઘણાં પરિબળો અસર કરી શકે છે, અને શાળાની ટીમ નિયમિત રીતે મળે તથા આ પરિબળોની ચર્ચા હાથ ધરે, અને બાળકની જરૂરિયાતો અનુસાર તેના કાર્યક્રમને અનુકૂળ બનાવે તે જરૂરી છે.

બાળકનાં માતા-પિતા પોતાના બાળકને રિસોર્સ ટીચર કે ક્લિનિક પાસે મોકલવાની પરવાનગી શાળાને આપે તે પછી મૂલ્યાંકનના પ્લાનને આગળ ધપાવાય. માતા-પિતા આ મૂલ્યાંકનની પ્રક્રિયામાં વિવિધ રીતે સંકળાઈ શકે છે.

મૂલ્યાંકન કઈ રીતે થાય છે?

મૂલ્યાંકનની પ્રક્રિયામાં નીચેના સવાલોને હાથ ધરવામાં આવે છે:

૧. બાળક કોણ છે? રસરુચિ, ગમા-અણગમા, કૌશલ્ય અને અન્ય શક્તિઓ સહિત
૨. બાળકની ‘વિશેષ જરૂરિયાતો’ કઈ છે? આ બાળક શા માટે ખાસ શિક્ષણ મેળવે છે?
૩. બાળકનો પરિવાર કોણ છે, અને તેનું ‘મદદગાર જૂથ’ કોણ છે? તેમાં આશાઓ અને સપનાં, જરૂરિયાતો તથા ચિંતાઓનો સમાવેશ થાય.
૪. વિદ્યાર્થીની નિયમિત અને દૈનિક/રોજિંદી પ્રવૃત્તિઓ કઈ છે?
૫. બાળકની અહીં નીચે જણાવેલી નિયમિત તથા દૈનિક પ્રવૃત્તિઓ સહિતની પ્રવૃત્તિઓને પ્રથમ નજરે જોતાં બાળકને વધારે સફળ થવામાં કઈ બાબત મદદરૂપ નીવડી શકે?
   - વાતચીત કે સંચાર?
   - હરવું-ફરવું અને આસપાસમાં લટાર મારવી?
   - રમતગમત તથા સામાજિકીકરણ?

- શીખવું અને યાદ રાખવું?
- પસંદગી કરવી અને અંકુશ રાખવો?
- મિત્રો સાથે પ્રવૃત્તિઓમાં ભાગ લેવો?
- સ્વતંત્રતા વધવી?
- અન્ય લોકોને મદદરૂપ થવું?

૬. ક્યાં IEP ધ્યેય અને હેતુઓ આપણે સહાયક ટૅક્નોલોજી માટે વિચારીએ છીએ? (૨ કે ૩ને અગ્રતાક્રમ આપવા સહિત)

- ભાષા અને સંચાર-વિનિમય
- રમતગમત તથા સામાજિકીકરણ
- પોષણ
- હરવું ફરવું તથા સ્થિરતા
- 'તત્પરતા'ની કુશળતા
- સ્વસહાય/પોતાની જાતને મદદ કરવી
- રોજિંદા જીવનની પ્રવૃત્તિઓ
- વર્તન
- મિત્રવર્તુળ

બાળકની જરૂરિયાતો મુજબ રિસોર્સ ટીચર, રીડિંગ ક્લિનિશિયન, સ્પીચ લૅન્ગ્વેજ પૅથોલોજિસ્ટ, સાયકોલોજિસ્ટ, વ્યાવસાયિક થેરાપિસ્ટ કે અન્યમાં વધુ સંખ્યામાં સ્પેશ્યાલિસ્ટોને ઉમેરી શકાય. જુદા જુદા વ્યાવસાયિકો બાળકના વિકાસની વિવિધ દિશાઓના મૂલ્યાંકનના લાયકાતપ્રાપ્ત નિષ્ણાત હોય છે. દા.ત. માનસશાસ્ત્રી બાળકની સંજ્ઞાનાત્મક શક્તિ કે સંભવિતતાનું મૂલ્યાંકન કરે, વર્ગશિક્ષક કે રિસોર્સ ટીચર બાળકોની ભણવાની શક્તિનું મૂલ્યાંકન કરે. બાળકની અસમર્થતાઓ (પરિશિષ્ટમાં જણાવેલી)નું મૂલ્યાંકન કરવા માટે શિક્ષકો દ્વારા પ્રશ્નાવલિનો ઉપયોગ પણ થઈ શકે.

બાળક માટે મૂલ્યાંકનનો પ્લાન વિકસાવ્યા બાદ જ્યારે તમામ મૂલ્યાંકનનાં પરિણામ તૈયાર થઈ જાય ત્યારે શાળાએ માતા-પિતાનો સંપર્ક કરીને આ પરિણામો સમજાવવા માટે, મૂલ્યાંકન-કામગીરીમાં ભાગ લેનાર સ્ટાફ સાથે બેઠક યોજવી જોઈએ, તેમાં ભલામણોની ચર્ચા કરવી જોઈએ, તથા તેને સંબંધિત કોઈ પણ નિર્ણય માટે માતા-પિતાને સાંકળવાં જોઈએ. એક લેખિત અહેવાલ માતા-પિતાને, શિક્ષકને અને/અથવા બાળક સાથે કામ કરનાર અન્યોને બતાવવો જોઈએ.

## ૮.૩.૩ સમયસરની દરમિયાનગીરી

વહેલી કે સમયસરની દરમિયાનગીરી શબ્દો (કે EI)નો સંબંધ ખાસ જરૂરિયાત ધરાવતાં મોટાં બાળકો સાથે છે, જેનો ઉદ્દેશ્ય પરિસ્થિતિની અસરોને ઘટાડવાનો હોય છે. આ મદદમાં બોલવું, શારીરિક કે વ્યાવસાયિક થેરાપી, જે ઘરમાં કે ઑફિસમાં આપવામાં આવી શકે છે.

આશા છે કે, આ સેવાઓ, વહેલી અપાય તો, વિકાસના બિનજરૂરી વિલંબમાં તે મદદરૂપ થશે, અને બાળક ને પછી સારવારની આવશ્યક્તા નહીં રહે. તેમ છતાં, જ્યારે બાળક શાળાએ જવા જેવડું થાય ત્યારે પણ જો તેને સારવારની જરૂર પડતી હોય તો વિશિષ્ટ જરૂરિયાતો આપનારી ઉપચારાત્મક (રિમિડિયલ) શાળાઓ છે જ.

આ શાળાઓ પૈકીની ઘણી શાળાઓમાં થેરાપીને બાળકના દિવસ દરમિયાન રિમિડિયલ અભ્યાસક્રમના એક ભાગ તરીકે આપવામાં આવે છે.

**સમયસરની દરમિયાનગીરી શા માટે આટલી બધી જરૂરી છે?**

*સમયસરની કે વહેલી દરમિયાનગીરી શા માટે આટલી મહત્ત્વની છે તથા શક્ય તેટલી વહેલી તેની કેમ જરૂર છે તે માટે ત્રણ મુખ્ય કારણો છે:*

*બાળકના વિકાસને તે પ્રોત્સાહિત કરે છે, તે માત્ર બાળક માટેનું એક સહાયક ક્રિયાતંત્ર જ નથી, બલકે પરિવાર માટે પણ છે, અને છેલ્લે તે બાળકને સમાજના સક્રિય સભ્ય થવાની શક્તિ બક્ષે છે.દરમિયાનગીરીની પ્રક્રિયામાં નીચેની ટીમ-ઍક્ટિવિટીઓનો સમાવેશ થાય છે:*

- *દરમિયાનગીરીનો પ્લાન તૈયાર કરવો*
- *માતા-પિતા સાથે સંપર્ક અને તેમની ભાગીદારી*
- *યોગ્ય માધ્યમો ઊભાં કરવાં અને/અથવા શોધવાં*
- *યોગ્ય સામગ્રી ઊભી કરવી અને/અથવા શોધવી (વ્યાવસાયિક તથા 'સ્થાનિક રીતે' વિકસાવાયેલી)*
- *અન્ય યોગ્ય સહાયક ટૅક્નોલોજી (જેમ કે, સ્વીચ ટૉય) ઊભી કરવી અથવા શોધવી*
- *ઓછામાં ઓછાં ૪ અઠવાડિયાં માટે દૈનિક ધોરણે આ યોજના અમલમાં મૂકવી*
- *વિદ્યાર્થીની શીખવાની કામગીરીનાં પરિણામોનું મૂલ્યાંકન કરવું, તથા*
- *સહાયક ટૅક્નોલોજી સપોર્ટ માટે 'બાદનાં પગલાંની દરખાસ્ત કરવી*

*આવી દરમિયાનગીરીઓ શાળામાં કે ઘરમાં હોઈ શકે, જેમાં હકારાત્મક વર્તનની સહાયતા હોય તથા તેનો ઉદ્દેશ્ય શાળામાં બાળકની સફળતાનો હોય. આ કાર્યક્રમના લાંબા ગાળાના પરિણામમાં સાધનો તથા વ્યૂહરચનાઓ (જેમ કે, મૂલ્યાંકનનાં સાધનો, શાળા પહેલાંના અભ્યાસક્રમો) હશે, જેનાથી કે.જી. પહેલાંથી શરૂ કરીને કે.જી. સુધીનાં અસમર્થ બાળકની તથા ખાસ ભણવાની અસમર્થતા ધરાવનારા બાળકની સંજ્ઞાનાત્મક, ભાષાકીય, સામાજિક અને ભાવનાત્મક જરૂરિયાતોને સુધારવામાં અસરકારક રૂપરેખા ઘડાઈ હોય.*

*શીખવા-ભણવાની જરૂરિયાતો જે તે બાળકની અસમર્થતા અને શક્તિના આધારે વ્યક્તિગત રીતે જુદી જુદી હોય છે. વ્યક્તિગત શિક્ષણની યોજના પણ ઉપયોગ થઈ શકે. પ્રવૃત્તિઓ સાદીથી સંકુલ હોવી જોઈએ. દરેક બાળક માટેની યોજના તૈયાર કરવામાં શિક્ષક મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બાળકની જરૂરિયાતોના આધારે તે સંપૂર્ણ અભ્યાસક્રમ તૈયાર કરી શકે તે માટે નિરીક્ષણ જ એકમાત્ર માર્ગ છે.*

## ૮.૪ વિકલાંગતાનો કાયદો અને નીતિ

*અપંગતા ધરાવનાર વ્યક્તિઓનો કાનૂન-૧૯૯૫ અમલી બનાવાયો તે બાદ તેના અનુભવના આધારે તેને એક નવા કાનૂની ઠરાવમાં તેમ જ અપંગતાના ક્ષેત્રમાં વર્ષો સુધી થયેલાં કેટલાંક કામકાજ અને અપંગતા ધરાવનારા લોકોના અધિકારો પરના યુ.એન. કન્વેન્શન* (UNCRPD=UN Convention on the Rights of Persons with Disabilities) *ની પ્રતિબદ્ધતાઓ હેઠળ પણ તેને બદલવાનો પ્રસ્તાવ મુકાયો.*

*આ યુનિટમાં આપણે વર્તમાન કાનૂનો તથા નીતિઓ અંગે જોઈશું:*

**અપંગતા ધરાવનારા લોકોના માનવાધિકાર કયા છે?**

*સમાજના બધા જ વર્ગોને સમાન માનવાધિકાર મળેલા છે - તેમાં નાગરિક અધિકારો, સાંસ્કૃતિક અધિકારો, આર્થિક, રાજકીય અને સામાજિક અધિકારોનો સમાવેશ થાય છે. આ અધિકારો-હકોનાં ઉદાહરણો આ મુજબ છે:*

- કાયદાની નજરે સૌને કોઈ પણ ભેદભાવ વિના એકસમાનતા
- વ્યક્તિનો જીવવાનો, સ્વતંત્રતાનો અને સલામતીનો અધિકાર
- કાનૂન તથા કાનૂની સત્તા સમક્ષ સમાન સ્વીકૃતિ
- હેરાનગતિથી છુટકારો
- શોષણ, હિંસા અને દુરુપયોગથી મુક્તિ
- શારીરિક તથા માનસિક એકતાના આદરનો અધિકાર
- હરવા-ફરવાનો તથા રાષ્ટ્રીયતાનો અધિકાર
- સમુદાયમાં જીવવાનો અધિકાર
- અભિવ્યક્તિનો તથા અભિપ્રાયનો અધિકાર
- અંગતતા/ખાનગીપણાના સન્માનનો અધિકાર
- ઘર અને પરિવાર પ્રત્યે આદર
- શિક્ષણનો અધિકાર
- આરોગ્યનો અધિકાર
- કાર્ય કરવાનો અધિકાર
- પૂર્ણ/પર્યાપ્ત જીવનધોરણનો અધિકાર
- રાજકીય તથા જાહેર જીવનનો અધિકાર
- સાંસ્કૃતિક જીવનમાં ભાગ લેવાનો અધિકાર

અપંગપણું ધરાવનાર તમામ માનવોને પોતાના અધિકારો ભોગવવા માટે ભેદભતથી મુક્ત થવાનો અધિકાર છે. આમાં અપંગતાના આધારે થતા ભેદભાવોમાંથી મુક્ત હોવાના અધિકાર ઉપરાંત જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય અભિપ્રાય, રાષ્ટ્રીયતા કે સામાજિક મૂળ, સંપત્તિ, જન્મ કે અન્ય દરજ્જાના આધારે પણ થતા ભેદભાવોથી મુક્ત રહેવાનો અધિકાર સમાઈ જાય છે.

## ૮.૪.૧ વિક્લાંગના અધિકારો અને તેની સમજૂતી

વિક્લાંગ વ્યક્તિઓના અધિકારો અંગેનું કન્વેન્શન એક આંતરરાષ્ટ્રીય સમજૂતી છે, જેમાં અપંગતા ધરાવનારી વ્યક્તિઓના અધિકારોની વ્યાખ્યા કરાઈ છે તથા સાથોસાથ આ અધિકારોનું જતન થાય, તેને પ્રોત્સાહન મળે તથા તે સુનિશ્ચિત થાય તે જોવાની આ કન્વેન્શન (સમજૂતી) પ્રતિ રાજ્યોની જવાબદારી બની રહે છે. કન્વેન્શન આ ઉપરાંત, બે અમલીકરણ મિકેનિઝમની પણ સ્થાપના કરે છેઃ અપંગતા ધરાવનારી વ્યક્તિઓના અધિકારો માટેની સમિતિ, તે અમલીકરણનું નિરીક્ષણ કરે છે, અને અમલીકરણ અંગેની બાબતોને ધ્યાને લેવા માટે રાજ્યોની પાર્ટીઓની કોન્ફરન્સની સ્થાપના કરવામાં આવી છે. રાજ્યો નાગરિક સમાજ સંસ્થાઓ સાથે, રાષ્ટ્રીય માનવાધિકાર સંગઠનો તથા આંતરસરકારી સંસ્થાઓ સાથે ભાગીદારી માટે કન્વેન્શન સાથે વાટાઘાટો કરે છે. તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ આ કન્વેન્શનનો સ્વીકાર કર્યો અને તા. ૩૦ માર્ચ, ૨૦૦૭ના રોજ તેના પર હસ્તાક્ષર કરાયા. આ સમજૂતીને જે જે રાષ્ટ્રોએ બહાલી આપી તે બધાં સમજૂતીનાં ધોરણોને સન્માન આપવા માટે કાનૂની રીતે બંધાયેલાં છે. અન્ય રાષ્ટ્રો માટે આ કન્વેન્શન (સમજૂતી) આંતરરાષ્ટ્રીય ધોરણોનું પ્રતિનિધિત્વ કરે છે જેને સન્માન આપવા માટે આ રાષ્ટ્રોએ પ્રયાસ કરવો જોઈએ.

વર્તમાન કાનૂનમાં સુધારાની પ્રક્રિયા જારી છે. આ પ્રકરણમાં વપરાયેલો દસ્તાવેજ સુધારા પહેલાંનો કાનૂન છે.

દક્ષિણ એશિયાના મોટા ભાગના દેશોમાં અપંગતા દેશનો વિષય છે અને સ્થાનિક સરકારોએ UNCRPDની પ્રતિબદ્ધતાઓને કાર્યમાં ફેરવવાની જવાબદારી લેવાની હોય છે. દાખલા તરીકે, ભારતમાં ભારતીય બંધારણ હેઠળ વિષયોની ત્રણ યાદીઓ છે, જે કેન્દ્રીય, એકમત અને રાજ્ય સરકારની જવાબદારીઓમાં વિભાજિત કરાયેલી છે. કેન્દ્રીય યાદી હેઠળના સંરક્ષણ, વિદેશી બાબતો જેવા વિષયો કેન્દ્ર સરકારની જવાબદારી બને છે. સંમત યાદી હેઠળ શિક્ષણ, આરોગ્ય વગેરે જેવા વિષયો આવે છે. અપંગતાનો સમાવેશ રાજ્યની યાદીમાં થયો છે. આનો અર્થ એ થાય કે, રાજ્યકક્ષાએ UNCRPDના અમલીકરણની મુખ્ય જવાબદારી રાજ્યની અથવા પ્રાંતીય સરકારોની બને છે. વધુમાં, ગ્રામકક્ષાએ અપંગતાના મુદ્દાઓ હાથ પર લેવાની જવાબદારી પંચાયતરાજની સંસ્થાઓ કે સ્થાનિક સરકારોની છે.

આપણે જાણીએ છીએ તેમ, વિક્લાંગતાનો કાનૂન ભારતમાં પસાર થયેલો છે અને તેમાં ઉપર્યુક્ત બધી બાબતોનો સમાવેશ છે. તેમાં નીતિઓ, યોજનાઓ અને કાનૂનોની એક જ દસ્તાવેજમાં વાત કરાઈ છે.

## ૮.૪.૨ વિક્લાંગતા કાયદો ૧૯૯૫ હેઠળ આવતા લોકો

આ કાનૂનમાં વપરાયેલા શબ્દોની કાનૂની વ્યાખ્યા અહીં રજૂ કરી છે.

- અપંગતા એટલે:
- અંધાપો - બિલકુલ ન દેખાવું
- થોડું ઓછું દેખાવું - યોગ્ય સહાયક ઉપકરણની મદદથી વ્યક્તિ પોતાનું કામ કરી શકે
- રક્તપિત્તનો ઈલાજ - તેનો ઈલાજ કરાયો હોય પણ હાથ કે પગમાં સંવેદના ગુમાવી દીધી હોય તથા આંખ અને આંખનાં પોપચાંમાં સંવેદના ગુમાવી દીધી હોય
- સાંભળવાનું અપંગપણું - ફ્રીક્વન્સીની ૬૦ ડેસીબલ કે તેથી વધારે વાતચીતની રૅન્જમાં સાંભળવાનું નુકસાન
- ગતિશીલતાની અપંગતા - હાડકાંનાં જોડાણો કે સ્નાયુઓનાં જોડાણોની અપંગતાના કારણે કે સેરીબ્રલ પાલ્સીના કારણે અંગોનું હલનચલન અટકી જાય
- માનસિક બીમારી - માનસિક અસ્થિરતા સિવાયની કોઈ માનસિક બીમારી
- માનસિક અસ્થિરતા - વ્યક્તિના મનના અપૂર્ણ વિકાસની કે સ્થિર થઈ ગયાની સ્થિતિ

અપંગતા ધરાવનાર માણસને તબીબી સત્તાવાળાઓએ પ્રમાણપત્ર આપવાનું હોય છે કે તે વ્યક્તિ ૪૦ ટકાથી વધારે અપંગતા ધરાવે છે.

**અપંગતાને વધતી રોકવી તથા સમયસરની ઓળખ**

સરકારો તથા સ્થાનિક સત્તાવાળાઓ પોતાની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં રહીને અપંગતાની સ્થિતિને નિવારવા બાબતે આટલું કરી શકે:

ક) અપંગતા શામાંથી જન્મે છે તે અંગે મોજણી, સંશોધનો તથા શોધ-અભ્યાસો કરી શકે;

ખ) અપંગતાને નિવારવા માટેની વિવિધ પદ્ધતિઓને પ્રોત્સાહન આપી શકે;

ગ) ક્યાં બાળકોના માથે અપંગતાનું જોખમ લટકી રહ્યું છે તે તપાસવાના આશયથી તમામ બાળકોનું વર્ષમાં ઓછામાં ઓછી એક વાર સ્ક્રીનિંગ કરી શકે;

ઘ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે સ્ટાફને તાલીમ માટેની સવલતો ઉપલબ્ધ કરી આપી શકે;

ચ) જાગૃતિ કાર્યક્રમો યોજવા માટે તેની વ્યવસ્થાનો ખર્ચ ઉપાડી શકે, અથવા સામાન્ય પોષણયુક્ત આરોગ્ય તથા સ્વચ્છતા માટેની છૂટીછવાયી માહિતીને એકત્ર કરી શકે;

છ) જન્મ પૂર્વે, જન્મ વખતે તથા જન્મ બાદ માતા તથા બાળકના આરોગ્યની સંભાળ માટે પગલાં લઈ શકે;

જ) પ્રાથમિક શાળાઓ, પ્રાથમિક આરોગ્યકેન્દ્રો, ગ્રામકક્ષાના કાર્યકરો તથા આંગણવાડી કાર્યકરો દ્વારા પ્રજાને શિક્ષિત કરી શકે;

ઝ) અપંગતાનાં કારણો અંગે તથા તેને અટકાવવા માટે કયાં પગલાં લઈ શકાય તે અંગે ટેલિવિઝન, રેડિયો અને અન્ય પ્રચાર માધ્યમો દ્વારા પ્રજાસમૂહોમાં જાગૃતિ ફેલાવી શકે.

**શિક્ષણ**

કેન્દ્ર તથા રાજ્ય સરકારો અને સ્થાનિક સત્તાવાળાઓ સુનિશ્ચિત કરે કે દરેક દિવ્યાંગ બાળકને તેની ૧૮ વર્ષની ઉંમર થાય ત્યાં સુધીમાં નિઃશુલ્ક તથા પૂરતું શિક્ષણ મળે છે કે કેમ.

**રોજગારી**

સરકાર દિવ્યાંગ લોકો માટે અનામત રાખવા માટે સરકારી જગ્યાઓની ઓળખ કરે. આ અનામત ૩ ટકાથી નીચે ન હોવી જોઈએ, અને તે પૈકીની એક ટકા જગ્યાઓ અહીં નીચે જણાવેલી અપંગતાઓ ધરાવનાર લોકો માટે હોવી જોઈએ:

૧. અંધાપો અને નબળી દૃષ્ટિ

૧. સાંભળવાની નબળાઈ

૨. હલનચલનની અપંગતા અથવા સેરીબ્રલ પાલ્સી

**સકારાત્મક ક્રિયા**

અપંગતા ધરાવનારા લોકોને સરકાર વિવિધ સહાયો તથા સાધનો પૂરાં પાડે તથા દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોને ઘર, વ્યવસાય, ખાસ રિક્રિએશન કેન્દ્રો, વિશિષ્ટ શાળાઓ, સંશોધન કેન્દ્રો તથા કારખાનાં માટે સસ્તા દરે જમીનો આપે.

**ભેદભાવરહિત કાર્યરચના**

સરકારી પરિવહન સેવાઓનાં વાહનોમાં વ્હીલચેર સહિત, દિવ્યાંગ લોકો સરળતાથી પ્રવાસ કરી શકે તે માટે સવલતો તથા સુખસગવડ અને અનુકૂળતા ઊભી કરી આપવા માટે વિશેષ પગલાં લેવાય.

વ્હીલચેર વાપરનારા દિવ્યાંગો માટે સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓ પોતાની હેસિયતથી લાલ લાઈટ, ક્રૉસિંગની રચનાની યોજના બનાવે તથા પ્રજ્ઞાચક્ષુ નાગરિકો માટે ઝિબ્રા ક્રૉસિંગ ઉપર ખાસ નિશાનીઓ કે કોતરણીઓ કરાવે. અપંગતા વગેરે ધરાવતા લોકો માટે યોગ્ય સ્થળોએ સાવચેતીનાં સિગ્નલો મૂકવામાં આવે. રૅમ્પ તથા અન્ય વ્યવસ્થાઓ સહિતની ઈમારતો તથા ટોઈલેટો બનાવવામાં આવે જેથી વ્હીલચેર વાપરનારને પણ તેનો ઉપયોગ કરવામાં અનુકૂળતા રહે. સેવા દરમિયાન કોઈ કર્મચારી અપંગ બને તો તેને કોઈ પણ નોકરીદાતા નોકરીમાંથી છૂટો ન કરી શકે. સાથોસાથ, કોઈ

નોકરીદાતા કોઈ દિવ્યાંગ કર્મચારીને તેના અપંગપણાના કારણે તેની બઢતીને અટકાવી ન શકે પરંતુ તેના કામના પ્રકારના આધારે તેની અપંગતા ન નડે તેવી વ્યવસ્થા ગોઠવે.

**સંશોધન તથા માનવશ્રમનો વિકાસ**

અપંગતાને અટકાવવા, દિવ્યાંગ લોકોને વસાવવા, સહાયક સામગ્રીઓનો વિકાસ કરવા, દિવ્યાંગ લોકો માટે નોકરીઓની ઓળખ કરવા તથા ફૅક્ટરીઓ અને કચેરીઓ-કાર્યાલયોમાં દિવ્યાંગ લોકોને માળખાકીય સુવિધાઓનો લાભ મળે તે માટે સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓ કામ કરે, આવી અપંગતાને અટકાવવા માટે સંશોધનોને પ્રાયોજિત કરે અને પ્રોત્સાહન આપે.

**ગંભીર વિકલાંગતા ધરાવતા લોકો માટેની સંસ્થા**

૮૦ ટકા કે તેથી વધારે એક અથવા એકથી વધારે પ્રકારની અપંગતા ધરાવનારા લોકોને ગંભીર વાંક્લાંગ કહેવામાં આવે છે. સરકાર તેમના માટે સંસ્થાઓ સ્થાપે અને તેનો નિભાવ કરે. સરકારી ધોરણોને અનુરૂપ રહીને જે ખાનગી સંસ્થાઓ ચાલે છે તેવી સંસ્થાઓને ગંભીર વિક્લાંગ માટેની સંસ્થાઓ તરીકેની ઓળખ મળશે.

**દિવ્યાંગો માટેના કમિશનર તથા મુખ્ય કમિશનર**

કેન્દ્ર સરકાર આ કાનૂનના અમલીકરણ માટે દિવ્યાંગો માટે મુખ્ય કમિશનરની નિયુક્તિ કરશે. મુખ્ય કમિશનર દિવ્યાંગો માટેના કમિશનોના કામકાજની દેખરેખ રાખશે, દિવ્યાંગો માટે કેન્દ્ર સરકારે આપેલાં નાણાં/ફંડના ઉપયોગની સમીક્ષા કરશે, દિવ્યાંગોના અધિકારો તથા તેમને મળેલી સવલતોનું રક્ષણ થાય છે કે કેમ, તે સુનિશ્ચિત કરશે; તથા સાથોસાથ આ કાયદાના અમલીકરણ અંગે કેન્દ્ર સરકારને વાર્ષિક અહેવાલ સુપરત કરશે.

## ૮.૪.૩ વિકલાંગોનું બિલ, ૨૦૧૧ હેઠળ આવતા લોકોના અધિકારો

સેન્ટર ફોર ડિસેબિલિટી સ્ટડીઝ, નાલસાર યુનિવર્સિટી ઑફ લૉ દ્વારા તૈયાર કરાયેલું આ પ્રસ્તાવિત બિલ દિવ્યાંગોની સમાનતાની સ્થાપના કરે છે. NALSAR અપંગતા ધરાવતા લોકોના કાયદા-૧૯૯૫એ અપંગતાના આધારે અપંગપણાની એક વ્યાપક વ્યાખ્યા કરી, તેના પરિણામે જેમની અપંગતાનો આ કાનૂનમાં સમાવેશ નથી થયો તેવા દિવ્યાંગોના અધિકારો તથા આ કાનૂનમાં તેમને અપાયેલી વિશેષ ઓળખનો ઘણી વાર ઈનકાર કરાયો.

**આ પ્રસ્તાવિત ખરડાનાં મુખ્ય પરિબળો આ મુજબ છે:**

- તમામ દિવ્યાંગ લોકોને સમાનતા સહિતના અને ભેદભાવ વિનાના જીવનની ખાતરી: દિવ્યાંગ લોકોના અધિકારોનું બિલ-૨૦૧૧
- તમામ દિવ્યાંગ વ્યક્તિઓની કાનૂની ક્ષમતાઓને ઓળખવી અને આવી કાનૂની ક્ષમતાની જ્યાં જરૂર હોય ત્યાં તેમને સહાય કરવાની જોગવાઈ કરવી
- દિવ્યાંગ બહેનોને વિવિધ પ્રકારના તથા વધારાના ભેદભાવને ઓળખવા તથા બંને અધિકારોમાં તથા કાર્યક્રમની દરમિયાનગીરીમાં જાતિગત સમજની સ્થાપના કરવી

## વિશેષ જરૂરિયાતવાળાં બાળકો CWSN (Children With Special Need) નો ખ્યાલ

- *દિવ્યાંગ બાળકોની ખાસ આંતરિક નિર્બળતાને ઓળખવી તથા અન્ય બાળકોની સાથે તેમની સાથે સમાન વ્યવહાર થાય છે કે કેમ તે સુનિશ્ચિત કરવું*
- *જેઓ વયોવૃદ્ધ છે, જેઓ ઘરમાં રહે છે, ત્યજાયેલી સ્થિતિમાં અને અન્ય લોકોથી અલગ રહેતા અથવા સંસ્થાઓમાં રહેતા હોય તેવા લોકો કે જેમને ઉચ્ચ પ્રકારની સહાયની જરૂર હોય તેવા લોકોના જીવનમાં ખાસ રીતે દરમિયાનગીરી કરવાના આદેશ કરવા*
- *અપંગતા ધરાવતા લોકોની સક્રિય ભાગીદારી સાથેની દિવ્યાંગ-નીતિ તથા કાનૂનની રચના કરે તેવું રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાનું દિવ્યાંગ-હક સત્તામંડળ બનાવવું; દિવ્યાંગ લોકો સામેના માળખાકીય ભેદભાવને છૂટા પાડી દેવા તથા આ કાનૂન હેઠળ જાહેર થયેલાં નીતિ-નિયમોનું આ કાનૂનમાં ખાતરી અપાયેલા તમામ હકોના રક્ષણ, પ્રોત્સાહન તથા ભોગવટા માટે યોગ્ય નિરીક્ષણ-વ્યવસ્થા ગોઠવવી*
- *અયોગ્ય, ખોટી અને ગેરકાનૂની કામગીરી તથા પ્રવૃત્તિઓ અને ગુનાઓ માટે નાગરિક તથા ફોજદારી કલમોને નિશ્ચિત કરવી.*

## ૮.૫ ઉપસંહાર

*સૌ જાણે છે તેમ, દરેક બાળક પોતાના પરિવારમાં અનેક જરૂરિયાતો વિપુલ માત્રામાં લઈને આવે છે, તેને અન્ય ચીજો ઉપરાંત પ્રેમની, સંભાળની, ઉછેરની, પોષણ-ખોરાકની, કપડાં-લત્તાંની તથા શિક્ષણની જરૂરિયાતો હોય છે. ખાસ જરૂરિયાતો ધરાવતું બાળક મૂળભૂત રીતે એવું બાળક છે કે જે પોતાની અલગ પ્રકારની તબીબી કે વિકાસને લગતી મુશ્કેલીઓના કારણે પોતાના સહાધ્યાયીઓ કરતાં વધારે જરૂરિયાતો ધરાવે છે. ખાસ જરૂરિયાતો સાધારણથી વધારે ગંભીરતા સુધી વિસ્તરી શકે છે. જ્યારે ખાસ જરૂરિયાતોને સારી સારવાર કે ખાસ કાર્યક્રમો કે સેવાઓ મળે છે ત્યારે તે સારો પ્રતિભાવ આપે છે.*

*બાળકની મોટા ભાગની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં શિક્ષક એક ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દિવ્યાંગ કાનૂન ૧૯૯૫ અને* UNCRPD *અધિકારો શિક્ષક માટે બાળકનાં માતા-પિતા તથા અન્ય સ્ટેકહોલ્ડરોને સમજાવવા માટે તે બાબત ખૂબ મહત્ત્વનું પરિબળ બની રહે છે.*

*ખાસ જરૂરિયાતવાળાં બાળકો* (CWSN) *સાથે કામ પાર પાડતી વખતે શિક્ષકની ભૂમિકા ખૂબ જ અગત્યની બની રહે છે. શિક્ષકે દરેક અપંગપણાનો અર્થ સમજવાનો હોય છે, બાળકની ઓળખ કરવાની હોય છે તથા તે જે અપંગપણાના વર્ગમાં આવતું હોય તેમાં તેનો સમાવેશ કરવાનો હોય છે, તથા પછી તેને વ્યાવસાયિક મૂલ્યાંકન માટે પ્રોફેશનલ પાસે મોકલવાનું હોય છે તથા જ્યારે*

તે મૂલ્યાંકન પૂરું થાય ત્યારે શિક્ષકે જ માતા-પિતા અને પ્રોફેશનલ સાથે મળીને આગળના દરમિયાનગીરી-પ્લાન માટે સંયુક્ત રીતે કામ કરવાનું હોય છે.

## ૮.૬ તમારી પ્રગતિ ચકાસો-ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. પ્રતીક્ષા કરતાં બાળકો

૨. ૨૦/૨૦૦

૩. ભાષા

૪. જોવામાં મુશ્કેલી

**તમારી પ્રગતિ ચકાસો-૨**

| | |
|---|---|
| ૧. UNCRPD | United Nations Convention on the Rights of Persons with Disabilities |
| 2. PWD Act | Persons with Disability Act |
| 3. Central | Defense |
| 4. Concurrent | Health |
| 5. State | Disability |

## ૮.૭ સંદર્ભસૂચિ

RaoIndumathi: A Text book on Inclusive Education (2003), CBR Network, Bangalore

RaoIndumathi: ABC of CBR (2010), CBR Network, Bangalore

http://rehabcouncil.nic.in

http://trace.wisc.edu

http://en.wikipedia.org

## ૮.૮ સ્વાધ્યાય

- PWD ACT-૧૯૯૫માંથી મહત્ત્વના મુદ્દાઓની યાદી બનાવો.
- તમામ અપંગપણાનાં અને તેનાં સંભવિત કારણોની યાદી બનાવો.

## Appendix 1

*શિક્ષકો પ્રાથમિક મૂલ્યાંકન માટે નીચેની પ્રશ્નાવલિઓનો ઉપયોગ કરી શકે છે:*

**FORM- ૪**

**૬-૧૪ વર્ષના વયજૂથમાં**

**ગામનું નામ** **ઘરનંબર** **બાળકોની સંખ્યા**

*(ક) બાળકનું નામ :*

*(ખ) ઉંમર :*

*(ગ) પિતાનું નામ :*

*(ઘ) માતાનું નામ :*

*નીચેના પ્રશ્નોમાં સાચા જવાબોની સામે (✓)ની નિશાની કરો:*

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શું પ્રસૂતિ નિશ્ચિત તારીખ પહેલાં થઈ હતી? | હા | ના | ખબર નથી |
| ૨. | બોલવાના વિકાસમાં કોઈ વિલંબ થયો છે? | હા | ના | ખબર નથી |
| ૩. | તેની ઉંમરનાં અન્ય બાળકો સાથે સરખામણી કરતાં નીચેની બાબતોમાં કોઈ વિલંબ થયો હતો? | | | |
| | બેસવું | | | |
| | ઊભા થવું/ઊભા રહેવું | | | |
| | ચાલવું | | | |
| | બોલવું | | | |
| ૪. | બાળક બરાબર દોડી શકે છે? | હા | ના | ખબર નથી |
| ૫. | બાળક બોલવા કરતાં ઈશારા, ચિહ્નોનો વધારે ઉપયોગ કરે છે? | હા | ના | ખબર નથી |
| ૬. | વાંચવા-લખવા અને દૈનિક કામગીરીઓ કરવા માટે બાળકને જોવામાં મુસીબત પડે છે? | હા | ના | ખબર નથી |
| ૭. | બાળક સાથે વાત કરતી વખતે સમજવામાં કોઈ મુશ્કેલી પડે છે? | હા | ના | ખબર નથી |
| ૮. | બાળકને સાંભળવામાં કોઈ તકલીફ પડે છે? | હા | ના | ખબર નથી |
| ૯. | સરખી વયનાં અન્ય બાળકો સાથે સરખામણી કરતાં બાળકને શીખવામાં, સમજવામાં, યાદ રાખવામાં કે અન્ય પ્રવૃત્તિઓમાં મુસીબત પડે છે ખરી? | હા | ના | ખબર નથી |
| ૧૦. | બાળક અન્ય લોકો સાથે બરાબર ભળી જાય છે ખરું? | હા | ના | ખબર નથી |



૧૧. બાળકમાં કોઈ શારીરિક અપંગતા છે ખરી? હા ના ખબર નથી

૧૨. તમારા બાળકની વાત સમજવામાં અન્ય કોઈને તકલીફ પડે છે ખરી? હા ના ખબર નથી

૧૩. બાળકના પરિવારની બહાર લોકોને તમારા બાળકની વાતચીત સમજવામાં કોઈ સમસ્યા નડે છે ખરી? હા ના ખબર નથી

૧૪. શું બાળક વાતચીત કરે છે ખરું? (જેઓ ફોર્મ ભરે છે તેમના માટે) હા ના ખબર નથી

૧૫. શું તેઓ માહિતી આપવાની ના પાડે છે?

૧૬. શું પરિવારના સભ્યો એમ માને છે કે આ માહિતી તમને આપવાથી કોઈ અર્થ સરવાનો નથી?

**યાદ રાખો:**

ટૂંકા જવાબોના ખાનામાં જો (√)ની નિશાની હોય તોપણ વિગતવાર મૂલ્યાંકનનાં ફોર્મ ભરવાનાં રહેશે.

બાળકોની અપંગતાની ઓળખ માટેનાં વિગતવાર ફોર્મ

**૬-૧૪ની વયજૂથનાં બાળકોનાં વિગતવાર ફોર્મ**

ગામનું નામ ઘરનંબર બાળકોની સંખ્યા

ક) બાળકનું નામ:

ખ) ઉંમર:

ગ) પિતાનું નામ:

ઘ) માતાનું નામ:

નીચેના પ્રશ્નોના સાચા જવાબોની સામે (√)ની નિશાની કરો:

૧. અન્ય બાળકો સાથેની સરખામણીમાં શું તમારું બાળક ચાલવામાં મુસીબતનો અનુભવ કરે છે ખરું? હા ના ખબર નથી

૨. શું બાળક મદદ વિના બેસી શકે છે? હા ના ખબર નથી

૩. શું બાળક સ્નાન, ખાવું-પીવું વગેરે જેવી દૈનિક કામગીરી પોતાની જાતે કરી શકે છે ખરું? હા ના ખબર નથી

૪. શું બાળક વાતચીત અને સૂચનાઓને સમજી શકે છે? હા ના ખબર નથી

૫. જોવામાં કોઈ મુશ્કેલી પડે છે? હા ના ખબર નથી

૬. દસેક ફૂટના અંતરેથી બાળક આંગળાંની ગણતરી કરી શકે છે ખરું? ગણી શકે છે ગણી શકતું નથી ખબર નથી

૭. પાંચેક ફૂટના અંતરેથી બાળક આંગળાંની ગણતરી કરી શકે છે ખરું?

ગણી શકે છે  ગણી શકતું નથી  ખબર નથી

૮. કોષ્ટકોની ચોપડીમાંથી બાળક આકૃતિઓને ઓળખી કાઢી શકે છે?
ઓળખી શકે છે ઓળખી શકતું નથી ખબર નથી

૯. સાંભળવામાં કોઈ મુશ્કેલી પડે છે ખરી? હા ના ખબર નથી

૧૦. 'દસેક ફૂટના અંતરેથી પાછળથી તેના નામની બૂમ પાડવાથી બાળક પ્રતિભાવ આપી શકે છે ખરું? આપે છે નથી આપતું ખબર નથી

૧૧. પાંચેક ફૂટના અંતરેથી પાછળથી તેના નામની બૂમ પાડવાથી બાળક પ્રતિભાવ આપી શકે છે ખરું? આપે છે નથી આપતું ખબર નથી

૧૨. બાળક સ્પષ્ટતાથી બોલે છે ખરું? હા ના ખબર નથી

૧૩. બાળકની વાત સમજવામાં અન્ય લોકોને કોઈ તકલીફ પડે છે ખરી?
હા ના ખબર નથી

૧૪. શું બાળકને આંચકીઓ આવે છે? હા ના ખબર નથી
જો હા, તો-
શું બાળકને તેનો હુમલો આવે છે? હા ના ખબર નથી
ક) દરરોજ હા ના ખબર નથી
ખ) અઠવાડિયે એક વાર હા ના ખબર નથી
ગ) મહિને એક વાર હા ના ખબર નથી
ઘ) છ મહિને એક વાર હા ના ખબર નથી
ચ) શું તે દવાઓ લે છે? હા ના ખબર નથી
જ) શું તેને ડૉક્ટર પાસે લઈ જવું પડે છે? હા ના ખબર નથી

૧૫. નાનાં નાનાં કામકાજ કરતી વખતે શું બાળક પડી જાય છે? શું તેના હાથમાં પકડેલી વસ્તુને તે છોડી શકતું નથી? હા ના ખબર નથી

૧૬. જો નાકમાં લીંટ આવતું હોય તો બાળક ચૂપ થઈ જાય છે ખરું?
હા ના ખબર નથી

૧૭. પોતાની વયનાં અન્ય બાળકો સાથે તુલના કરતાં આ બાળક શું થોડું ઓછું હોશિયાર જણાય છે? હા ના ખબર નથી

૧૮. શું બાળક પોતાની કામગીરી કરવામાં હમેશાં નબળું પુરવાર થાય છે?
હા ના ખબર નથી

૧૯. પોતાની ઉંમરનાં અન્ય બોળકો સાથે સરખામણી કરતાં આ બાળકને પોતાના કામકાજમાં ધ્યાન આપવાનું વધારે મુશ્કેલ લાગે છે ખરું? હા ના ખબર નથી

૨૦. પોતાની ઉંમરનાં અન્ય બાળકો સાથે સરખામણી કરતાં આ બાળક રમતગમતમાં અંચાઈ, નુકસાન કે હાનિ કરે છે ખરું? હા ના ખબર નથી



૨૧. શું આ બાળક પોતાની ઉંમરનાં બાળકો કરતાં નાનાં બાળકો સાથે વધારે ભળી જાય છે?

હા ના ખબર નથી

૨૨. શું આ બાળક આગ, પાણી વગેરેની ભયાનકતાને સમજે છે ખરું?

હા ના ખબર નથી

૨૩. શું આ બાળક પોતાનું નામ જણાવી શકે છે ખરું? હા ના ખબર નથી

૨૪. શું બાળકની આંખમાંથી સતત સ્રાવ થયા કરે છે? હા ના ખબર નથી

૨૫. શું બાળક હમેશાં પોતાની આંખો ચોળ્યા કરે છે? હા ના ખબર નથી

૨૬. વાંચવા, લખવા અને જોવામાં શું આંખોની કોઈ ગંભીર બીમારી છે ખરી?

હા ના ખબર નથી

૨૭. શું બાળક કોઈનીય મદદ વિના પોતાની રીતે ચાલી શકે છે?

હા ના ખબર નથી

૨૮. શાળામાં દોડવા કે કસરતો કરવામાં કોઈ તકલીફ પડે છે?

હા ના ખબર નથી

૨૯. અન્ય સાથે સરખાવતાં શું આ બાળકની અભ્યાસ/રમત-ગમતમાં પ્રગતિ ઓછી છે?

હા ના ખબર નથી

૩૦. પોતાની ઉંમરનાં અન્ય બાળકોની જેમ જ શું આ બાળક પોતાનાં પુસ્તકો તથા ચીજવસ્તુઓને યોગ્ય જગ્યાએ કાળજીપૂર્વક અને સ્પષ્ટ રીતે મૂકી શકે છે ખરું?

હા ના ખબર નથી

૩૧. તેની ઉંમરનાં અન્ય બાળકોની સરખામણીએ શું આ બાળક ધીમે કામ કરે છે?

હા ના ખબર નથ

૩૨. શું આ બાળકને કાનનો દુઃખાવો છે? હા ના ખબર નથી

૩૩. કાનમાંથી કશો સ્રાવ કે એવું કશું નીકળે છે ખરું? હા ના ખબર નથી

૩૪. વાર્તાઓ કહેવામાં કે ગણિતના દાખલા ગણવામાં તેને કોઈ મુશ્કેલી પડે છે ખરી?

હા ના ખબર નથી

૩૫. વાતચીત સાંભળતી વખતે શું આ બાળક પીઠ ફેરવી જાય છે?

હા ના ખબર નથી

૩૬. શું બાળક પોતાની જાતને અવારનવાર નુકસાન કરી બેસે છે?

હા ના ખબર નથી

૩૭. બાળક સાથે વાતચીત કરતી વખતે શું તે સતત કોઈ અવાજ કાઢે છે?

હા ના ખબર નથી

૩૮. શું બાળકને ચશ્માં છે ખરાં? હા ના ખબર નથી

| | | | |
|---|---|---|---|
| ૩૯. શું બાળક સાંભળવાનું કોઈ મશીન વાપરે છે? | હા | ના | ખબર નથી |
| ૪૦. શું તેને સાંભળવામાં થોડીઘણી મુશ્કેલી પડે છે? | હા | ના | ખબર નથી |
| ૪૧. શું તેને સાંભળવામાં સંપૂર્ણ સમસ્યા થઈ શકે છે? | હા | ના | ખબર નથી |
| ૪૨. શું તેના એક પગમાં કોઈ સમસ્યા છે? | હા | ના | ખબર નથી |
| ૪૩. શું તેના બંને પગમાં કોઈ સમસ્યા છે? | હા | ના | ખબર નથી |
| ૪૪. શું આ બાળક બરાબર ચાલતું નથી? | હા | ના | ખબર નથી |
| ૪૫. શું તેના બંને હાથમાં સમસ્યા છે? | હા | ના | ખબર નથી |
| ૪૬. તેની વયનાં અન્ય બાળકો સાથે સરખાવતાં તેને લખવામાં વધુ મુશ્કેલી પડે છે? | હા | ના | ખબર નથી |
| ૪૭. શું કોઈ મુશ્કેલી છે ખરી? | હા | ના | ખબર નથી |

# યુનિટ ૯: વિશેષ જરૂરિયાતવાળાં બાળકો (CWSN)નું શિક્ષણ

અનુક્રમ


૯.૦ પ્રસ્તાવના

૯.૧ અધ્યયન હેતુઓ

૯.૨ વિશેષ જરૂરિયાત ધરાવતાં બાળકોનો શૈક્ષણિક પડકાર

- ૯.૨.૧ સી.ડબલ્યુ.એસ.એન.ની શિક્ષણ વિશેષતા
- ૯.૨.૨ સી.ડબલ્યુ.એસ.એન.ની જરૂરિયાત તથા શૈક્ષણિક પદ્ધતિ

૯.૩ પાઠ્યપુસ્તક અનુકૂલન

- ૯.૩.૧ અભ્યાસક્રમ અનુકૂલનની જરૂરિયાત
- ૯.૩.૨ સી.ડબલ્યુ.એસ.એન.ની જરૂરિયાતને ઓળખવા માટે અભ્યાસક્રમ અનુકૂલન

૯.૪ સી.ડબલ્યુ.એસ.એન.ની શિક્ષણ જરૂરિયાતને પોષવા માટેની સુવિધાઓ

- ૯.૪.૧ શાળા, ક્લસ્ટર, ખંડ (બ્લૉક), જિલ્લા અને રાજ્યસ્તરો પર
- ૯.૪.૨ અશક્ત બાળકોનો શિક્ષણમાં સમાવેશ

૯.૫ સર્વસમાવેશક વર્ગખંડો

- ૯.૫.૧ વર્ગખંડ વ્યવસ્થા અને વ્યવસ્થાપન
- ૯.૫.૨ ઉપર્યુક્ત શિક્ષણની અભ્યાસ સામગ્રી તથા માહિતી સંચાર-ટૅક્નોલોજીનો ઉપયોગ

૯.૬ ઘેરબેઠાં શિક્ષણ

- ૯.૬.૧ વિભાવના
- ૯.૬.૨ ઘેરબેઠાં શિક્ષણની કાર્યપદ્ધતિ

૯.૭ ઉપસંહાર

૯.૮ તમારી પ્રગતિ ચકાસો- ના જવાબો

૯.૯ સંદર્ભસૂચિ

૯.૧૦સ્વાધ્યાય

## ૯.૦ પ્રસ્તાવના:

શિક્ષક તરીકે તમે ઓછીવત્તી શક્તિઓવાળાં બાળકોને ભણાવતા હશો. તમે એવાં પણ બાળકોને ભણાવ્યાં હશે જેઓ ખાસ પ્રકારની જરૂરિયાત ધરાવતાં હોય. કેટલાંક બાળકોને તેમની જન્મથી પોલિયો કે અકસ્માતના કારણે અંગો અસરગ્રસ્ત થવા જેવી અથવા કેટલાંકને અંધાપો કે ઓછી દૃષ્ટિ અથવા કેટલાંકને સાંભળવાની ખામી વગેરે જેવી સ્પષ્ટ દેખાતી વિકલાંગતાના કારણે વિશેષ પ્રકારની જરૂરિયાત હોય છે. એવાં પણ બાળકો હોય છે જેમની વિકલાંગતા દેખાતી નથી, જેમ કે, બૌદ્ધિક અક્ષમતા (અગાઉ જેને માનસિક મંદતા તરીકે ઓળખવામાં આવતી હતી) તથા કેટલાંકને ખાસ પ્રકારના શિક્ષણમાં અસમર્થતા જણાતી હોય. તમે સૌ જાણો છો કે, આપણા દેશમાં શિક્ષણ સૌ બાળકોનો મૂળભૂત અધિકાર છે. એટલું જ નહીં, આપણા દેશમાં તો વિકલાંગતા ધરાવતા લોકોના અધિકારોને 'દિવ્યાંગ લોકો (સમાન હક, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) કાનૂન (પી.ડી.ઍક્ટ, ૧૯૯૫)' હેઠળ કાનૂની રક્ષણ મળેલું છે. હાલમાં આ ઍક્ટને સુધારવામાં આવી રહ્યો છે. વધુમાં આ કાનૂન શિક્ષણના અધિકાર પર ભાર મૂકે છે. સર્વશિક્ષા અભિયાન (SSA)માં નોંધાયા મુજબ, ખાસ જરૂરિયાતવાળાં બાળકો (CWSN)માં તમામ વિકલાંગતાવાળાં બાળકોને યોગ્ય શિક્ષણ પૂરું પાડવા માટે તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં આપણે આવાં બાળકોની લાક્ષણિકતાઓ, અભ્યાસક્રમનું અનુકૂલન તથા શિક્ષણ-અધ્યયન સામગ્રી, માહિતી અને સંચાર ટૅક્નોલોજી (ICT)ની ભૂમિકા તથા ખાસ જરૂરિયાત ધરાવતાં બાળકોના શિક્ષણમાં સમાવેશ અંગેની વિવિધ જોગવાઈઓનો અભ્યાસ કરીશું. આ બધી વ્યવસ્થા છતાં, શાળાએ પહોંચી ન શકે તેવી ગંભીર વિકલાંગતા ધરાવતાં બાળકો પણ હોઈ શકે છે. શિક્ષણ તેમનો અધિકાર હોવાથી, યોગ્ય તો એ જ રહેશે કે શિક્ષણ ખુદ તેમના દ્વારે પહોંચે. તેથી, આવાં બાળકો માટે ઘેરબેઠાં શિક્ષણ હેઠળ આવાં બાળકો માટે કરાયેલી વ્યવસ્થાઓની ચર્ચા પણ આ પ્રકરણમાં આપણે કરીશું.

## ૯.૧ અધ્યયન હેતુઓ

આ પ્રકરણમાંથી પસાર થયા પછી તમે-

- વિશેષ જરૂરિયાતવાળાં બાળકોની શિક્ષણની લાક્ષણિકતાઓનું વર્ણન કરી શકશો.
- શિક્ષણપદ્ધતિ અને વિશેષ જરૂરિયાતવાળાં બાળકો પરની અસરોની ચર્ચા કરી શકશો.
- વિશેષ જરૂરિયાતવાળાં બાળકોની જરૂરતો પૂર્ણ કરવા માટે અભ્યાસક્રમને અનુકૂળ કરવામાં કુશળતા દર્શાવી શકશો.
- સ્કૂલ, ક્લસ્ટર, બ્લૉક, જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રાપ્ય સુવિધાઓનું વર્ણન કરી શકશો.
- યોગ્ય અને અનુકૂળ ટીચિંગ લર્નિંગ મટિરિયલ (TLM)ને તૈયાર કરવું, તેનો ઉપયોગ કરવો અને CWSNવાળાં બાળકોના ક્લાસનું સંચાલન કરવું.
- ઘેરબેઠાં શિક્ષણ/સૂચનની જોગવાઈનું પ્રદર્શન કરવું.

## ૯.૨ ખાસ જરૂરિયાતવાળાં બાળકોના શૈક્ષણિક પડકારો:

શિક્ષક તરીકે તમે ૩૫થી વધારે બાળકોના ભરચક વર્ગને નોંધપાત્ર સરળતાથી ભણાવતા હશો. તેનું કારણ એ છે કે, આ વયનાં તથા વર્ગનાં બાળકો સામાન્ય રીતે અમુક ચોક્કસ વર્તુળમાં ક્ષમતાનું સ્તર અને સંભવિતતાઓ ધરાવતાં હોય છે. જ્યારે તમારા વર્ગમાં કોઈCWSN બાળક હોય તો તેને અમુક ચોક્કસ પ્રકારની જરૂરિયાત પૂર્ણ કરવાની જરૂર છે. આ જરૂરિયાતો જે તે બાળકની અસમર્થતાના આધારે બાળકે બાળકે બદલાતી હોય છે. દાખલા તરીકે, જોવાની મુશ્કેલી ધરાવતા બાળકને વર્ગમાં પૂરતી વીજળી જોઈએ, જેથી તે બોર્ડ અથવા દશ્યોને બરાબર જોઈ શકે. એ જ રીતે, સાંભળવાની મુશ્કેલી ધરાવતા વિદ્યાર્થી માટે શિક્ષક જરાક મોટેથી તથા સ્પષ્ટ રીતે બોલે અને એ રીતે બોલે કે તેમના હોઠ પણ વિદ્યાર્થી વાંચી શકે. બીજી તરફ, પ્રજ્ઞાચક્ષુ બાળકને શાબ્દિક સૂચનોની સાથોસાથ સ્પર્શજન્ય સામગ્રીની જરૂર પડશે, જેથી જ્યારે શિક્ષક દશ્યોની વાત કરતા હોય ત્યારે તે સ્પર્શથી સમજી શકે અને શીખી શકે. તો, માનસિક બીમારી ધરાવતા બાળકને નક્કર સામગ્રી જોઈશે અને તેને કોઈ એક બાબત સમજાવવા માટે અનેક વાર સૂચના આપવી પડશે. ગતિ કે હલનચલનની સમસ્યા ધરાવનાર બાળકને તેની જરૂરિયાત અનુસાર શારીરિક આધારની જરૂર પડશે. આવાં બાળકોની વ્યક્તિગત જરૂરિયાતોને તમારા વર્ગમાં તમે કઈ રીતે પૂરી પાડો છો તે હવે આપણે જોઈએ.

### ૯.૨.૧ CWSNની શીખવાની લાક્ષણિકતાઓ:

તમામ બાળકો એકસમાન હોતાં નથી અને તેમનામાં વિવિધ શક્તિઓ તથા જરૂરિયાતો હોઈ શકે છે. આ સમજ અન્ય લોકોની સહાયથી તથા એક સંકલિત વર્ગખંડમાં મદદ પ્રાપ્ત કરવા માટે એક પગલું ગણી શકાય. માણસો એકબીજા પર આધારિત અને સ્વતંત્ર પણ હોવાથી વયસ્કો માટે આ કૌશલ્ય જરૂરી છે. આવી સમજ જીવનની શરૂઆતમાં સારા નાગરિક બનવા માટે મૂલ્યોને પ્રોત્સાહન પૂરું પાડે છે. આનાથી એક હકારાત્મક આંતરસ્વાતંત્ર્યની દિશામાં આગળ વધાય છે.

જેને હાથપગની ખામીના કારણે હલનચલનમાં મુશ્કેલી છે તેવાં બાળકો વર્ગમાં અન્ય બાળકની જેમ જ શીખશે. જેને હાથની ખામી હોય તો તેને લખવામાં તથા કોઈ વસ્તુને ખસેડવામાં, તથા જો પગની ખામી હશે તો તેને હલનચલન કરવામાં મુશ્કેલી અનુભવાશે. આવાં બાળકોને તેમની અસમર્થતાની ખામી પૂરવા માટે યોગ્ય સહયોગ તથા આવશ્યક સામગ્રીની જરૂર પડશે.

જે ઓછું સાંભળી શકે છે તેવું બાળક મોટા ભાગે જોઈને શીખવાનું વલણ દાખવે છે. યાદ રહે કે, સાંભળવાની ક્ષતિ ધરાવનાર બાળક વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓ જેવું જ છે, માત્ર એટલો જ ફેર છે કે તેને સાંભળવાની ક્ષતિ છે. તે સાંભળતું નથી તેથી બોલતું નથી. આવા બાળકની સાથે જે વ્યક્તિ વાત કરતી હોય તેના હોઠને વાંચવાથી તેને મદદ મળી રહે છે. પાટિયા પર લખવાના ચૉક તથા ચાર્ટ અને અન્ય દશ્ય ચીજો વગેરેથી તેમને ભણાવવાથી તેમને નિયમિત વર્ગખંડમાં શીખવામાં મદદ મળશે. આવા બાળકને શ્રવણ યંત્ર કાયમ માટે પહેરી રાખવાનું ઉત્તેજન આપો. જો તેની પાસે આવું સાધન ન હોય તો તે તેને ટીમ દ્વારા આકારણી કરેલું પ્રમાણપત્ર મેળવી આપો અને તેને તેવું યંત્ર નિઃશુલ્ક મળી રહે તેવું ગોઠવો. સરકારશ્રીની આ એક જોગવાઈ છે અને આપણી પણ એ ફરજ છે કે દરેક બાળકની સાંભળવાની શક્તિને ચકાસી લેવી અને જરૂરી સહાય પૂરી પાડવી.

કાનૂની રીતે જોઈએ તો, આંખ કે દષ્ટિની ક્ષતિ ધરાવનાર બાળક અંધત્વ અને નબળી દષ્ટિમાં આવે છે. જે બાળક સંપૂર્ણ પ્રજ્ઞાચક્ષુ હોય તે સ્પર્શજન્ય કે સ્નાયુઓની સૂઝથી શીખી લે છે. સામાન્ય દષ્ટિવાળો વિદ્યાર્થી જે રીતે સૂંઘે છે તેનાથી વધારે સારી રીતે સૂંઘીને તે સમજી શકે છે. દાખલા તરીકે, તમે વર્ગમાં પ્રવેશ કરો ત્યારે તમે બોલવાનું શરૂ કરો તે પહેલાં તમે જે દરરોજ વાપરો છો તે પરફ્યુમની સુવાસથી તેને (પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીને) તમારી હાજરીનો સંકેત મળી જાય છે! આંખની ખામી ધરાવનારું બાળક ખાસ પ્રકારના ચશ્મા પહેરે છે અને તેને ઉપલબ્ધ દષ્ટિના આધારે વાંચે છે. જોકે, તેને મોટા અક્ષરો અને તેની પાછળ ખૂબ જ કાળું પાટિયું જોઈશે. આવા બાળક માટે વર્ગમાં તેની જરૂરિયાતો અને વ્યવસ્થા યોગ્ય રીતે કરવાથી તેનો સમાવેશ થઈ જશે.

ખાસ પ્રકારની શીખવાની અશક્તિ (SLD) એવી સ્થિતિ છે જેમાં બાળકોમાં કોઈ નબળી બૌદ્ધિક કે અન્ય ખામી નથી હોતી, પરંતુ તેઓ નબળો શૈક્ષણિક દેખાવ કરે છે. આ ખામીને અલબત્ત, પી.ડી. ઍક્ટમાં સમાવવામાં આવી નથી. આવાં SLD વિદ્યાર્થીઓને  ન્યૂરોલોજિકલ સ્થિતિના કારણે માહિતી કે જ્ઞાનની પ્રક્રિયામાં મુશ્કેલી અનુભવાય છે અને તેઓ વાંચવામાં મુશ્કેલી દર્શાવે છે (dyslexia), લખવામાં મુસીબત દર્શાવે છે (dysgraphia) અને ગણિતના દાખલા ગણવામાં મુશ્કેલી દર્શાવે છે (dyscalculia). કેટલાંક બાળકો ધ્યાન, યાદશક્તિ, તર્કશક્તિ અને પોતાને વ્યવસ્થિત રીતે રજૂ કરવા જેવી બાબતોમાં મુશ્કેલીઓ ધરાવતાં હોય છે. તેમના માટે કાળજીપૂર્વકનું નિર્ધારણ તથા આયોજનબદ્ધ કાર્યક્રમથી તેમની શીખવાની મુશ્કેલી મહદ્ અંશે નિવારી શકાય છે.

માનસિક વિકલાંગતા, ઓટીઝમ, મગજનો લકવા અથવા એકથી વધારે વિકલાંગતા જેવી વિકાસાત્મક અસમર્થતા ધરાવતું બાળક ભણવા માટેની, શીખવાની ખાસ પ્રકારની લાક્ષણિકતાઓ ધરાવતું હોય છે. બૌદ્ધિક રીતે મંદ બાળકો ભણવામાં મંદ રહેતાં હોય છે, અને જે કંઈ પણ શિખવાડવામાં આવે તેને ગ્રહણ કરવામાં તેઓ મર્યાદિત શક્તિ ધરાવતાં હોય છે. કેટલીક ઊંડી, ગહન અને ગૂઢ બાબતો સમજવામાં તેમને તકલીફ પડશે. મગજનો લકવા ધરાવનાર બાળક શીખવા માટે સક્ષમ હોય, પણ તેને સંકલન, ગતિશીલતા તથા બોલવાની બાબતોમાં તકલીફ પડી શકે છે. જો તે બૌદ્ધિક રીતે પણ મંદ હોય તો તે શીખવાની પણ ખાસિયતો બતાવશે. ઑટીઝમ ધરાવનારાં બાળકોને સામાજિક સંબંધોમાં તથા અન્ય સાથે સંપર્કમાં મુશ્કેલી પડશે. તેમનાં રસરુચિ પણ ઓછાં હોઈ શકે છે તથા તેમને યોગ્ય સમજ સાથે ભણાવવાની જરૂર હોય છે. તેમાંનાં કેટલાંક તો બૌદ્ધિક અક્ષમતા પણ ધરાવતાં હોય જે પાછળથી પડકારજનક બની શકે છે. ઉપર જણાવેલા રોગો મુજબ જો વધારે અપંગપણું હોય તો તે એક-બે કે તેથી વધારે વિકલાંગતાનું સંયોજન છે અને તેને વ્યક્તિગત વ્યવસ્થિત આયોજનબદ્ધ શૈક્ષણિક કાર્યક્રમોની જરૂર હોય છે.

## ૯.૨.૨ શૈક્ષણિક પદ્ધતિ તથા CWSNની જરૂરિયાતો:

શિક્ષક તરીકે આપ સૌ આપણી શૈક્ષણિક પદ્ધતિઓથી વાકેફ છો. આપ કેન્દ્રીય બોર્ડ સાથે સંકળાયેલી કે રાજ્ય શિક્ષણબોર્ડ સાથે સંકળાયેલી કોઈ શાળામાં સેવા આપતા હશો. ગમે તે પદ્ધતિ હોય, પરંતુ બાળકોને ધોરણ ૧૦ સુધી નિશ્ચિત સંખ્યામાં વિષયો ભણવાના આવે છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓને ત્રણ ભાષા ભણવાની આવે છે જે પૈકીની એક ભાષા શિક્ષણનું માધ્યમ હોય છે. આપણે ત્યાં શાળાઓમાં ફોર્મેટીવ (ઘડતર) અને સમેટીવ (ગણતર) મૂલ્યાંકન પદ્ધતિ છે. ફોર્મેટીવ મૂલ્યાંકન દર ત્રણ મહિને વર્ગમાં લેવાતી પરીક્ષાઓ ઉપરાંત લેવાય છે, અને સમેટીવ મૂલ્યાંકન વર્ષના અંતે કરવામાં આવે છે. અગાઉનાં વર્ષોમાં વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં મોકલવા માટેનો

નિર્ણય કરવા માટે આ મૂલ્યાંકન પદ્ધતિનો ઉપયોગ થતો હતો. આપ સૌ જાણો છો તેમ, વર્તમાન સમયમાં 'આપોઆપ ઉપલા વર્ગમાં' મોકલવાની તથા નાપાસ ન કરવાની (નો રીટેન્શન) નીતિ અમલમાં છે. મોટા ભાગની શાળાઓમાં, ખાસ કરીને કેન્દ્રીય બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (CBSC) દ્વારા ચાલતી સ્કૂલોમાં પ્રવૃત્તિના આધાર પર શિક્ષણ અને સતત તથા સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE) ચાલે છે.

આ સ્થિતિમાં ક્યારેક દિવ્યાંગ બાળકો, ખાસ કરીને જેમને ઓછી બૌદ્ધિક શક્તિ છે તેવાં અથવા ખાસ પ્રકારની શીખવાની મુશ્કેલી છે તેવાં બાળકો પર કોઈનું ધ્યાન ખાસ જતું નથી. ઉદાહરણ તરીકે, તમે આવાં બાળકોને ધોરણ ૮માં બેઠેલાં જોશો, પણ તેમનો દેખાવ (શૈક્ષણિક દેખાવ) અમુક વિષયોમાં ધોરણ ૨ કે ૩ના વિદ્યાર્થી જેવો લાગશે. તેમને જલદીથી ઓળખી કાઢવા તથા તેમને તેમના જીવનમાં સમયસર સાચો સહકાર આપવો ખૂબ જરૂરી છે, જેથી સમસ્યા વધારે જટિલ ન બને. દિવ્યાંગ હોવાના કારણે નીચું આત્મસન્માન, મિત્રોમાં સ્વીકૃતિનો અભાવ કે ક્યારેક શિક્ષકગણ દ્વારા તેમની ઉપેક્ષા જેવાં કારણોથી તેમનાં દિલોદિમાગ પર એક કાયમી કલંક જેવી છાપ પડી જાય છે, જે તેમના વ્યક્તિત્વને કાયમી ધોરણે નુકસાનકારક નીવડે છે, એ બાબતે આપ સૌ સંમત થશો. વિદ્યાર્થીના પ્રશ્નને ઓળખવામાં તથા જેનાથી તેવા વિદ્યાર્થીઓના સહાધ્યાયીઓ પણ તેમના પ્રત્યે સમજણપૂર્વકનું અને સહકારભર્યું વર્તન કરે તે માટે તેને પૂરતી સહાયતા કરવાની મહત્ત્વની નોંધપાત્ર ભૂમિકા શિક્ષક તરીકે આપ સૌ ભજવો છો.

પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને બ્રેઈલ લિપિ જેવાં સહાયક માધ્યમોની યોગ્ય મદદ, સાંભળવાની ક્ષતિ ધરાવનારાં બાળકોને શ્રાવ્યસાધનો તથા જેમને ચાલવાની તકલીફ છે તેવાં માટે વૉકર, વ્હીલચેર, કેલીપર્સ તથા કાંખઘોડી જેવી સહાયતા ઉપલબ્ધ કરાવવી અને ગતિશીલતાની બાબતમાં અપંગ જણાતાં બાળકોને તથા શારીરિક ક્ષતિ ધરાવતાં બાળકોને લખવા માટે પેન્સિલ તથા નોટબુકની સહાય કરીને પડકારોને પહોંચી વળી શકાય.

વધુમાં, આ પડકારોને ઉપાડી લેવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારોએ દિવ્યાંગ બાળકો માટે કેટલાંક લાભ તથા છૂટછાટો આપેલાં છે. દાખલા તરીકે, પ્રજ્ઞાચક્ષુ બાળક અથવા શીખવાની અપંગતા ધરાવનાર બાળક પરીક્ષામાં પેપર લખવા માટે પોતાની સાથે મદદગાર તરીકે કોઈ વ્યક્તિને રાખી શકે છે અને તે જવાબો બોલે તથા મદદગાર માણસ તેનું પેપર લખે છે. ત્રણ કલાકની પરીક્ષામાં તેમને ૩૦ મિનિટનો વધારાનો સમય પણ ફાળવવામાં આવે છે. સાંભળવાની ક્ષતિ ધરાવનાર બાળકને બીજી/ત્રીજી ભાષા કરવાની જરૂર રહેતી નથી અને તેના બદલે તેને અન્ય વૈકલ્પિક વિષય આપવામાં આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો-૧**

૧. તમારા વર્ગમાં તમે જોઈ હોય તેવી કોઈ પણ ચાર વિકલાંગતાનાં નામ લખો.

..........................................................................

..........................................................................

..........................................................................

૨. CWSN ની મુશ્કેલીઓને વધારે જટિલ બનાવતા હોય તેવા આપણી શિક્ષણપદ્ધતિમાંના પડકારો જણાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## ૯.૩ અભ્યાસક્રમનું અનુકૂલન

સારો અભ્યાસક્રમ વિદ્યાર્થી પર રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સમજણના સ્તરે જ્ઞાન, કૌશલ્ય અને મૂલ્યોની અસર પાડતો હોય છે. જ્યારે આપણે ખાસ વિશિષ્ટ શિક્ષણની વાત કરીએ છીએ ત્યારે શિક્ષણને છેવટના બિંદુ તરીકે જોવાથી વિશેષ શિક્ષણની ગુણવત્તા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો આ સમય છે. શિક્ષણમાં સારી ગુણવત્તા માટે એક સારો અભ્યાસક્રમ ચાવીરૂપ બને છે. શૈક્ષણિક સુધારો માત્ર શિક્ષકનું એકલાનું કામ નથી, બલકે નીતિઘડવૈયાઓ, માધ્યમો અને નાગરિકોનું પણ કામ છે, કેમ કે, શિક્ષણ જ આપણને નાગરિક બનાવે છે. શિક્ષણના હેતુ તથા તેનાં પરિણામોના સંદર્ભે માન્યતાઓ તથા મૂલ્યોના આધારે અભ્યાસક્રમનો નિર્ણય લેવાય છે. દરેક અભ્યાસક્રમનો હેતુ કે ધ્યેય વિદ્યાર્થીઓમાં રહેલી પૂર્ણ સંભવિતતાને ઓળખવાનો અને તેમને વધુ ને વધુ ઉપયોગી બનવામાં મદદરૂપ થવાનો તથા વિદ્યાર્થીઓને સમાજોપયોગી નાગરિકો બનાવવાનો હોય છે. આપણે જ્યારે દિવ્યાંગ બાળકોને જોઈએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે તેમની શક્તિઓ તથા જરૂરિયાતો અલગ અલગ હોય છે. આ શક્તિઓ તથા જરૂરિયાતો શિક્ષણના અભ્યાસક્રમના હેતુઓ તથા શિક્ષણનાં પરિણામોની સાથે સમાધાન કર્યા વિના અભ્યાસક્રમ તથા વ્યવહારમાં સુધારો કરવાની માગણી કરે છે.

### ૯.૩.૧ અભ્યાસક્રમમાં સુધારાની જરૂરિયાત:

"અભ્યાસક્રમનો વિકાસ એક એવી હેતુપૂર્વકની પ્રક્રિયા છે કે જેમાં ખાસ વિદ્યાર્થીઓ માટે કોઈ વ્યક્તિ કે ટીમ શૈક્ષણિક હેતુઓ તથા ઉદ્દેશ્યો ઓળખી કાઢે છે, અને ખાસ યોગ્ય અભ્યાસક્રમ નક્કી કરે છે, શીખનાર વિદ્યાર્થીઓ સાથે તેનું અમલીકરણ કરે છે અને તેની અસરો તથા અસરકારકતાના મૂલ્યાંકનના પ્રકાશમાં તેને સુધારે છે."

શિક્ષણનો શબ્દકોશ (૧૯૮૧)

(સ્રોત: http://www.library.ualberta.ca/subject/education)

વ્યાખ્યામાં નોંધાયેલા ચાવીરૂપ મુદ્દાઓ:

- શીખનાર જૂથ
- અભ્યાસક્રમનો વિકાસ કરનાર
- 'યોગ્ય' અભ્યાસક્રમ તરફનું ધ્યેય
- અમલીકરણ

- મૂલ્યાંકન
- અભ્યાસક્રમમાં સુધારો

અભ્યાસક્રમમાં સુધારો કરવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે, જેમાં અસરો/અસરકારકતાના આધારે વલણોમાં સુધારા સહિતના સુધારાની વાત છે. અભ્યાસક્રમનો વિકાસ એ વિદ્યાર્થીઓને 'શ્રેષ્ઠ' પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે સુધારાયેલો છે.

જે બાબતમાં વિદ્યાર્થીઓને સમજણ ન પડતી હોય કે જે વિષયસામગ્રી તેમને બંધબેસતી લાગતી ન હોય તેવી વસ્તુઓ શીખવામાં તેમને ખૂબ મર્યાદિત રસ પડે છે. આ કારણે વિદ્યાર્થીઓમાં સહેતુક પ્રેરણાનો અભાવ જ પેદા નથી થતો, બલકે કંટાળો અને હતાશાના કારણે તેમનામાં પડકારજનક વર્તન પણ ઊભું થાય છે. જો વિદ્યાર્થીઓ માટે શિક્ષક જે તે સામગ્રીને વધારે અર્થસભર બનાવે તો વિદ્યાર્થીઓનાં રસરુચિનું સ્તર વધશે અને હતાશા ઘટી જશે. આ માટે અભ્યાસક્રમ તથા શિક્ષણપદ્ધતિને સુધારવાની જરૂર છે. સમાવેશક શિક્ષણની વ્યવસ્થામાં શિક્ષક સામેનો બીજો મોટો પડકાર છે પરીક્ષાઓ માટે બાળકને તૈયાર કરવાનો. આ પરીક્ષાઓ પણ બિલકુલ અક્કડ હોય છે. સામાન્ય શાળાઓમાં દિવ્યાંગ બાળકોના સફળ સમાવેશ માટે અભ્યાસક્રમ તથા મૂલ્યાંકન પદ્ધતિમાં રૂપાંતર ખૂબ જ જરૂરી છે.

## ૯.૩.૨ CWSNની જરૂરિયાતોને પહોંચી વળવા અભ્યાસક્રમમાં જરૂરી સુધારા

**સામગ્રીનું રૂપાંતરઃ** સામાન્ય રીતે રૂપાંતરમાં સગવડો તથા ફેરફારનો સમાવેશ થાય છે. સગવડોનો સંદર્ભ શીખવવામાં તથા શીખવામાં ઈનપુટ (આપવું) તથા આઉટપુટ (મેળવવું)ની પ્રક્રિયામાં ફેરફાર સાથે છે. તેમાં મૂળભૂત સામગ્રીમાં કે મૂલ્યાંકન પદ્ધતિમાં ફેરફાર થતો નથી. સગવડો એટલે જ્યારે અન્ય બાળકો રૂઢિગત રીતે શીખી રહ્યાં હોય ત્યારે ખાસ જરૂરિયાતવાળાં બાળકોને કામ કરીને શીખવવું, વિડિયો ટેપથી શીખવવું, વાત કરતા પુસ્તકથી શીખવવું તથા બ્રેઈલ લિપિથી શીખવવું એમ સમજવું.

ફેરફાર એટલે સામગ્રી કે ધોરણોમાં જ ફેરફાર કરવો તે. દાખલા તરીકે, આવા ફેરફાર (મોડિફિકેશન)માં શીખવાની સામગ્રી ઓછી હોય, એક સામગ્રીના વિકલ્પ તરીકે અન્ય અપાય, જુદા જ ધ્યેય પ્રાપ્ત કરવાના હોય કે પછી અલગ જ પ્રકારની મૂલ્યાંકન પદ્ધતિ હોય. બહેરાશ ધરાવતા વિદ્યાર્થીને દ્વિતીય ભાષાનો વિકલ્પ લેવા માટે મંજૂરી અપાય જેમાં અલગ કાર્યનો અથવા જુદા કોર્સનો અનુભવ થાય તે અભ્યાસક્રમમાં ફેરફાર ગણાય.

**અભ્યાસક્રમમાં ફેરફાર - રદ કરવું,**

**વિકલ્પ પૂરો પાડવો, વિસ્તરણ કરવુંઃ**

આપણે ચર્ચા કરી કે અભ્યાસક્રમમાં રૂપાંતર સગવડ (અકોમોડેશન) તથા ફેરફાર (મોડિફિકેશન) માગી લે છે. આમાં જરૂરિયાત મુજબ ફેરફાર (મોડિફિકેશન), વિકલ્પ અથવા સામગ્રીનો છેદ ઉડાડી દેવાની બાબતોનો સમાવેશ થાય છે. આ બાબત આપણે વિસ્તારપૂર્વક જોઈએ.

**બાદબાકીઃ રદ કરવાની બાબત** એટલે અભ્યાસક્રમમાંથી અમુક ચોક્કસ લેખનસામગ્રીને દૂર કરવી તે. દાખલા તરીકે, કેન્દ્ર તથા રાજ્ય કક્ષાનાં શિક્ષણબોર્ડોએ દિવ્યાંગ બાળકો માટે કેટલીક

છૂટછાટો કરી છે. આપણા દેશમાં શિક્ષણમાં માધ્યમની ભાષા, દ્વિતીય ભાષા તથા તૃતીય ભાષા એમ ત્રણ ભાષાની નીતિ અભ્યાસક્રમમાં છે તેવા તબક્કે ખાસ શીખવાની બાબતો ન શીખી શકનારાં દિવ્યાંગ બાળકોને આ ત્રણે ભાષાઓ શીખવામાં તકલીફ પડે છે. માધ્યમિક શિક્ષણ બોર્ડોએ તેમને એક ભાષાનો છેદ ઉડાડી દેવાની પરવાનગી આપી છે. આવાં બાળકોએ તૃતીય ભાષા કરવાની જરૂર નથી.

વળી, અભ્યાસક્રમમાં એવા પાઠ રદ કરાયા છે, જેમકે, પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી માટે રંગના ખ્યાલનો પાઠ તથા બહેરાશ ધરાવતા બાળકો માટે સંગીતનો પાઠ કાઢી નંખાયો છે.

- **વિકલ્પ:** અમુક સામગ્રીનો વિકલ્પ એટલે એક સામગ્રીના બદલે બીજી સામગ્રી મૂકવી. આવા વિકલ્પના ઉદાહરણમાં આપણે જોયું કે, બહેરાશ ધરાવતા વિદ્યાર્થીઓ માટે દ્વિતીય ભાષા છોડી દેવામાં આવી છે. કેટલાંક શિક્ષણબોર્ડમાં તેના બદલે કમ્પ્યૂટર ઍપ્લિકેશન, કામકાજનો અનુભવ અને બીજું બધું કરવામાં આવે છે. સામગ્રીના વિકલ્પ તરીકે આ અપાય છે.

  હલનચલન તથા ગતિની મુશ્કેલી ધરાવતાં બાળકો માટે, શારીરિક શિક્ષણનો વિષય છોડીને ફિઝિયોથેરાપિ કે સંગીત જેવો કોઈ અન્ય અનુકૂળ સહઅભ્યાસક પ્રવૃત્તિનો વિષય આપવામાં આવે છે.

- **વિસ્તરણ:** બાળક અભ્યાસસામગ્રીને સમજી શકે તેમાં મદદરૂપ થવા માટે અભ્યાસસામગ્રીને વિસ્તૃત કરવી એટલે વિસ્તરણ. મૅથ્સ (ગણિત)ને આપણે અભ્યાસસામગ્રી ગણીએ તો તેમાં મંદબુદ્ધિ બાળકને નાણાંનો ખ્યાલ મળે તે રીતે તેને જોઈએ. જ્યારે વર્ગમાં અન્ય બાળકો માટે તે વિષય નોટબુકમાં દાખલા ગણીને લખવાનો બની રહેતો હોય છે ત્યારે મંદબુદ્ધિ બાળકને ગણિત સારી રીતે સમજવા માટે વાસ્તવિક નાણાંની તથા ખરીદીના અનુભવના નક્કર દાખલાની જરૂર પડતી હોય છે. આવા તબક્કે શિક્ષક તેને વાસ્તવિક જીવનનો અનુભવ આપવા માટે સામગ્રીનું વિસ્તરણ કરે અને પછી વર્કશીટમાં નાણાંના ખ્યાલને સામેલ કરીને તેનું વિસ્તરણ કરે છે.

**અભ્યાસના સમયમાં લવચિકતા:**

અભ્યાસક્રમમાં સુધારાની બાબતમાં બીજું મહત્ત્વનું પરિબળ સમયનું છે. દર શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમ માટે એટલી કડકાઈથી કામગીરી થતી હોય છે કે વર્ગોનું વર્તન તથા ઔપચારિક તથા સંક્ષેપમાં મૂલ્યાંકનને સમય પહેલાં વ્યવસ્થિત રીતે યોજનાબદ્ધ કરાયું હતું. વાસ્તવમાં શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થાય તે પહેલાં તેને અમલી બનાવાયું. જ્યાં વિવિધ શક્તિઓ તથા જરૂરિયાતો ધરાવતાં બાળકો હોય તેવા એક સમાવેશક વર્ગખંડમાં વિવિધ પ્રવૃત્તિઓ માટેના સમયની ફાળવણી પણ સુધારા માટે ધ્યાને લેવાની જરૂર હોય છે. બૌદ્ધિક વિકલાંગતા ધરાવતાં કેટલાંક બાળકો પોતાની ઝડપ અનુસાર ભણતાં ને શીખતાં હોય છે તેથી તેમને અમુક વધારે સમય જોઈતો હોય છે. ઓછું દેખાતું હોય તેવાં બાળકો તથા અધ્યયનની ખાસ અસમર્થતા ધરાવતાં બાળકોને પરીક્ષા માટે વધારાનો સમય જોઈતો હોય છે. અગાઉ કહ્યું તેમ, ધોરણ ૧૦ અને ૧૨ માટે શિક્ષણબોર્ડ દ્વારા આવાં બાળકોને પરીક્ષામાં વધારાની ૩૦ મિનિટ આપવામાં આવે છે.

- **સામગ્રીનું રૂપાંતર:** આપ સૌ જાણો છો તેમ, શાળાઓમાં વિવિધ પ્રકારની સામગ્રી વપરાય છે, જેમાં પુસ્તકો, વર્કશીટ તથા નોટબુક જેવી મુદ્રિત સામગ્રી અને પૃથ્વીના ગોળાઓ, વિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનો, મોડેલો તથા વિડિયોનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીની વિકલાંગતાના પ્રકારના આધારે રૂપાંતરણ અંગે નિર્ણય લેવાનો રહે છે. અનુક્રમણિકા જેવા ધોરણસરના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને રૂપાંતરણની ક્રિયાના સંદર્ભે વર્ગમાં ખાસ વિકલાંગતા ધરાવતાં બાળકોની જરૂરિયાતોને અનુકૂળ થવા માટે સામગ્રીમાં વિકલ્પ કે સામગ્રીમાં વધારો કરી શકાય. વિકલ્પનો સંબંધ અમુક સામગ્રીને છોડી દેવા સાથે છે અને તેના બદલે બીજી સામગ્રી મૂકવાની સાથે હોય છે. તો, વધારાનો સંબંધ સામગ્રીના ઉપયોગ સાથે તથા સમયાંતરે શીખેલી સામગ્રીને યાદ રાખવા સાથે છે. વિકલાંગતા ધરાવનાર વિદ્યાર્થીને આ બંને બાબતો આશાવાદી શિક્ષણ માટે મદદરૂપ નીવડે છે.

## ૯.૩.૩ CWSN માટે મૂલ્યાંકન પદ્ધતિઓમાં રૂપાંતરણ:

વિકલાંગ બાળકને અનુકૂળ પડે તે માટે તેની કસોટી તથા તેની મૂલ્યાંકન પદ્ધતિમાં ફેરફાર થવો જોઈએ. આ ફેરફાર પુસ્તક આકારનો હોઈ શકે (હેતુલક્ષી તથા વિષયલક્ષી), પરીક્ષાના સંચાલનનો સમય (જરૂર પડ્યે વધારાનો સમય), જવાબ આપવાની પદ્ધતિ (મૌખિક/લેખિત, પરીક્ષામાં ઉત્તરવહી લખવા માટે લહિયાની જોગવાઈ), પરીક્ષા કે કસોટી દરમિયાન બેઠકવ્યવસ્થા (નબળી દૃષ્ટિવાળા બાળકને પૂરતા અજવાળાની વ્યવસ્થા), ગ્રેડ આપવાની પ્રક્રિયા ઈત્યાદિ.

આકારણી કે મૂલ્યાંકન એ શીખવવાની શીખવાની પ્રક્રિયાનો એક ભાગ અને અંગ છે. નિશ્ચિત અભ્યાસક્રમ મુજબની સામગ્રી વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ હોવાથી આકારણીની પદ્ધતિઓ નોંધપાત્ર રીતે જુદી પડતી નથી. જોકે, કડક સામાન્ય શૈક્ષણિક વાતાવરણમાં વિદ્યાર્થી પરીક્ષાની સ્થિતિમાં (જેમકે, નિશ્ચિત કસોટીઓ તથા પરીક્ષાઓમાં) જે કંઈ પોતાની સ્વતંત્ર રીતે પ્રાપ્ત કરે છે તેના પર તેની આકારણી થાય છે. જોકે, દિવ્યાંગ બાળકો માટે હેતુલક્ષી આકારણી જેવી સારી રીતે કુદરતી વાતાવરણમાં થાય તેવી જ રીતે શીખવવાની (સૂચનાવાળી) સ્થિતિમાં થાય તે શ્રેષ્ઠ ગણાય. આમાં જે કંઈ માહિતી એકત્ર થાય તેનાથી આવા બાળકને સારામાં સારું શિક્ષણ મળી રહે તે માટે કઈ જરૂરિયાતો પર નિર્ણય લેવો તેની શિક્ષકને સૂઝ પડે છે. વર્ગમાં તથા વર્ગ બહાર વિવિધ મૂલ્યાંકનની પદ્ધતિઓ દ્વારા જ્યારે બાળકની શક્તિની સતત ચકાસણી થતી હોય ત્યારે મુશ્કેલીનાં સ્તરોને નિશ્ચિત કરવાનું કાર્ય શ્રેષ્ઠ રીતે થાય છે. ઔપચારિક કસોટી આવી આકારણીનો એક ભાગ હોઈ શકે છે. જ્ઞાન-આધારિત આકારણી, જીવવિજ્ઞાનની આકારણી, નિરીક્ષણ, રમૂજી પ્રસંગકથાઓની નોંધો, માતા-પિતા કે વાલી તરફથી મુલવણી કે મૂલ્યાંકન, વિદ્યાર્થીનું પોતાનું સ્વ-મૂલ્યાંકન એ બધું મુશ્કેલીના સ્તરોને નિશ્ચિત કરવામાં નિર્ણય લેવામાં કામ લાગી શકે છે. વિદ્યાર્થી તરફથી મળતા સાચા-ખોટા જવાબોમાં સુસંગતતા રૂપાંતરણની પ્રક્રિયા માટે શિક્ષકને એક મોટી કડી સમાન બની રહે છે. દિવ્યાંગ વિદ્યાર્થીના સ્થાન તથા તેના અભ્યાસના રૂપાંતર માટે નિર્ણય લેવાની બાબતમાં અભ્યાસક્રમ આધારિત આકારણી/માપણી જાણીતી અને લોકપ્રિય પદ્ધતિ છે.

## ૯.૪ CWSN ની જરૂરિયાતો જાણવા માટેની સવલતો:

અગાઉ કહ્યું તેમ, સરકારે વિદ્યાર્થીઓની શીખવાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જોગવાઈ કરી છે. તેમાં વિશિષ્ટ તથા સર્વસમાવેશક શાળાઓની સ્થાપના, ઘેરબેઠાં શિક્ષણ, અભ્યાસક્રમ તથા શિક્ષણ (સૂચનાઓ)નું રૂપાંતરણ, પરીક્ષાની જોગવાઈઓ તથા તે બધાંથી આગળ વધીને CWSN વિદ્યાર્થીઓના શૈક્ષણિક પડકારોને પહોંચી વળવા માટે તમામ અનુકૂળ માનવ સંસાધનો પૂરાં પાડવા સુધી આવરી લેવાયું છે.

### ૯.૪.૧ સ્કૂલમાં, ક્લસ્ટરમાં, બ્લૉકમાં, જિલ્લામાં, રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ સ્તરો

સરકારની અગિયારમી પંચવર્ષીય યોજના (૨૦૦૭-૨૦૧૨)માં CWSN વિદ્યાર્થીઓ સહિતનાં તમામ બાળકોના શિક્ષણ માટે નીચેના હેતુઓ સમાવી લેવાયા છે:

- મૂળભૂત શાળાઓમાંથી બાળકોને અભ્યાસમાંથી અધવચ્ચે ઉઠાવી લેવાનો દર (ડ્રોપઆઉટ રેટ) વર્ષ ૨૦૦૩-૦૪માં ૫૨.૨ ટકાએ હતો તેને ૨૦૧૧-૧૨ સુધીમાં ઘટાડીને ૨૦ ટકાએ લઈ જવો.
- મૂળભૂત શાળામાં શિક્ષણની પ્રાપ્ત સિદ્ધિનાં ન્યૂનતમ ધોરણો વિકસાવવાં, અને ગુણવત્તાને સુનિશ્ચિત કરવા માટે શિક્ષણની અસરકારકતાને નિયમિત કસોટી દ્વારા દેખરેખ હેઠળ રાખવી.
- ઉંમર વર્ષ ૭ અને તેથી ઉપરનાં લોકોનો સાક્ષરતા દર ૮૫ ટકાથી વધારવો.
- સાક્ષરતામાં લિંગની અસમાનતાને ૧૦ ટકા નીચે લાવવી.
- ઉચ્ચ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યાને વર્તમાન ૧૦ ટકાથી ઊંચે લઈ જઈને આ યોજનાના અંત સુધીમાં ૧૫ ટકાએ પહોંચાડવો.

આ હેતુઓની સાર્થકતા માટે શાળા, બ્લૉક, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ વિવિધ કાર્યક્રમો વિકસાવાયા છે. NIOS હેઠળનો આ આખો કોર્સ શિક્ષકગણને દિવ્યાંગ બાળકોને નિયમિત સામાન્ય શાળામાં સમાવવા માટે તૈયાર કરવાનો એક પ્રયાસ છે. સર્વશિક્ષા અભિયાન (SSA) કેન્દ્ર દ્વારા તમામ રાજ્યોમાં અમલી બનાવાયેલી એક પ્રાયોજિત યોજના છે, તે ભારત સરકારનો એક અન્ય મેગા પ્રોજેક્ટ છે, જેમાં દેશનાં તમામ બાળકોને શિક્ષણ મળે તે સુનિશ્ચિત કરવાનો હેતુ છે. ખાસ શૈક્ષણિક વર્ગના નિષ્ણાતોને આમાં સાંકળીને તેમને અસરકારક શિક્ષકો બનાવવાનું આયોજન કરીને સર્વશિક્ષા અભિયાન (SSA)નું સમગ્ર ધ્યાન CWSN ઉપર છે. ભારતીય પુનર્વસન પરિષદ (RCI Rehabilitation Council of India) પુનર્વસનના વ્યાવસાયિકોનાં ધોરણો તથા ગુણવત્તાનું નિયમન સુનિશ્ચિતતા કરતી સંસ્થા છે. આ સંસ્થાએ દેશભરમાં સંગઠનો તથા યુનિવર્સિટીઓ દ્વારા વિશિષ્ટ શિક્ષણમાં માનવસંસાધન ઊભું કર્યું છે. આવા શિક્ષકોને ગામડાંની શાળાઓમાં CWSN સુધી પહોંચવા

માટે સર્વશિક્ષા અભિયાન દ્વારા કામગીરી સોંપાઈ છે. તેમની પાસે બ્લૉક, જિલ્લા અને રાજ્ય કક્ષાએ પદ્ધતિસરની નિરીક્ષણ સવલતો છે. અમુક રાજ્યોમાં બ્લૉક રિસોર્સ સેન્ટરો (BRCs) સ્થાપીને બ્લૉકમાં જરૂરતમંદ શાળાઓને સંસાધન સામગ્રી તથા વ્યાવસાયિક સહાયતા પૂરી પાડવામાં આવે છે. આવા સંસાધન-શિક્ષકો તાલીમના પ્રવાસી મોડલ સાથે સમયાંતરે અનેક શાળાઓમાં પહોંચે છે અને શાળાઓમાં શિક્ષકો સાથે સાયુજ્ય સાધીને વિદ્યાર્થીઓને ભણાવે છે. એવી અપેક્ષા રખાય છે કે, આ પદ્ધતિના પરિણામે દેશભરમાં શિક્ષણનું ભાથું લઈને તમામ CWSN સુધી પહોંચી શકાશે.

## ૯.૪.૨ દિવ્યાંગ બાળકોને સર્વસમાવેશક શિક્ષણ:

ગ્રામીણ તથા શહેરી વિસ્તારોમાં અનેક શાળાઓમાં થોડીઘણી વિકલાંગતા ધરાવતાં બાળકો શાળાઓમાં પ્રવેશ તો મેળવી લે છે, પણ શિક્ષકગણ તેમને અન્ય બાળકોની સરખામણીએ ભણી ન શકનારાં ગણે છે તેથી તેઓ પાછળથી શાળામાંથી ઊઠી જવાનું કે રદબાતલ થયાનું વલણ દાખવે છે. સાધારણ શાળાઓમાં શિક્ષકોને આવાં બાળકોનો સમાવેશ કરવાની તાલીમ હોતી નથી, તેથી તેઓ આવાં બાળકોનાં માતા-પિતાને કોઈ અન્ય ખાસ પ્રકારની સહાયતા માટે લઈ જવાનું સૂચવતા હોય છે. કેટલાક કિસ્સાઓમાં આવાં બાળકો સાધારણ શાળાઓમાં રહે છે, પણ શૈક્ષણિક અભ્યાસક્રમ વધવાના પગલે મૂળભૂત વર્ગોમાંથી તેમની બાદબાકી થઈ જાય છે. કેટલાંક સ્થળે સાધારણ શાળાઓએ જે શિક્ષકો વિકલાંગતા સમજે છે તેવા શિક્ષકોને તાલીમ પૂરી પાડી છે અને એવી શાળાઓમાં આવાં બાળકોનો રદ થવાનો આંકડો ઓછો છે. પણ આવી શાળાઓ વિશિષ્ટ રીતે ખાનગી સ્કૂલો હોય છે. ઉપર જણાવ્યું તેમ, SSA ના તાજેતરના પ્રયાસોના પરિપાકરૂપે હકારાત્મક પરિણામો મળી રહ્યાં છે અને વધુ ને વધુ CWSN શાળાઓમાં સમાવેશ પામી રહ્યાં છે. તીવ્ર/વિસ્તૃત અસર ઉપજાવનારી વિકલાંગતાવાળાં બાળકોને સામાન્ય રીતે પ્રારંભિક વર્ષોમાં ઉપચારાત્મક અને/અથવા તબીબી સહાયતાની જરૂર હોય છે. ઘેરબેઠાં શિક્ષણની પદ્ધતિ સામાન્ય રીતે આવાં બાળકોને અનુકૂળ હોય છે.

**તમારી પ્રગતિ ચકાસો-૨**

૧. અભ્યાસક્રમમાં તમે જે કરી શકો તેમ હો તે અનુકૂલનના પ્રકારો દર્શાવો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

૨. સમાવેશક શિક્ષણ પદ્ધતિમાં ખાસ જરૂરિયાતવાળાં બાળકોને કઈ મુશ્કેલીઓ પડે છે?

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## ૯.૫ સમાવેશક વર્ગખંડો:

જો પદ્ધતિસર કામ કરવામાં આવે તો આવાં બાળકોનો સાધારણ વર્ગોમાં સમાવેશ કરી શકાય. તેમના સમાવેશ માટે જેટલો બને તેટલો જલદી પ્રયાસ કરવામાં આવે તેટલું સારું પરિણામ મળશે. એક સક્ષમ રિસોર્સ ટીચર સાથે દરેક મૂળભૂત શાળામાં એક રિસોર્સ રૂમો ઊભી કરવામાં આવે તે આદર્શ સ્થિતિ છે. જો રિસોર્સ રૂમ ઊભી કરવી મુશ્કેલ હોય તો ઉપલબ્ધ સ્રોતો સાથે જ તમે CWSN નો સમાવેશ કરી શકો. સફળ સમાવેશ માટે થોડાક ચાવીરૂપ મુદ્દા ધ્યાનમાં રાખવા જેવા છે. તેમાં ખાસ જરૂરિયાતવાળા બાળક વિશેની અદ્યતન માહિતી, તેવા બાળકની શીખવાની શક્તિઓ અંગે ક્લાસટીચરનું ધ્યાન, માતા-પિતાનું ધ્યાન અને શિક્ષકની સમર્થતાનો સમાવેશ થાય છે.

### ૯.૫.૧ વર્ગખંડનું અનુકૂલન તથા વ્યવસ્થાપન

વર્ગખંડના અનુકૂલન તથા વ્યવસ્થાપનમાં કેટલાક મુદ્દાઓ ધ્યાનમાં લેવા જેવા છે.

- શિક્ષણ માટે આયોજન
- વર્ગશિક્ષક તથા માતા-પિતા તથા રિસોર્સ ટીચર અને અન્ય કે જે બાળકની જરૂરિયાતો પર નિર્ભર હોય તેમની વચ્ચે સંયોજન.
- વ્યક્તિગત જરૂરિયાતો પર આધારિત શિક્ષણ
- જૂથમાં શિક્ષણ
- સામગ્રીની જરૂરિયાત
- નોંધ, ચોપડા અને દસ્તાવેજોની વ્યવસ્થા

શિક્ષક તરીકે આપની પાસે મોટામાં મોટી પૂંજી એ છે કે વર્ગમાં વિદ્યાર્થીઓના સ્વરૂપમાં એક વિશાળ માનવ સંસાધન ઉપલબ્ધ હોય છે. ઝીણવટભરી શીખવવાની તથા સહકારયુક્ત શીખવાની ટૅકનિકો અપનાવીને તેનો અસરકારક ઉપયોગ કરો.

કગાન (૧૯૯૪) સહકારભર્યા શિક્ષણને માળખાગત ઝીણવટભર્યા વ્યવહાર તરીકે ઓળખાવે છે, અને તેમાં હકારાત્મક માનવસંબંધો, સહાધ્યાયીઓ વચ્ચે સુમેળ અને સહકાર, સક્રિય શિક્ષણ પદ્ધતિ, શૈક્ષણિક સિદ્ધિ, એકસમાન ભાગીદારી અને વર્ગખંડમાં વિદ્યાર્થીઓના એકસમાન દરજ્જા પર ભાર મૂકે છે. અભ્યાસક્રમમાં કોઈ પણ વિષય ભણાવવા માટે તેનો ઉપયોગ થઈ શકે છે.

વિકલાંગતાના વિસ્તૃત વિસ્તાર સહિતના વિદ્યાર્થીઓ માટે તથા તમામ ગ્રેડના સ્તરો ઉપર ઝીણવટભર્યું શિક્ષણ એક વ્યૂહરચના છે. જોકે તેના સફળ અમલીકરણ માટે તમામ વિદ્યાર્થીઓને ઝીણવટભર્યા શિક્ષણની પ્રક્રિયા તથા તેની ભૂમિકામાં તાલીમબદ્ધ કરવાની જરૂર રહે છે. વિકલાંગતા સહિતનાં બાળકો, ખાસ કરીને માનસિક મંદતા ધરાવતાં બાળકોને વ્યક્તિગત શૈક્ષણિક કાર્યક્રમો તથા શિક્ષણની જરૂર પડે છે. સામાન્ય વર્ગમાં શિક્ષકને વિદ્યાર્થીઓના સ્વરૂપે માનવસંસાધનનો મોટો

આંકડો મળતો હોય છે. તેજસ્વી અને હોશિયાર શિક્ષક તેમનો ઉપયોગ દિવ્યાંગ બાળકોને ઝીણવટભરી રીતે ભણવા માટે મદદરૂપ થવામાં અસરકારક રીતે કરી શકે છે. આ રીતે શિક્ષક પરનો માત્ર કાર્યબોજ જ ઘટતો નથી, બલકે દિવ્યાંગ તથા સાધારણ બાળકો એમ સૌને લાભ પહોંચે છે. સાધારણ બાળકોમાં નબળાં બાળકો પ્રત્યે તથા મદદ ઝંખતાં બાળકો પ્રત્યે જવાબદારીની એક ભાવનાનો વિકાસ થાય છે; તો, દિવ્યાંગ બાળકોમાં પોતાને મદદગાર બનનારા સહાધ્યાયીઓ પ્રત્યે માનની લાગણી જન્મે છે.

## ૯.૫.૨ શીખવા-શીખવવાની અનુકૂળ સામગ્રી (TLM) તથા માહિતી અને સંચાર ટૅક્નોલોજી (ICT)

આપણે જ્યારે દિવ્યાંગ બાળકો સાથે કામ કરીએ છીએ ત્યારે TLMના ઉપયોગ માટે ખાસ કાળજી અને ધ્યાન રાખવાની જરૂર હોય છે, કેમ કે, શિક્ષકોએ દિવ્યાંગ બાળકોને વિવિધ સહાયકારી ઉપકરણો તથા ચીજવસ્તુઓથી તેમનું નુકસાન ભરપાઈ કરી આપવાનું હોય છે તથા તેઓ શિક્ષણના ખ્યાલોને બરાબર સમજી શકે તેવી સરળ રીતે તેમને અભ્યાસક્રમ તરફ વાળવાનાં હોય છે. શિક્ષણ-પ્રક્રિયામાં શિક્ષણ-સામગ્રીની પસંદગી ખૂબ જ મહત્ત્વનું પરિબળ બને છે. શીખવવાના કાર્યક્રમની પ્રક્રિયાઓ તથા ટૅકનિકો નક્કી થયા બાદ સામગ્રી શીખવવા માટે વપરાનારી શિક્ષણસામગ્રીની કાં તો પસંદગી કે તેનું રૂપાંતરણ અથવા તો તેનું સર્જન કરવું જરૂરી હોય છે.

TLMની પસંદગી કરતી વખતે ધ્યાનમાં લેવાના મુદ્દાઓ:

- **યોગ્ય ઉંમર:** ઉદાહરણ તરીકે, માનસિક વિકલાંગ એવા એક બાળકની ઉંમર ૧૦ વર્ષની છે અને તેની માનસિક શક્તિ ૫ વર્ષના બાળક જેટલી કક્ષાની છે, તો તેને ૫ વર્ષના બાળકની જેમ રમકડાં આપવાને બદલે તેની વાસ્તવિક ઉંમર અનુસારની સામગ્રી પૂરી પાડવી જોઈએ.
- **સક્રિય ભાગીદારી:** સામગ્રીનો ઉપયોગ કરવાનું, તેનું વિસ્તૃતીકરણ કરવાનું તથા તે શીખવાનું વિદ્યાર્થીને આવડવું જોઈએ.
- **સર્જનાત્મક ઉપયોગ:** તે અનેક વિષયોમાં ગતિશીલ હોવું જોઈએ, જેમાં વિવિધતાસભર સર્જનાત્મકતા હોય.
- **ઉપલબ્ધતા:** આવી સામગ્રી સરળ રીતે ઉપલબ્ધ હોવી જોઈએ, પરવડે તેવી હોવી જોઈએ અને/અથવા ઘરમાં તાલીમ માટે જો તેને બહારથી ખરીદવાની હોય તો તે સરળતાથી મળે તેમ હોય.
- **યોગ્ય સ્તર:** સામગ્રી MR સહિતના બાળકના કામકાજ કરવાના સ્તરને અનુકૂળ પડે તેવી હોવી જોઈએ, જેથી શીખેલું તેને સાર્થક નીવડે.
- **તાલીમની બદલી:** સામગ્રીનો ઉપયોગ કરવાથી બાળકમાં એટલી શક્તિ આવવી જોઈએ કે તે જે ભણ્યો હોય તેનું અન્ય સંદર્ભો તથા સ્થિતિઓ સુધી સાધારણીકરણ કરી શકે.

**માહિતી અને સંચાર ટેક્નોલોજીઃ**

આપ એ વાતે સંમત થશો કે આજની પેઢીનાં બાળકો અગાઉની પેઢી કરતાં વધારે ટેક્નોલોજી-સેવી બન્યાં છે. ટેક્નોલોજીના લાભના કારણે હવે ગમે ત્યાં, કોઈની પણ સાથે, ગમે તે સમયે સંપર્ક કરી શકાય છે, સંચાર કરી શકાય છે. માત્ર એક જ બટન દબાવવાથી અનેકગણું કામ થઈ જાય છે. CWSN માટે સહાયક ઉપકરણો તથા ચીજવસ્તુઓનો ઉપયોગ તથા શિક્ષણમાં ટેક્નોલોજીનો ઉપયોગ પણ હવે લોકપ્રિય છે. અનેક શાળાઓમાં CWSN માટે રૂપાંતરણ સહિતની કમ્પ્યૂટર પ્રયોગશાળાઓ મોજૂદ છે. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે બોલતાં પુસ્તકો અને કમ્પ્યૂટર, ઉત્તમ સગવડપ્રદ વ્હીલચેર તથા શૈક્ષણિક સૉફ્ટવેર આજકાલ વધતાં જાય છે.

## ૯.૬ ઘેરબેઠાં શિક્ષણ

જેમ આપણે અગાઉ જણાવ્યું તેમ, તીવ્ર/અનેક વિકલાંગતા ધરાવતાં બાળકોને શાળાએ પહોંચવામાં મુશ્કેલી હોઈ શકે છે. આપણા દેશમાં શિક્ષણનો અધિકાર દરેક બાળકનો મૂળભૂત અધિકાર હોવાથી યોગ્ય શિક્ષણ આવાં બાળકો સુધી પણ પહોંચવું જોઈએ. તેથી, આ બાળકોને ઘેરબેઠાં ભણાવવામાં આવે છે.

### ૯.૬.૧ વિભાવના

આમ તો, શૈક્ષણિક સવલતો વધતી જાય છે તેમ છતાં CWSN ના શિક્ષણ સામે અનેક પડકારો ઊભા છે. કેટલાંક બાળકોને સંકુલ પરિસ્થિતિ સહિત એવી ગંભીર અને તીવ્ર વિકલાંગતા હોય છે કે તેઓ ભણવા માટે શાળાએ પહોંચી શકતાં નથી. આપણા દેશમાં દૂરસુદૂરના અંતરિયાળ ગ્રામીણ, આદિવાસી કે પહાડી વિસ્તારોમાં CWSN માટે શાળાએ પહોંચવું કદાચ શક્ય ન બને. કેટલાંક દૂરનાં સ્થળોમાં CWSN માટે શાળા બહુ દૂરના વિસ્તારમાં હોય, એવુંય બને છે. આવી પરિસ્થિતિઓમાં શિક્ષણ સામે ચાલીને બાળક સુધી પહોંચે. આવાં બાળકોને શિક્ષણ સુનિશ્ચિત કરવાનો એક રસ્તો એ છે કે, પરિવારના સભ્યોને બાળકને ભણાવવાની તાલીમ આપવામાં આવે. તેથી, જે બાળકો શાળાએ પહોંચી શકતાં નથી તેમને શિક્ષણ પહોંચાડવા માટે ઘેરબેઠાં શિક્ષણ એક પદ્ધતિ છે.

### ૯.૬.૨ ઘેરબેઠાં શિક્ષણ માટેની પ્રક્રિયા

પ્રવાસી શિક્ષક તરીકે ઓળખાતા ખાસ શિક્ષક સામાન્ય રીતે આવા વિદ્યાર્થીના ઘેર પહોંચે છે અને બાળક તથા જે વાતાવરણમાં બાળક રહે છે તેનું મૂલ્યાંકન કરે છે. બાળકનો પરિવાર તથા શિક્ષક તેમની મુલાકાતનો સમયગાળો તથા અનુકૂળ સમય નક્કી કરે છે. એક વિગતવાર આકારણી બાદ યોગ્ય ધ્યેયો તથા હેતુઓ સાથે એક શૈક્ષણિક યોજના તૈયાર કરાય છે. પરિવારના જે સભ્યને તાલીમદાતા (ટ્રેઈનર) તરીકે નિશ્ચિત કરાયા હોય તેને શિક્ષક નિદર્શન દ્વારા શીખવવાની પદ્ધતિ શિખવાડે છે. શિક્ષક આ બાબતોનો વ્યવસ્થિત રેકોર્ડ (નોંધ) રાખે છે. કેટલાંક બાળકોને બોલવા માટે થેરાપિની અને ગતિશીલતા માટે કેટલીક બાબતોની જરૂર પડે છે, જે પ્રવાસી શિક્ષક પૂર્ણ કરી આપે છે. બાળકમાં જેમ જેમ સુધારો આવતો જાય તેમ તેમ બીજા સ્તરના કાર્યક્રમનું આયોજન કરાય છે.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

૧. TLMની પસંદગી કરતી વખતે કયા મુદ્દા ધ્યાનમાં લેવા જોઈએ?

..........................................................................

..........................................................................

..........................................................................

૨. ઘેરબેઠાં શિક્ષણ કોના માટે અનુકૂળ હોય છે?

..........................................................................

..........................................................................

..........................................................................

## ૯.૭ ઉપસંહાર

આ યુનિટમાં આપણે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકો, ખાસ કરીને વિકલાંગતા ધરાવતાં બાળકોની શૈક્ષણિક જરૂરિયાતો તથા પડકારોની ચર્ચા કરી છે. દિવ્યાંગ બાળકોને પોતાની ઊણપના પ્રકાર તથા તેની તીવ્રતાના આધારે ખાસ જરૂરિયાતો હોય છે. જોવાની ઊણપ ધરાવનારાં, સાંભળવાની ક્ષતિ ધરાવનારાં, ગતિને લગતી ક્ષતિ ધરાવતાં, માનસિક મંદતા ધરાવનારાં કે અભ્યાસની બાબતો શીખવાની ખાસ ક્ષતિ ધરાવનારાં બાળકોને શિક્ષકે સમાવેશક વર્ગખંડમાં તેમની જરૂરિયાતોના આધારે સંભાળવાનાં હોય છે. આવી ક્ષતિઓ ધરાવનારાં બાળકોને સમાવી લેવા માટે સરકારે રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા, બ્લૉક અને શાળા કક્ષાએ શૈક્ષણિક વ્યવસ્થાઓ કરી છે.

આપણા દેશમાં અભ્યાસક્રમનું નિયમન કેન્દ્રીય તથા રાજ્ય શિક્ષણબોર્ડ દ્વારા થાય છે, જેમાં મૂલ્યાંકન પદ્ધતિ સંકળાયેલી છે. જોકે, નાપાસ નહીં કરવાની નીતિથી બાળકોને જે તે સ્તરમાં પૂરતી દક્ષતા સુનિશ્ચિત થયા વિના ઉપલા વર્ગમાં બઢતી માટે મદદ મળી જાય છે. CWSNના સંદર્ભે પણ આ સાચું છે. CWSNને ન્યાય આપવા માટે શિક્ષકે અભ્યાસક્રમ, સૂચનાત્મક પદ્ધતિઓનું રૂપાંતરણ કરવું જરૂરી બને છે, તથા શીખવા-શીખવવાની યોગ્ય સામગ્રીનો ઉપયોગ જરૂરી બને છે. સાથોસાથ તેમણે ખાસ ક્ષતિ ધરાવતાં બાળકો માટે સરકારશ્રીએ નિશ્ચિત કરેલી મૂલ્યાંકનની જોગવાઈઓનો ઉપયોગ કરવો પડે. આવાં રૂપાંતરણમાં વિદ્યાર્થીની જરૂરિયાતના આધારે અભ્યાસક્રમની સામગ્રીમાં વધારો, સામગ્રીમાંથી અમુક ચીજો કાઢી નાખવી, સુધારવી અને વિસ્તૃત કરવાનો સમાવેશ થાય છે. શિક્ષકો આવાં બાળકોને મદદરૂપ થવા માટે તેમના સહાધ્યાયી વિદ્યાર્થીઓનાં જૂથોનો અસરકારક ઉપયોગ કરી શકે છે.

તીવ્ર અપંગપણાના કારણે કે દૂરના પ્રદેશોમાં વસવાટ હોવાના કારણે જે બાળકો શાળાએ પહોંચી શકતાં નથી તેમને ઘેરબેઠાં શિક્ષણની સવલત અપાઈ છે. આ પદ્ધતિમાં શિક્ષક બાળકના ઘેર પહોંચે છે અને યોગ્ય શિક્ષણ આપે છે.

## ૯.૮ તમારી પ્રગતિ ચકાસો-ના જવાબોઃ

૧. અંધત્વ, નબળી દૃષ્ટિ, સાંભળવાની ક્ષતિ(બહેરાશ), ગતિશીલતાનો અભાવ, બૌદ્ધિક પંગુતા, વિકાસાત્મક અપંગતામાં ઑટિઝમ(બાળકોમાં દેખાતી સ્વલીનતાની માનસિક બીમારી), સેરેબ્રલ પાલ્સી (મગજની વિશિષ્ટ અપંગતા), શીખવાની ખાસ અપંગતા (કોઈ પણ ચાર)

૨. નાપાસ ન કરવાની નીતિ, ત્રણ ભાષાની નીતિ, દરેક વર્ગમાં બાળકોની વિશાળ સંખ્યા, (તમારા અનુભવમાંથી વિશેષ ઉમેરો કરો.)

૩. સવલત, ફેરફાર, રદ કરવું તે (વિલોપન),વિકલ્પ કે અવેજીકરણ, વિસ્તરણ

૪. બાળકો શાળાઓમાં પ્રવેશ તો મેળવી લે છે, પણ શિક્ષકગણ તેમને અન્ય બાળકોની સરખામણીએ ભણી ન શકનારાં ગણે છે તેથી તેઓ પાછળથી શાળામાંથી ઊઠી જવાનું કે રદબાતલ થયાનું વલણ દાખવે છે. સાધારણ શાળાઓમાં શિક્ષકોને આવાં બાળકોનો સમાવેશ કરવાની તાલીમ હોતી નથી, તેથી તેઓ આવાં બાળકોનાં માતા-પિતાને કોઈ અન્ય ખાસ પ્રકારની સહાયતા માટે લઈ જવાનું સૂચન કરવાનું વલણ દાખવતા હોય છે.

૫. યોગ્ય ઉંમર, સક્રિય ભાગીદારી, સર્જનાત્મક ઉપયોગ, ઉપલબ્ધતા, સ્તરની યોગ્યતા, તાલીમ બદલવી.

૬. તીવ્ર/એકથી વધારે ખામીઓ ધરાવતાં બાળકો અને એવાં બાળકો કે જેમને શાળાએ જવાનો કોઈ રસ્તો નથી, શક્યતા નથી.

## ૯.૯ સંદર્ભસૂચિ


- Browder D.M. & Snell M.E. (1983) Functional Academics in M.E. Snell (Edn.) Instruction of Students with Severe Disabilities, New York: Mac Millan Publishing Co. P-443.
- Eleventh Five Year Plan (2007-2012)

  planning Commission.nic.in/plans/planrel/IIthf.htm
- GIO. Min. of Social Justice and Empowerment (1995), Persons with Disability, (Equal opportunity, protection of Rights and Full Participation) Act, New Delhi: Govt. press
- GOI, Min. of Social Justice and Empowerment (1992) Rehabilitation Council of India Act, New Delhi: Govt. Press

- Janney R. & SnessM.E. (2000), Modifying School Work, Baltomore: Paul Brookes Publishing Co. P-18-19
- Kagan, S. (1994), Cooperative Learning. San Clemente: Resource for Teachers.


## ૯.૧૦ સ્વાધ્યાય

૧. *તમે તમારી શાળામાં ભણાવતા હો તે વિષયના પાઠ્યપુસ્તકમાંથી પાઠ પસંદ કરો. જેમને અંધત્વ, બહેરાશ, બૌદ્ધિક ક્ષતિ જેવી સમસ્યા હોય તેવાં બાળકોને ભણાવવા માટે તે પાઠનું રૂપાંતરણ કરો.*

૨. *તમારી શાળા જે સરકારી શિક્ષણ બોર્ડ હેઠળ આવતી હોય તેના દ્વારા* CWSN *માટે કરાયેલી જોગવાઈઓનું સંકલન કરો.*

૩. *એવી રમત તૈયાર કરો કે જેના ઉપયોગથી તમે તમારા વર્ગમાં* CWSN *સહિતનાં બધાં જ બાળકોને રમતમાં સાંકળી શકો.*

૪. *એક પ્રૉજેક્ટનું આયોજન કરો અને તે પ્રૉજેક્ટ માટે સહકારી શિક્ષણનો ઉપયોગ કરો.*

# એકમ-૧૦ અનુકૂલનશીલ કૌશલ્યનો વિકાસ, તેને સહાયક ઉપકરણો અને ખાસ ઉપાયો

**અનુક્રમ**


૧૦.૦પ્રસ્તાવના

૧૦.૧ અધ્યયન હેતુઓ

૧૦.૨ અનુકૂલન કૌશલ્યો

૧૦.૨.૧ અનુકૂલન કૌશલ્યનો અર્થ

૧૦.૨.૨ શ્રવણ ક્ષતિ, વાચન ક્ષતિ માટેનાં અનુકૂલન કૌશલ્યો

૧૦.૨.૩ બહુવિધ અપંગતા સેરીબ્રલ પાલ્સી માટે અનુકૂલન કૌશલ્યો

૧૦.૨.૪ શૈક્ષણિક ક્ષતિ માટે અનુકૂલન કૌશલ્યો

૧૦.૨.૫ બૌદ્ધિક ક્ષતિ માટે અનુકૂલન

૧૦.૨.૬ દૃષ્ટિની ખામી માટે અનુકૂલન

૧૦.૨.૭ હલનચલનની ખામી માટે અનુકૂલન

૧૦.૨.૮ શિક્ષકની ભૂમિકા

૧૦.૨.૯ સ્વાધ્યાય

૧૦.૩સહાયક ઉપકરણો

૧૦.૩.૧ સહાયક ઉપકરણનો અર્થ

૧૦.૩.૨ વિભિન્ન ક્ષતિઓ અને વિકલાંગપણા માટે સહાયક ઉપકરણો

૧૦.૩.૩ વર્ગમાં શિક્ષકની ભૂમિકા

૧૦.૩.૪ વિવિધ વિકલાંગપણાં સેરીબ્રલ પાલ્સી સહિત માનસિક ખામી, ચાલવાની ખામી વગેરે) માટે ઉપકરણો

૧૦.૩.૫ દૃષ્ટિની ખામી

૧૦.૩.૬ મુશ્કેલીઓનું અધ્યયન

૧૦.૩.૭ શ્રવણની ખામી

૧૦.૩.૮ બોલવાની ખામી

૧૦.૪ વિશેષ પદ્ધતિઓ

૧૦.૫ ઉપસંહાર

૧૦.૬ તમારી પ્રગતિ ચકાસો

૧૦.૭ સંદર્ભસૂચિ

૧૦.૮ સ્વાધ્યાય

## ૧૦.૦ પ્રસ્તાવના

અગાઉના પાઠમાં તમે જૂદી જૂદી ક્ષતિવાળાં બાળકોની મૂળભૂત પ્રકૃતિ, જરૂરિયાતો, પ્રકારો તથા તેમની ભિન્ન ભિન્ન વિકૃતિઓનો કારણો અને શૈક્ષણિક જરૂરિયાતો વિશે શીખ્યા છો. બાળપણની અપંગતા ભલે તે શારીરિક સાંવેગિક કે જ્ઞાનાત્મક હોય પણ તે શિક્ષણ મેળવવાની પ્રક્રિયામાં અવરોધક બને છે. આથી શિક્ષણ કાર્યોનાં યોગ્ય પરિણામો મેળવવાં અને વિદ્યાર્થીઓને મદદરૂપ થવા તેમને અનુકૂળ થાય તેવાં આયોજનો કરવાં જોઈએ. અપંગ બાળકને તેની શાળામાં તથા તેના સામાજિક વાતાવરણમાં સહાયક ઉપકરણો, ખાસ પદ્ધતિઓ અને અનુકૂલનોની જરૂર રહે છે.

## ૧૦.૦ અધ્યયન હેતુઓ

આ પાઠનો અભ્યાસ કર્યા પછી તમો નીચેની બાબતો માટે સક્ષમ હશો

- અનનુકૂલન કૌશલ્યનો અર્થ સમજાવવા.
- વિવિધ અપંગતાઓ માટે અનુકૂલન કૌશલ્યોની યાદી બનાવવા.
- અપંગતા ધરાવતાં બાળકોને મદદકર્તા શિક્ષકોની યાદી.
- સહાયક ઉપકરણોનો અર્થ સમજાવવા.
- બાળકોના વાતાવરણમાં રહી સહાયક ઉપકરણોની વ્યાખ્યા સમજાવવા.
- બહાતર કાર્ય થઈ શકે તે માટે ખાસ પદ્ધતિઓનો ઉપયોગ સમજાવવા.

## ૧૦.૨ અનુકૂલન કૌશલ્યો

વિકલાંગ બાળકોમાં વિવિધ પ્રકારની ક્ષતિઓ હોય છે. તેઓ તેમની ક્ષતિઓ, ખામીઓના કારણે અન્ય બાળકોની જેમ જીવન જીવવા સક્ષમ નથી હોતાં. તેમનું વિકલાંગપણું તેમની વ્યક્તિગત પ્રવૃતિઓ માટે તેમજ બૌદ્ધિક વિકાસ માટે સમસ્યારૂપ બને છે.

તેથી આવાં બાળકોએ સરળ જીવન જીવવા માટે નવાં કૌશલ્યો કેળવવાં જરૂરી છે. આ કૌશલ્યો તેમની ક્ષતિઓ હળવી કરશે અને રોજિંદુ સામાન્ય જીવન જીવવામાં મદદરૂપ થશે. તેમનાં માટે નવાં કૌશલ્યો કેળવવાં જરૂરી બને છે. જોકે નવાં કૌશલ્યોની ઉપલબ્ધિ એક પ્રશ્ન તો છે જ, પરંતુ મુક્ત સ્રોતમોથી તે પ્રાપ્ત થશે. જૂદી જૂદી ક્ષતિઓ માટે જૂદી જૂદી અનુકૂળતાઓ કરવી પડશે. આ અનુકૂળતાઓ કરવા તેમની સાથે કામ કરનારા શિક્ષકો જૂદી જૂદી ખામીઓના અને તે માટે જરૂરી અનુકૂળતાઓના જાણકાર હોવા જરૂરી છે.

## ૧૦.૨.૧ અનુકૂલન કૌશલ્યોનો અર્થ

વાલીઓ ઈચ્છે કે શિક્ષકો ખામી ધરાવતાં બાળકોને જુએ, જાણે તથા તેમનામાં રહેલાં કૌશલ્યોને વિકસાવે. આ અનુકૂલનની વધુ સરળ રીત છે. બાળકો નૈસર્ગિક સંજોગોમાં પોતાના કૌશલ્યોના અધ્યયનમાં અનુકૂલન સાધી શકવા જોઈએ. આવું અનુકૂલન તેમને પગભર થવા તરફ લઈ જશે. આમાં વાંચન, લેખન તથા ગણિતનો સમાવેશ છે. બાળકો પોતાનાં કૌશલ્યોને સારી રીતે સમજી શકે તે માટે કામોને સરળ રીતે વિભાજિત કરવામાં આવે છે.

## ૧૦.૨.૨ શ્રવણ અને બોલવાની ક્ષતિવાળાં બાળકો માટે અનુકૂલન કૌશલ્યો

આવાં બાળકો સામાન્ય બાળકો છે. તેમને સમજ કેળવવાના પ્રશ્નો નથી, અનુકૂળતાઓ ઊભી કરવા સૌથી પહેલાં તેમનાં મનોવૈજ્ઞાનિક લક્ષણોને સુધારવા જોઈએ જેથી તેઓ મહત્ત્વનાં અન્ય કૌશલ્યો વિશે જાણી શકે. આવાં બાળકો સારી રીતે સાંભળી શકે તે માટે મોટેથી બોલીને વાતચીત દ્વારા પીચ (સ્વર ઉચ્ચાર) અને તીવ્રતા સુધારવામાં આવે છે. સામાન્ય રીતે શ્રવણની ખામીવાળાં બાળકો તેમનાં જીવનની શરૂઆતમાં (નાની ઉંમરે) બોલતાં શીખે છે, અને વાતચીત કરે છે. વાતચીત કરવાનું કૌશલ્ય ખૂબજ મહત્વનું છે. પણ શ્રવણ કૌશલ્ય વિકસાવ્યા સિવાય બોલતાં શીખવું મુશ્કેલ બને છે. વાતચીતની બે રીતો છે. ઈશારાથી અને બોલીને શબ્દોનો ઉપયોગ કર્યા સિવાય એટલે કે સંકેતો, હલનચલન અને હાવભાવ દ્વારા-સાંકેતિક ભાષા દ્વારા-જૂદી જૂદી સાંકેતિક ભાષાઓ છે. American Sign Language (ASL), British Sign Language (BSL), સંકેતો દ્વારા બોલનારાં બોર્ડ વગેરે. અહીં મુખ્ય બાબત સંકેતો દ્વારા શીખવવાની નથી, પરંતુ મદદરૂપ શ્રવણ અને સાંકેતો દ્વારા બોલાયેલું સાંભળીને તથા જોઈને સાંકેતિક ભાષા શીખવી એ મહત્ત્વનું છે. આ માટે દર્પણ સામે ઉભા રહી હોઠ અને ચહેરા દ્વારા થતું હલનચલન અને હાવભાવનું અનુકરણ કરવું અમુક હદ સુધી ઉપયોગી થશે.

## ૧૦.૨.૩ વિવિધ અશક્તિઓ સેરીબ્રલ પાલ્સી માટે અનુકૂલન

મગજ બરાબર કામ ન કરવાને લીધે સેરીબ્રલ પાલ્સી થાય છે. ઉંમર વધવાની સાથે સ્નાયુઓ અક્કડ થવાની હલનચલનની ખામીઓ પેદા થાય છે. જ્યારે એક જ વ્યક્તિમાં બે ત્રણ ખામીઓ સાથે આવે છે ત્યારે તે બહુવિધ ખામીવાળો ગણાય છે. આવી વ્યક્તિ માટે વિશેષ શિક્ષણ પદ્ધતિઓ અપનાવી તેને સશક્ત કરવાનો પ્રયત્ન કરવો પડે છે. તેના માટે સાનુકૂળ અભ્યાસક્રમની રચના કરવી જરૂરી છે. આવા બાળકો ટુંકા કે લાંબા સમય માટે માહિતી યાદ રાખી શકતાં નથી. આવાં બાળકો તાત્વિક રીતે વિચારવામાં અગવડ અનુભવે છે. દરેક બાળકનો સ્વભાવ, અનુભવ અને ખામી વ્યક્તિગત હોય છે.

આવાં બાળકોને ઉપયોગી થવા બધાને મળીને અભિયાન કરવું જોઈએ. વ્યાપક કાર્યક્રમો યોજવા જોઈએ અને તેમનો ઉપયોગ કરવો જોઈએ. આ સમૂહમાં જૂદા જૂદા ધંધાર્થીઓ, કુટૂંબીજનો અને સંભાળ લેનારાઓનો સમાવેશ થવો જોઈએ જેમ કે,

- વિશિષ્ટ તાલીમ પ્રદાન કરનાર.
- ફિઝિયોથેરાપિસ્ટ
- વ્યાવસાયિક થેરાપિસ્ટ
- મનોવિજ્ઞાની
- સામાજિક કાર્યકર્તા
- પરિવારના સભ્યો, વગેરે

## ૧૦.૨.૪ અધ્યયનની મુશ્કેલીવાળાઓ માટે અનુકૂલન

સામાન્ય અભ્યાસક્રમમાં કરેલા ફેરફારો/અનુકૂળતાઓ ખામીયુક્ત બાળકોને મદદરૂપ થાય છે. આ બાળકો કંઈક અંશે મંદગતિએ અધ્યયન કરતા હોય છે. તેમની વિવિધ પ્રકારની અધ્યયન મુશ્કેલીઓ હોય છે. જેમકે,

- ડીસ્લેક્સિયા (વાંચનની સમસ્યાવાળાં) આ ખામીવાળાં બાળકો વાંચતી વખતે અક્ષર કે શબ્દ ભૂલી જાય છે. બદલી નાખે છે અથવા ઊલટા બોલે છે.
- ડીસગ્રેફિયા (લખવાની સમસ્યાવાળાં ) આવાં બાળકો સતત લખી શકતાં નથી. તેમનાં અક્ષરો બેડોળ હોય છે. તેમના લખાણમાં બે અક્ષરો કે શબ્દો વચ્ચે સપ્રમાણ જગ્યા (Space) હોતી નથી.
- ડિસકેલક્યુલિયા ( ગણન ક્રિયાની સમસ્યાવાળાં ) આવાં બાળકો સામાન્ય ગણનકાર્યમાં પણ મુશ્કેલીઓ અનુભવે છે.
- અટેંશન ડેફીસિટ હાઈપરએક્ટિવ ડિસઓર્ડર (ADHD) ધ્યાનસ્થ બનવાની સમસ્યાવાળા આવાં બાળકોના ધ્યાનનો વિસ્તાર ઘણો મર્યાદિત હોય છે. તેઓ વિચલિત રહે છે. તેમનું ધ્યાન અસંગત બાબતો તરફ જાય છે. સક્રિયતા નામની જ હોય છે. તેઓ ક્ષણવાર પણ એક જગ્યાએ બેસી શકતો નથી.
- ડિસફેસિયા (ભાષા વિકાર) : આવાં વિકારો બે પ્રકારના હોય છે. (૧) અર્થપૂર્ણ ભાષાનો ઉપયોગ કરવા અસમર્થ બાળકો અને (૨) બોલાયેલા શબ્દો સમજવામાં અસમર્થ બાળકો.

  આવાં બાળકો સાથે કાર્યનું વિશ્લેષણ (વિભાજન) કરવું ખૂબજ જરૂરી છે. જેમકે,

- શિક્ષકે શું શીખવાનું છે તે નક્કી કરવું જોઈએ.

- તેને વ્યાવહારિક ભાષામાં વ્યક્ત કરવું જોઈએ.
- દરેક નાના ભાગને અલગ નામ આપવું જોઈએ,
- પ્રત્યેક પગલાંને મજબૂતી પ્રદાન કરવી, એક પગથિયું સર કરી લીધા પછી બીજું સર કરવું સરળ બને છે.
- આમ પાઠની રજૂઆતનું સંપૂર્ણ આયોજન કરવું.

## ૧૦.૨.૫ બૌદ્ધિક ખામી માટે અનુકૂલન

વિશેષ શિક્ષણકાર્યની અનુકૂળતાનો એક હેતુ છે બૌદ્ધિક ખામીવાળાં બાળકોને તેમની રોજિંદી ક્રિયાઓમાં મદદરૂપ થવું જેમ કે ખાવાપીવામાં, શૌચક્રિયા કરવામાં, બ્રશ કરવામાં, સ્નાન કરવામાં, કપડાં પહેરવામાં, શરીરની માવજત કરવામાં, જૂદી જૂદી પરસ્થિતિમાં અને વાતાવરણમાં અને જૂદા જૂદા સમયે મદદરૂપ થવું. ઉદાહરણ તરીકે કેટલાંક માતા-પિતા પોતાનાં ખામીવાળાં બાળકોને હોટલમાં સાથે લઈ જતાં નથી. તેઓ માને છે કે બાળકમાં હોટલમાં ખાવા-પીવાની આવડતનો અભાવ છે. (ખરેખર લઈ જવા જોઈએ) આવા સમયે સાથે લઈ જઈ તેમને ત્યાંની રીતો શીખવવી જોઈએ. તે માટે કાર્ય વિભાજન કરી ધીરે ધીરે આગળ વધતું જોઈએ. આમ કરો :

- દરેક કાર્યનું વર્ગીકરણ કરો.
- પછી એક એક નાનાં અને સરળ કામ.
- યોગ્ય કામ માટે યોગ્ય શૈક્ષણિક પધ્ધતિનો ઉપયોગ કરો.
- બાળક જ્યારે એક એક પગલું આગળ વધે ત્યારે તેને પ્રોત્સાહિત કરો.

આવા સમયે વાંચન પણ શીખવી શકાય (જેમ કે TOILET, POISON, DANGER વગેરે શબ્દો વંચાવી શકાય) લખવાનું પણ ક્રમિક શીખવી શકાય, (જેમ કે,DOTS, LINES, ACTUAL ALPHABETS) અને ગણતરી પણ શીખવી શકાય (સરળ ગણતરીથી અઘરી ગણતરી તરફ લઈ જઈ શકાય.

આ રીતે આપણે બૌદ્ધિક ખામીવાળાં કે મંદબુદ્ધિવાળાં બાળકોને ઉપયોગી થઈ શકીએ- અનુકૂળ થઈ શકીએ.

## ૧૦.૨.૬ દૃષ્ટિની ખામી માટે અનુકૂળતા

દૃષ્ટિની ખામીવાળાં બાળકો માટે નીચેની અનુકૂળતાઓનો ઉપયોગ કરીએ.

- બ્રેઈલ લિપિ.
- ઑપ્ટિકલ ઉપકરણોનો ઉપયોગ.
- લેન્સ (ટૂંકી દૃષ્ટિ આ રીતે થોડા અંશે સુધારી શકાય છે)
- ખાસ ચશ્મા (કે જે અક્ષરોને મોટા કરે છે અને વાંચવાની અનુકૂળતા કરે છે)
- મોટા અક્ષરવાળાં પુસ્તકો.

- પદાર્થને ઓળખી શકાય તેવો સારો પ્રકાશ.
- દૃષ્ટિ સુધારવા રેટિના (નેત્રપટલ) નું ઓપરેશન, અને
- મોતિયો અને બીજી કામ ચલાઉ કે હંગામી ખામીઓ પણ દૂર કરી શકાય છે.

## ૧૦.૨.૭ હલનચલનની ખામી માટે અનુકૂલન

હલનચલન, અંગ (અવયવ) ન હોવું, અંગમાં તકલીફ હોવી અને અંગમાં દુખાવો અને અક્કડપણું હોવું. એ હલનચલનની ખામીવાળાં લોકોના પ્રશ્નો છે.

આ લોકો માટે નીચેની અનુકૂળતાઓ કરી શકાય-

- નબળા સ્નાયુઓને માલિશ કરી મજબુત કરવા,
- સામાન્ય સ્નાયુઓને મજબુત કરવા,
- મદદ માટે ખાસ પ્રકારના પાટા અને કાંખઘોડી આપવાં,
- સર્જરી દ્વારા-સ્ટીલના સળિયાનો ઉપયોગ કરીને એક પ્રકારનો ટેકો આપવામાં આવે છે અને તેનાથી હલનચલન માટે અશક્ત લોકો માટે ચાલવાની કાયમી અનુકૂળતા થાય છે. એવા લોકોને દુખાવો થાય છે જેને માપી શકાતો નથી કે તેનો ઉપચાર થઈ શકતો નથી. એ કુદરતી ચેતવણી છે. આ શરીરની એક ખામી છે. દુખાવાના ઉપાય માટે પેઈન કિલર (દર્દ નિવારક) દવા કે ગરમ/ઠંડા શેક લેવામાં આવે છે. ત્યાં આવાં હલનચલનના ખામીવાળા લોકોને સતત દબાયેલા રહેતા ભાગ પર ચાંદાં, ભાઠાં પડી જાય છે.) ત્યાં બોરિક પાવડર લગાવી પાટો બદલવો અને સફાઈનું ધ્યાન રાખવું.

## ૧૦.૨.૮ શિક્ષકની ભૂમિકા

કોઈ પણ પ્રકારની ખામીવાળો બાળક બે પ્રકારની સમસ્યાઓનો સામનો કરે છે. એક તો તે અન્ય બાળકોની જેમ તેની રોજિંદી પ્રવૃતિઓ કરી શકતો નથી. બીજું ક્ષતિઓના કારણે શિક્ષણ મેળવવું તેના માટે પડકાર બને છે. વિદ્યાલયના સત્તાવાળાઓએ બાળકોની મુશ્કેલીઓ સમજવા સક્ષમ થવું જોઈએ અને બાળકોને મદદ કરવી જોઈએ. પુસ્તકમાં આપેલ જ્ઞાન અને બાળકની વચ્ચે શિક્ષક છે. તેથી તેણે બાળકોની મુશ્કેલીઓ સમજનારા સારા જાણકાર બનવું જોઈએ.

ઉપરોક્ત બાબત સમજવા આ ઉદાહરણ યોગ્ય છે. જાણીતું ચલચિત્ર 'તારેં જમીં પર માં' બાળકોના શિક્ષક બાળકની મુશ્કેલી (ડિસ્લેક્સિયા)ને સમજતા નથી અને તેને સજા કરે છે, કારણ કે તે સારા માર્કસ મેળવી શક્યો નહોતો અને વર્ગમાં ધ્યાન આપતો નહોતો.

શિક્ષકે બાળકોની ક્ષતિઓને સમજવા માટે તાલીમબદ્ધ બનવું જોઈએ તથા તેમને શીખવવાની નવી નવી રીતો જાણવી જોઈએ. સાથે સાથે તેને નડતી મુશ્કેલીઓમાં મદદરૂપ થવું જોઈએ. બાળકોની અશક્તિઓ, ખામીઓ જાણવા ઉપરાંત તેમને શિક્ષણમાં એકાગ્ર બનાવવા મદદ કરવી જોઈએ. એક શિક્ષક બાળકને ઘણી રીતે મદદરૂપ થઈ શકે છે. પ્રથમ પગથિયું છે ખામીને સમજવી પછી તે માટે જરૂરી જ્ઞાન મેળવવું, ભણવા માટે બાળકને પ્રોત્સાહિત કરવું, વધુ સમય આપીને બાળકને મદદ કરવી, હલનચલનની ક્ષતિવાળાની બાબતમાં યોગ્ય બેઠક વ્યવસ્થા ગોઠવવી અથવા શિક્ષકે નવી પ્રક્રિયા અપનાવવી વગેરે,

તમારી પ્રગતિ ચકાસો

સ્વાધ્યાય- ૧

નીચેના પ્રશ્નોના જવાબ એક બે વાક્યમાં આપો.

૧. અનુકૂલન કૌશલ્યનો તમે શો અર્થ કરો છો?

૨. નીચેના વ્યક્તિઓ માટે અનુકૂલન કૌશલ્યોની યાદી બનાવો.

- હલનચલનની ખામીવાળી
- માનસિક ખામીવાળી
- સાંભળવાની ખામીવાળી
- દષ્ટિની ખામીવાળી

ટુંક નોંધ લખો.

૧. શિક્ષકની ભૂમિકા

૨. સેરેબ્રલ પાલ્સી અને હલનચલનની ખામીવાળા લોકો માટે અનુકૂલન કૌશલ્યો.

૩. સાંભળવાની ક્ષમતાની ખામી અને તેને સમજવા માટેના અનુકૂલન કૌશલ્યો.

## ૧૦.૩ સહાયક ઉપકરણો

ખામીવાળાં બાળકો કેટલાંક કાર્યો કરવામાં મુશ્કેલીઓ અનુભવે છે,- ખાસ તો રોજિંદી પ્રવૃતિઓમાં અથવા તો તેઓ બીજાઓ ઉપર આધારિત છે તેવી પ્રવૃત્તિઓમાં. આપણે તેમને આત્મનિર્ભર બનાવવા જોઈએ અથવા બીજાં બાળકોની જેમ જ કામ કરવા યોગ્ય બનાવવા જોઈએ સહાયક ઉપકરણો ખામીવાળાં બાળકોને મદદરૂપ થવા તેમની રોજિંદી ક્રિયાઓ કરવામાં મદદરૂપ થાય છે. તે બે પ્રકારનો છે. (૧) એવાં કે જે સંબંધિત માણસ ઉપયોગ કરી શકે, (૨) એવાં કે જે ખામીવાળાં બાળકો બીજાઓની મદદથી ઉપયોગ કરી શકે.

સહાયક ઉપકરણો એવાં હોવં જોઈએ કે જેનાં મહત્તમ લાભ ખામીવાળાં બાળકો લઈ શકે. દાખલા તરીકે હલનચલનની ખામીવાળી વ્યક્તિ એક વ્હીલચેર કે ઘોડીનો ઉપયોગ કરી શકશે, આ ઉપકરણ તેના અશક્ત પગને બદલે કામ કરે છે. અથવા શ્રવણની ખામીવાળાં લોકો સાંભળવાના સાધન (Hearing aid) નો ઉપયોગ બીજાને સાંભળવા કરશે જેથી તેઓ બીજા સાથે વાતચીત કરી શકશે , ભાષણો સંગીત વગેરે સાંભળી શકશે.

## ૧૦.૩.૧ સહાયક ઉપકરણોનો અર્થ

સહાયક ઉપકરણો તે ઉપકરણો છે કે અશક્ત લોકોનેજ રોજિંદુ જીવન જીવવામાં, શિક્ષણ મેળવવામાં, જ્યાં રહેતો હોય ત્યાંના વાતાવરણમાં મુક્ત રીતે હરવાફરવા અને આનંદ મેળવવામાં, કામ કરવામાં અને મુક્ત સમયે શારીરિક સુદઢતા પ્રાપ્ત કરવામાં ઉપયોગી બને છે. સહાયક ઉપકરણો ખામીવાળા લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા સમર્થ,સક્ષમ બનાવે. સહાયક ઉપકરણોનો ઉપયોગ કરનારા ભવિશ્યમાં થનાર વધુ અશક્તિઓને રોકી શકે છે. અને તાલીમ પામેલ વ્યક્તિ સ્વતંત્ર જીવન જીવવા બાકી રહેલી શક્તિઓ પ્રાપ્ત કરી શકે છે.

## ૧૦.૩.૨ ખામીવાળા અને અશક્ત લોકો માટે સહાયક ઉપકરણો.

| ખામીઓના પ્રકાર | ઉપકરણો |
|---|---|
| - હલનચલનની ખામી | - ઊભા રહેવાની ઘોડી, ખાસ પ્રકારના પાટા. |
| - સેરીબ્રલ પાલ્સી | - ચાલવાનું સાધન (Walker), વ્હીલ ચેર |
| - દૃષ્ટિની ખામી | - મણકા ગોઠવાની ઘોડી, બ્રેઈલ, અંકગણિત ફ્રેમ |
| - સાંભળવાની ખામી | - સાંભળવામાં મદદરૂપ સાધનો, વાતચીતનાં સાધનો,વાતચીતનાં બોર્ડ, બોલવાનું બોર્ડ. |
| - બોલવાની ખામી | - હોઠનું વાંચન, સ્પીચ મોડેલ, હોઠનું હલનચલન જોવા માટે અરીસાનો ઉપયોગ. |
| - ભણવાની ખામી | - મોટા આકર્ષક મૂળાક્ષર, ચિત્રો અને વસ્તુઓનું જોડાણ કરવાનું સાધન, ચાર્ટ. |
| - વિવિધ (એક કરતાં વધુ) અશક્તિઓ | - યોગ્ય ઢાળ, સારી બેઠક વ્યવસ્થા, ઘોડીઓ, વૉકર, વ્હીલચેર. |
| - બૌદ્ધિક ખામી (મંદ બુદ્ધિ) | - શ્રવણની ખામી, દૃષ્ટિની ખામી જેવી ખામીઓ સાથે જોડાયેલી છે અને તે માટે સહાયક ઉપકરણોની જરૂર પડે. |

## ૧૦.૩.૩ વર્ગમાં શિક્ષકની ભૂમિકા

જૂદી જૂદી શક્તિઓ માટે જૂદાં જૂદાં ઉપકરણો હોય છે. પ્રથમ કામ છે. તે બધાં ઉપકરણોને વર્ગખંડમાં એકત્ર કરવાં, મંદબુદ્ધિવાળાં બાળકો માટે U કે Y આકૃત્તિવાળી બેઠક વ્યવસ્થા છે. ઘણાં મોટાં રંગીન અને આકર્ષક શૈક્ષણિક સાધનો હોય છે. ચાર્ટ, મણકા, ફ્લૈશ કાર્ડ ઘણા ઉપયોગી થાય છે. વ્યક્તિગત આપેલું શિક્ષણ આવા બાળકોને સહાયક, ઉપયોગી થાય છે. વિવિધ ખામીઓ અને માનસિક ખામીવાળા બાળકોના પ્રશ્નો હોય છે હલનચલનના.

અવરોધમુક્ત વાતાવરણ અને સારી બેઠક વ્યવસ્થાથી આવાં બાળકોને વર્ગમાં ભણવા વધુ સુવિધા પ્રાપ્ત થાય છે. શ્રવણની ખામીવાળાં બાળકોના વર્ગમાં ઍમ્પ્લિફાયર (અવાજવર્ધક સાધન) અને સાંભળવાનાં સાધનોનો ઉપયોગ કરવો- દ્દષ્ટિની ખામીવાળા બાળકોને સફેદ લાકડી અને બ્રેઈલ સાહિત્ય સારું શિક્ષણ મેળવવામાં ઉપયોગી થશે. ખાસ શિક્ષકોએ બે-ત્રણ ખામીવાળાં બાળકો માટે તાલીમ લેવી જોઈએ. ખાસ શાળામાં તાલીમી શિક્ષકોના સંયુક્ત પ્રયત્નોથી બાળકોને શિક્ષણ મેળવવા માટેની સુવિધા વધશે.

## ૧૦.૩.૪ વધુ ખામીઓ વાળાં લોકો (માનસિક ખામીવાલાં, હલનચલનની ખામીવાળાં ) માટે સહાયક ઉપકરણ

એકથી વધુ ખામીવાળાં બાળકો, લોકો વિવિધ અશક્તિઓવાળાં કહેવાય છે. એક વ્યક્તિ મંદબુદ્ધિની સાથે સાથે દ્દષ્ટિની ખામીવાળાં હોઈ શકે છે. બીજી વ્યક્તિ શ્રવણની ખામી સાથે શારીરિક વિકલાંગ હોઈ શકે છે. આવા લોકોમાં સંબંધિત પરિસ્થિતિઓના કારણે સમજવામાં, હલનચલનમાં અને શારીરિક ખામીઓના પ્રશ્નો ઊભા થાય છે. આથી તેઓ પોતાનાં રોજિંદા કામ કરવામાં પરતંત્ર બની જાય છે. આવા લોકો નીચે પ્રમાણેનાં સહાયક ઉપકરણો છે.

- પૉટી ચેર (શૌચાક્રિયા માટે આરામથી બેસવા માટેની ખુરશી)
- વ્હીલચેર, વૉકર (ચાલવાની ઘોડી), કાંખઘોડી, ઢાળ, ટ્રાયસીકલ (ત્રિચક્રી સાયકલ), વગેરે હરફર કરવા માટે વપરાય છે.
- માનસિક બીમારીવાળાં બાળકો માટે અનૂકૂળ ટુથ બ્રશ, જાડી પેન વગેરે પકડી શકાય તેવાં હોવાં જોઈએ.
- પશ્ચિમી ઢબના, વેસ્ટર્ન ટબ ( બિનસરકારી સંગઠન અથવા સરકારી યોજનાઓ દ્વારા મફત, મરામત (રીપેર) કરી શકાય તેવાં અને સરળતાથી પ્રાપ્ત થઈ શકે તેવાં હોવાં જોઈએ.)
- ઘુંટણના પાટા નીચે હલકું વજન રાખવું,
- ચાલતાં શીખવા માટે વોકિંગ ફ્રેમનો ઉપયોગ થઈ શકે,
- કાંખઘોડી (જે બાળકો સામાન્ય ખુરશીનો ઉપયોગ નથી કરી શકતાં તેમના માટે કોર્નરચેર

## ૧૦.૩.૫ દૃષ્ટિની ખામી.

દૃષ્ટિની ખામીવાળાં બાળકો દૃષ્ટિની જરૂર પડે તેવાં કામ કરી શકતાં નથી. આમ છતાં તેઓ દૃષ્ટિવર્ધક ઉપકરણોનો ઉપયોગ કરીને સામાન્ય બાળકો જેવું જીવન જીવવા સક્ષમ બની શકે છે. આ પ્રકારનાં બાળકોમાં (૧) કેટલાંક કંઈક અંશે જોઈ શકે છે જ્યારે કેટલાંક (૨) બિલકુલ જોઈ શકતા નથી. તમને ઉપયોગી થતા નીચેના જેવાં સહાયક સાધનોનો ઉપયોગ કરતાં શીખવવું જોઈએ.

- મુક્ત અને સુરક્ષિત હલનચલન માટે સફેદ લાકડી,
- ગણન કૌશલ્ય કેળવવા એબેકસ (મણકા ઘોડી),
- ગાણિતિક પ્રશ્નો ઉકેલવા અંકગણિત ફ્રેમ,
- બ્રેઈલ લિપિનો ઉપયોગ (ધીમી ગતિએ),
- બોલતું થર્મોમીટર,
- બોલતું ઘડિયાળ,
- બોલતો મોબાઈલ વગેરે.

## ૧૦.૩.૬ શીખવાની ખામી

જોયેલું અને સાંભળેલું (માહિતીઓ) મગજમાં જાય છે અને તે એકબીજા સાથે તથા પૂર્વજ્ઞાન સાથે જોડાય છે. તેમાંથી સમજ પેદા થાય છે. વિવિધ ખામીઓ દ્વારા ઊભી થયેલી શીખવાની (અધ્યયનની) ખામી ઉપરોક્ત બાબતને અસર કરે છે. આ બાબતે સંબંધિત સહાયક પદ્ધતિનો ઉપયોગ કરી શકાય, જેવાં કે,

- આંખ-હાથના સમન્વયને સુધારવો,
- શ્રમિક રીતે સ્મૃતિ સુધારવી,
- અક્ષરોની ગોઠવણ
- સ્થાન અને રૂપને સરળતાથી ઓળખવા- જેમ કે ઊલટું, ફેરવેલું કે ફરતું,
- ફોટાઓ અને ચિત્રો સાથે વાસ્તવિક વસ્તુઓ જોડવી,
- લખવામાં સાંભળેલી માહિતીનો ઉપયોગ કરવો,
- જુથમાં બધા કરે તેમ કરવું.

## ૧૦.૩.૭ શ્રવણની ખામી

કેટલાંક બાળકોમાં સાંભળવાની ખામી હોય છે. આવાં બાળકો અવાજોને સાંભળવાની, નિર્દેષ કરવાની અને અવાજોનું અર્થઘટન કરવાની મુશ્કેલી અનુભવે છે. તેના કારણે ભાષા જ્ઞાનની કુદરતી રીતે પ્રાપ્તિ કરવામાં સ્વાભાવિક પ્રક્રિયા અટકી જાય છે. જો આ પ્રશ્ન હલ ન થાય તો લાંબા ગાળે પરિણામો વધુ અવળાં આવે છે. આ પ્રશ્ન ઉકેલવા નીચેના ઉપકરણો ઉપયોગી બને છે.

- શ્રવણયંત્રો
- સાંભળવાનાં ઉપકરણો, જેવાં કે ટેપ રેકૉર્ડર, ઓવરહેડ પ્રોજેક્ટર
- બોલતું પેડ જે મોટો અવાજ આપે છે.
- કમ્પ્યૂટર
- ઉચ્ચારિત શબ્દોવાળુ ઓવરહેડ પ્રોજેક્ટરથી ભણાવવું
- સામાન્ય બુદ્ધિ હોવી.

## ૧૦.૩.૮ બોલવાની ખામી

વાતચીત માટે, બોલવું માટે ભાષાનો ઉપયોગ એ પાયાનું માધ્યમ છે. વાતચીત માટે સંકેતો અને હાવભાવથી શબ્દો સુધીનો ઉપયોગ થાય છે. સાંકેતિક ભાષાઓ ઘણી છે. American Sign Language (ASL), British Sign Language (BSL), Indian Sign Language (ISL) આવા લોકો માટે નીચેના જેવાં સહાયક ઉપકરણો છે.

- સંચાર (વાતચીત માટેનું )બોર્ડ
- આંગળીનો સંકેત
- બોલવાનાં બોર્ડ
- ફ્લેશ કાર્ડ
- ચાર્ટ, નકશા
- દષ્ટિ શબ્દ, જેવા કે શૌચાયલ, ભય, નિકાસ (બહાર) પ્રવેશ, ઝેર વગેરે

## ૧૦.૪ વિશેષ પદ્ધતિઓ

કેટલીક પદ્ધતિઓની અસર લોકો ઉપર સારી થાય છે. તથા વિવિધ પરિસ્થિતિઓમાં તે પદ્ધતિઓ તેમને પ્રવૃત્તિશીલ બનાવે છે. ગંભીર ખામીઓ, અશક્તિઓ બાબતે આ પદ્ધતિઓ દાક્તરી સારવાર જેવું કામ કરે છે.

- પરિવાર સાથે પરામર્શ :- લોકોના પરિવારોને તેમની પરિસ્થિતિ બાબતે જાણકાર કરવા ખૂબજ જરૂરી છે. આ અશક્ત, ખામીવાળા લોકોને જરૂરી ભાવનાત્મક, સંવેદનાત્મક સહકાર આપવા મદદરૂપ થાય છે.
- વાંધાજનક વ્યવહારનો ઉકેલ :- આ નકારાત્મક વલણોને સુધારે છે.
- પ્રવૃત્તિ, રમત પદ્ધતિથી ઉકેલ :- આ પદ્ધતિ માનસિક તાણ અટકાવવા, વધતું વજન અટકાવવા તથા નવરાશનો સમય પસાર કરવામાં ઉપયોગી બને છે.
- યોગ :- લાગતી વળગતી વ્યક્તિને સ્વસ્થ રહેવામાં મદદરૂપ થાય છે તથા કંઈક અંશે ખામીને દૂર કરે છે.

- **બોલવાની સમસ્યાનું નિવારણ :-** *સંબંધિત વ્યક્તિને મુક્ત અભિવ્યક્તિની પ્રેરણા આપે છે.*
- **શારીરિક અને માનસિક પ્રેરણ :-** *શારીરિક સુદ્દઢતા અને માહિતી સંગ્રહ શક્તિ વધારે છે.*
- **કસરતની પદ્ધતિ :-** *માનસિક અને શારીરિક તાણ ઘટાડે છે.*
- **વય-વૃદ્ધિ અનુસાર યોગ્ય પ્રવૃત્તિઓ :-** *આ પ્રવૃત્તિઓ ખામીની યોગ્ય સમજણ અને ઉપચાર માટેનું પ્રથમ પગથિયું છે.*
- **યોગ્ય મુદ્રા (શારીરિક સ્થિતિ) માં કામ કરવાની રીત :-** *શારીરિક અશક્ત લોકો માટે સાચી મુદ્રામાં રહી કરેલાં કામ, કસરત આશ્ચર્યકારક પરિણામો આપે છે.*

## ૧૦.૫ ઉપસંહાર

*આ એકમમાં તમે અશક્ત બાળકોને શિક્ષણ મેળવવાની અને રોજિંદું જીવન જીવવાની વિવિધ યુક્તિઓ વિશે જાણ્યું છે. અનુરૂપ કૌશલ્યો બાળકોને જૂદી જૂદી યુક્તિઓ અપનાવવામાં મદદરૂપ થાય છે. જ્યારે સહાયક ઉપકરણો સામાન્ય સ્થિતિ સ્થાપવાનું, સર્જવાનું કામ કરે છે અને બાળકોને આરામથી જીવન જીવવા પ્રેરિત કરે છે.*

*ખાસ પદ્ધતિ, ઉપચાર અશક્ત લોકો માટે જરૂરી છે. યોગ, રમતો, પારિવારિક સભ્યો સાથે પરામર્શ, બીજાઓ સાથે શારીરિક માનસિક પ્રેરણા ખામીવાળાં લોકોને ઉપયોગી બને છે. તેમની સારી સંભાળ માટે આ તેમના માતા-પિતાને પણ મદદરૂપ થશે.*

*અશક્ત બાળકોના શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા પણ જરૂરી છે. શિક્ષક ખામીવાળાં બાળકોની અશક્તિઓથી પૂરેપૂરા જાણકાર હોવા જોઈએ. તેણે એવી પદ્ધતિઓ અપનાવવી જોઈએ કે જેના દ્વારા અશક્ત બાળકો બીજાઓની જેમ સમાન જ્ઞાન મેળવવા માટે અને રોજિંદુ (નોર્મલ) જીવન જીવવા સશક્ત બને.*

*અહીં જૂદી જૂદી અશક્તિઓ માટે જૂદા જૂદા અનુકૂલન કૌશલ્યો તથા સહાયક ઉપકરણો સૂચવ્યાં છે. તેમનો મહત્તમ લાભ મેળવવા માટે તેમનો ઉપયોગ યોગ્ય રીતે થવો જોઈએ.*

## ૧૦.૬ તમારી પ્રગતિ ચકાસોના - જવાબો

૧. **અનુકૂલન કૌશલ્ય :-** *એવાં કૌશલ્યો છે જે અશક્ત.ખામીવાળાંની જરૂરિયાતો અનુસાર અપનાવવામાં આવે છે. આ રોજિંદી ક્રિયાઓ- લખવું, વાંચવું, વાતાવરણને અનુકૂળ થવું વગેરે માટે એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે.*

૨. (અ) **હલનચલનની ખામી :-** *જો બાળકનો* IQ *ઓછો હોય તો અનુકૂલન કૌશલ્ય એ ભણાવવાની સામાન્ય પદ્ધતિ હોઈ શકે છે.*

(બ) **સેરીબ્રલ પાલ્સી :-** *જો પરિસ્થિતિ અનુકૂળ ન હોય તો શિક્ષણની પદ્ધતિનો નિયમિત ઉપયોગ કરવો. જો અનુકૂલન નથી થઈ શકતું તો આંખ-હાથનો સમન્વય* (Co-ordination) *સુધારવો.*

(ક) **શ્રવણ ક્ષતિ :-** *જો માનસિક ખામી (મંદબુદ્ધિ) ની સાથે મગજનો અપૂર્ણ વિકાસ અને વાઈ કે ફેફરાંનો રોગ હોય ત્યારે શિક્ષણની ચાલુ પદ્ધતિને બદલે ખાસ પદ્ધતિની જરૂર*

પડે છે. અને વ્યક્તિગત કૌશલ્ય શિક્ષણ અપાય છે.

(ડ) **દષ્ટિની ખામી :-** બ્રેઈલનું શિક્ષણ, વધારાનો અભ્યાસક્રમ, મણકા ઘોડી તથા વર્ગમાં ખાસ શિક્ષણ, અવરોધો વિનાનું વાતાવરણ.

તમારી પ્રગતિ ચકાસો- ૨

૧. સહયોગી ઉપકરણો એવાં ઉપકરણો છે કે જે આ બાળકોને તેમની રોજિંદી પ્રવૃતિઓમાં મદદરૂપ થાય. આ ઉપકરણો વધારાના ઉપકરણ તરીકે કામ કરે છે. આ બે પ્રકારના છે. (૧) સંબધિત વ્યક્તિ જાતે ઉપયોગ કરી શકે છે. (૨) તે બીજાની મદદથી ઉપયોગ કરી શકે છે.

૨. (અ) બૌદ્ધિક ખામી : કલચીઝ , ખુણાની બેઠક, શ્રવણ યંત્ર, સમાન્તર સ્તંભ, સફેદ લાકડી વગેરે.

(બ) વાંચનની ખામી : હોઠ દ્વારા વાંચન તાલીમ આપનાર, શ્રવણ વિધિ, શ્રવણ યંત્ર, બોલતાં બોર્ડ, સાંકેતિક ભાષા વગેરે.

(ક) શીખવાની ખામી : મોટા આકર્ષક મૂળાક્ષરો, ચિત્રો અને વસ્તુઓનું જોડાણ Matching

(ડ) દષ્ટિની ખામી : વધારાના અભ્યાસક્રમનો ઉપયોગ કરવા માટેના શૈક્ષણિક લેશન પ્લાન, સફેદ લાકડી, વિશેષ ચશ્મા, લેખિત પરીક્ષા માટે ડમી રાઈટર, પરીક્ષાર્થી વતી લખનાર, ટેલર, ફ્રેમ, મણકા ગણવાની ઘોડી, બ્રેઈલ તાલીમ આપનાર શિક્ષક.

(૩) શિક્ષકની ભૂમિકા : એક ખાસ શિક્ષકે બાળકના પ્રશ્નો સમજવા જોઈએ.શિક્ષક મધ્યસ્થી છે. તેણે બાળકની જરૂરિયાતો જાણવી જોઈએ. શિક્ષકે બાળકને પ્રોત્સાહિત કરવો જોઈએ તથા તેની નિરાશાને રોકવી જોઈએ. શિક્ષક બાળકને ઘણી રીતે મદદ કરી શકે છે.

તમારી પ્રગતતિ ચકાસો :- ૩

ખાસ પદ્ધતિઓ : કેટલીક પદ્ધતિઓની અસર અશક્ત/ખામીવાળા બાળકો ઉપર થાય છે તથા વાતાવરણ/પરિસ્થિતિમાં તેમની સારી પ્રવૃતિઓ માટે પ્રેરક બની શકે છે.

(૧) પરિવાર સાથે પરામર્શન

(૨) રમત પદ્ધતિ (Play Method)

(૩) યોગ

(૪) સ્વાધ્યાય, તાલીમ

(૫) સાચાં આસન કરવાની રીત

(૬) ગંભીર અશક્તિમાન લોકો માટે તબીબી સારવાર

## ૧૦.૭ સંદર્ભસૂચિ


- Special education for mentally handicapped pupils- A teaching manual1987times mirror
- Help me to help my child- Jill Bloom Brown & Co 2oo1 McGraw co
- Class management and control- A teaching skills workbook2010 journal of psychology extract author EBALY STEWART W
- DES teacher education project focus books- E C WraggNIMH PUB 1999
- Text book on physiotherapy- DSEMR course book1993 PUB NIMH
- Moving away from labels- IndumathiRao, Vidya Pramod2010 CBR PUB
- Assistive devices and therapy- book 4- FCED, course material 2009 IGNOUSTUDY MATERIAL


## ૧૦.૮ સ્વાધ્યાય

*ખાસ પદ્ધતિઓ વિશે નોંધ લખો.*